યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

દીક્ષા કોણ લે ?

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રીઃ—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૬ ઠ્ઠો. | સંવત ૧૯૮૫ ના આસો સુદ ૩ શનીવાર તા. ૫-૧૦-૨૯ | લવાજમ છુટક નકલ અડધો આનો.

## દીક્ષા કોણ લે ?

૧૯૨૭ માં જાવરા સ્ટેટમાં એક જુવાન ઓસવાળ જૈન પોતાની ૧૬ વર્ષની સ્ત્રીને અને ૬૦ વર્ષની વૃદ્ધ માતાને મુકી કુટુંબની આજ્ઞા વગર દીક્ષા લેવાનો ઇરાદો કરી ઘર છોડી ચાલી નીકળ્યો હતો. ઉપરના ખબર મહાત્મા ગાંધીજીને મોકલતાં, તેઓશ્રીએ નીચે પ્રમાણે દીક્ષા વિષયમાં વીચારો પ્રગટ કર્યા હતાઃ-

મારી ઉમેદ છે કે આ નવયુવકને કોઇ દીક્ષા નહિ આપે, એટલુંજ નહિ પણ તે પોતે જ પોતાનો ધર્મ સમજશે. નાની વયે બુદ્ધ કે શંકરાચાર્ય જેવા જ્ઞાની દીક્ષા લે એ શોભી શકે છે, પણ હરેક જુવાનીયા એવા મહાન પુરૂષોનું અનુકરણ કરવા બેસે તો એ ધર્મને અને પોતાને શોભાવવાને બદલે લજાવે. આજકાલની લેવાતી દીક્ષામાં કાયરતા સિવાય કાંઇ જોવામાં આવતું નથી, અને તેથી જ સાધુઓ પણ તેજસ્વી હોવાને બદલે ઘણાખરા આપણા જેવા દીન અને જ્ઞાનહીન હોય છે. દીક્ષા લેવી એ પરાક્રમનું કામ છે, અને તેની પાછળ પૂર્વજન્મના મહાસંસ્કાર અથવા તો આ જન્મમાં મેળવેલું અનુભવજ્ઞાન હોવું જોઇએ. વૃદ્ધ માતા અને તરૂણ સ્ત્રીનો કંઇ પણ વિચાર કર્યા વિના દીક્ષા લેનારનો એટલો નવો વૈરાગ્ય હોવો જોઇએ કે આસપાસનો સમાજ તે સમજ્યા વિના ન રહે. એવી કાંઇ પણ સંપત આ દીક્ષા લેનાર જુવાનને હોય એવું જોવામાં નથી આવતું.

પણ દીક્ષા લેવાને ઉત્સુક થઇ રહેલ જુવાનિયા દીક્ષાનો વધારે વિસ્તૃત અર્થ કાં ન કરી શકે ? અત્યારે તો સંસારધર્મ પાળનારા પણ બહુ ઓછા જોવામાં આવે છે. ઘેર બેઠા દીક્ષા જેવું જીવન ગાળવામાં કાંઇ થોડું પરાક્રમ નથી જોઇતું, અને ખરી કસોટી તો તેમાં થાય જ છે. ઘણા દીક્ષા લીધેલાને હું જાણું છું, અને તેઓ બિચારા સરળતાથી કબૂલ કરે છે કે તેમણે નથી પ્રમાદને જીત્યા, નથી પાંચ ઇંદ્રિયોને જીતી; દીક્ષા લઇને તો તેમણે કેવળ ખાવાપીવા પહેરવાની પોતાની સગવડ વધારી મુકી છે સંતોષપુર્વક પવિત્ર રહીને સત્યને જાળવીને ગરીબ ઘરસંસાર ચલાવવો, પરસ્ત્રીને માબહેન સમાન જાણવી, પોતાની સ્ત્રીની સાથે પણ મર્યાદામાં રહીને જ ભોગો ભોગવવા, શાસ્ત્રાદિનો અભ્યાસ કરવો અને યથાશક્તિ દેશની સેવા કરવી એ કાંઇ નાનીસુની દીક્ષા નથી. દીક્ષાનો અર્થ આત્મસમર્પણ છે. આત્મસમર્પણ બાહ્યાડંબરથી નથી થતું, એ માનસિક વસ્તુ છે; અને તેને અંગે કેટલાક બાહ્યાચાર આવસ્યક થઇ પડે છે, પણ તે જ્યારે આંતર શુદ્ધિનું અને આંતર ત્યાગનું ખરૂં ચિન્હ હોય ત્યારેજ શોભી શકે. તે વિના તે કેવળ નિર્જીવ પદાર્થ છે.

નવજીવન તા. ૨૮-૮-૨૭. મોહનદાસ કરમચંદ ગાંધી.

## આત્માની ભૂખ કે દેહના શણગાર ?

જડને દીક્ષાનું સ્થાન જગતમાં એટલું તો ભવ્ય છે કે, તે સ્થાને ગમે તેને બેસાડી તે સ્થાનને ભ્રષ્ટ ન થવા દઇ શકાય. આપણે સંખ્યાથી રાચવાનું નથી, સામર્થ્યથી અને ઉછાળા મારતા ચેતનથી રાચવાનું છે. બીન જવાબદાર દીક્ષાને દીક્ષા કહેનાર દીક્ષાનો દ્રોહી છે. છુપી દીક્ષાને દીક્ષા કહેનાર સમાજ વ્યવસ્થામાં સડો દાખલ કરે છે, અને જ્યારે અહીંસાના પ્રચાર અર્થે પશુબળની સહાય લેવાય, આત્મબળની ખીલવણી અર્થે સીપાઇ કે ગુંડાઓની સહાય લેવાય, આતમાર્થી જ્યારે પશુતા અને હીંસકતાના પુજારીના રક્ષણાર્થી બને ત્યારે નકી જાણવું કે. એ દીક્ષા નથી, દીક્ષાનો દ્રોહ છે; અહીંસા નથી, હીંસાની પુજા છે, અધ્યાત્મની ઉપાસના નથી, દેહના વેચાણ છે; આત્મબળની ખીલવણી નથી, પણ દેહમમતાને અંગે નરી શૈતાનીઅતની ગુલામી છે. જગતને દીક્ષા ચેલા-દીક્ષાના દ્રોહીઓની જરૂર નથી; અહીંસાને ન સમજનાર હીંસાના પુજારીઓની જરૂર નથી. કાયર દેહવેચુની આવશ્યકતા નથી; પશુબળના રક્ષણાર્થી આત્માર્થીઓની આવશ્યકતા નથી. જ્યારે અજ્ઞાનોને દીક્ષા આપવામાં આવે છે, ત્યારે સમાજ અધોગતીને માર્ગે ઉતરી પડે છે, ચેતન અને ધર્મને સ્થાને જડતા અને નીર્બીર્યતા પોષાય છે. તેનાં પરીણામ ગંભીર આવે છે. દીક્ષા એ આત્માની ભૂખ છે, દેહના શણગાર નથી.

" ક્રાન્તિ. "

## પાટણના શ્રી જૈન સંઘનું સ્તુત્ય પગલું.

પાટણ જૈન સંઘે અયોગ્ય દિક્ષા વિરૂદ્ધ નીચેનો ઠરાવ ઘણી મોટી બહુ મતીથી પસાર કર્યો છે.

હાલના આલુ સંજોગોની અંદર જે કોઇ માણસને દિક્ષા લેવાની ઇચ્છા હોય તે માણસે એક મહીના અગાઉ જાહેર છાપાઓમાં જાહેર કરવું જોઇએ અને તેની સાધુ થવાની લાયકાત માટેની ખાત્રી પછી પાટણ સંઘની સલાહથી તેને દિક્ષા આપી શકાય જે કોઇ આ ઠરાવની વિરૂદ્ધ વર્તન કરે અને જે કોઇ તે કામમાં મદદ કરે તે સંઘનો ગુન્હેગાર ગણાશે.

શેઠ પોપટલાલ હેમચંદ નગરશેઠ સંઘપતિ. તથા બીજા શેઠીઆની સહીઓ છે.

# મુનિ રામવિજયજીની પ્રતારણા.

પ્રવચન અંક ૧૪ ના "સમ્યકત્વનું સંરક્ષણ" એ હેડીંગ નીચે લખે છે કે—"ભગવાન્ શ્રી મહાવીરદેવની આજ્ઞા આ જમાનામાં નહિ ચાલે"—એ જૈન પણાનું ભયંકર લીલામ છે. આમ લખીને મુનિજી જનતાને કેવા ઉંધા પાટા બંધાવે છે! આ જમાનામાં પ્રભુની આજ્ઞા નહિ ચાલે એવું કહ્યું છે કોણે? એકાદ દાખલો બતાવશો કે કેવળ હૃદયનો ઉકળાટ વમવા જશો? પ્રથમ પ્રભુશ્રીની આજ્ઞાઓ કઇ કઇ છે તેનો તો નિર્ણય કરી દેખાડો. શાસ્ત્રમાં એકાંતે કોઇપણ વાત કહી નથી છતાં, તમારે કેવળ અપવાદ માર્ગનું અનુકરણ કરી 'પ્રભુનામે' નાવડી હંકારે રાખવી છે એમજ ને? શ્રીવીરની આજ્ઞા તો સૌને શીરોધાર્ય છે બાકી એકલા સાગરજી કે એકલા રામવિજયજી જ્ઞાનના અજીર્ણમાં ગમે તેમ કહી નાંખે તેને 'પ્રભુઆજ્ઞા' તરિકે સૌ સ્વીકારવા આજે તૈયાર નથીજ. આગળ લખે છે કે—'પ્રથમકાલ તેમાંયે હુંડાવસર્પિણી કાળ, કૃષ્ણ પક્ષીયા જીવ, એનું મોટું ટોળું, એની છાયા" એનાથી પોતે બચવું અને અન્યને બચાવવા એ નાની સુની વાત નથી. જ્યારે વસ્તુસ્થિતિ આમજ છે. અને તમો અમો એવા સમયમાંજ જન્મ્યા છીએ તો પછી આટલો આડંબર શાને! "વીરના શાસનમાંથી રાજીનામુ આપો" એવો વૃથા બકવાદ કયા આધારે! અમુક અગર અમારી હાજી હા ભણનારજ સમ્યકત્વી બાકી બધા દુર્લભ બોધી, શાસન દ્રોહી એ બધું કયા જ્ઞાનના આધારે બોલાયું જાય છે એનો જરા વિચાર કરશો? એથી શાસનની સેવા થાય છે કે અપભ્રાજના! જ્યારે વાત "નાનીસુની નથી તો પછી એનો અમલ સમજાવટને શાંતિથી થાય કે" ધમપછાડા, આડંબર અને બીજાને ઉતારી પાડીને? જમાનાના નામે કોઇએ પણ હજી પ્રભુના સિદ્ધાંતો ફેરવવાની વાત કરી નથી. કોઈ "જ્ઞાન-દર્શન-ચારિત્રાણિ મોક્ષ માર્ગ" એ સુત્રને બદલે અજ્ઞાનં આદિથી મોક્ષ માર્ગ બતાવતો નથી. ખુદ પ્રભુનુજ વચન છે કે 'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ' ને લક્ષમાં લઇ ગીતાર્થીએ વર્તવું. એને આશ્રયી કેટલાક મહાત્માઓ તથા વિચારકો સાધ્યને કાયમ રાખી સાધન ધર્મોમાં ક્રિયા પ્રથાઓમાં ઘટતી સુધારણા કરવાનું કહે છે. આવી સરળ વાતને 'આજ્ઞાની અવગણના' નું રૂપક આપનાર મુનિજી, તમો અંતર ઉપર હાથ મુકીને વિચારી જો જો કે એ એક પ્રકારનો 'દંભ' નથી? આત્મિક બળની મોટી મોટી વાતો કરનાર લજ્જાવાથી પોલીસના પહેરા હેઠળ સરિયામ રસ્તે જાય, ક્ષમાની વાતો કરે છતાં વાત વાતમાં ઉશ્કેરાઇ જાય, 'વિનય નથી વસ્તુતઃ જ્ઞાની નથી' જેવું વાક્ય લખે, છતાં પોતાથી વય, દીક્ષા પર્યાય, જ્ઞાન, ગુણ, અને પરંપરામાં પણ અધિક એવાનો વિનય સાચવવાની વાત તો દુર રહી. પણ તેમના ઉપર ધર્મના ઉપદેશ કાળે પણ હૃદયનું વિષ ઠાળવ્યા વગર ન રહેવાતુ હોય તેમ 'આક્ષેપો' કર્યા જાય એને 'સાચો ધર્મ' કહેવો કે 'નર્યો વાણી વિલાસ!' 'ઉદાયનની વિચારણા' માં 'આ જગતમાં તેઓ ધન્ય છે કે જેઓએ બાળપણામાં શ્રી જિન દીક્ષા પ્રાપ્ત કરી છે, કારણ કે તેઓ જીવોને કર્મ બંધના કારણ રૂપ થતા નથી.' આ શબ્દો કાળા ટાઇપમાં મુકયા છે. આમાં કોને વાંધો હોય! બાળપણમાં દિક્ષીત થનાર હેમસુરિ જંબુસ્વામી કે વજસ્વામી માટે અમોને અપૂર્વ માનજ છે. પણ એનો અર્થ એતો નહીંજ કે આજકાળના ઉઠાવગીરની કોટિમાં બેસનારા સુગ્રીવ કે ચિત્તવિજયજી જેવા સાધુ વેશને કલંકીત કરનારા માટે ધન્યવાદ હોય! જરા વિચારોને કે 'ઉદાયન' ની ભાવના સાથે તમારા કાર્યનો મેળ ખાય છે ખરો? જરા કાંતીલાલને રતિલાલની દિક્ષાના પ્રસંગો યાદ કરી જશો એટલે 'કર્મબંધના કારણ રૂપ થતા નથી કે થાય છે' તેનો ખ્યાલ આવશે. પણ 'હું કહું તે સાચુ' એ રૂપ ઉંધા ચશ્મો ઉતારશો તોજ સત્ય સમજાશે. દિક્ષા માટે, કે આઠ વર્ષની વય માટે, અગર પૂર્વ કાળમાં અપાયેલી નાની વયની દીક્ષા માટે આજે કોઇને વાંધો કે વિરોધ નથી. શાસ્ત્રના નિયમ અને પૂર્વાચાર્યોની શક્તિ માટે બહુમાનજ છે. વાંધો તો તમારા જેવાના ઉતાવળીયા અને અયોગ્ય સ્થાને પહેરાવાતા વેશ સામે છે કે જેઓ વ્યવહારિક સમજ શક્તિને નેવે મુકી, પૂર્વકાળના જેવું ચારિત્ર કે શક્તિનો પોતાનામાં અભાવ છતાં આજે સ્વમતિ અનુસાર શાસ્ત્ર વાકયોનો અર્થ કરી, માત્ર શિષ્ય સંખ્યામાં વૃદ્ધિ કરવા સારૂ જે આવે તેને મુંડી નાખવાના ઉપદેશો આપી રહ્યા છે! આજે નહિતો ભવિષ્યમાં એકવાર જરૂર નિર્ણય થશેજ કે 'પ્રભુશ્રીની ખરી આજ્ઞા પાળકતા કોનામાં છે? આજે મોઢેથી શાસન પ્રેમીનો દાવો કરતા છતાં ઠેર ઠેર ધર્મની હેલના, ને કલેશની હોળી સળગાવનારામાં કે મૌનપણે શાંતિથી બોધ આપી, ઉપસ્થિત થયેલ આ દુઃખદ પ્રસંગ ક્યારે વિખરાઇ જાય એની સતત્ પ્રાર્થના કરનારામાં?

## સુગ્રીવવિજય ઉર્ફે ગુણચંદ પાછો સાધુ થશે?

મુનિ રામવિજયનો એક શિષ્ય નામે સુગ્રીવ વિજય થોડા વખત ઉપર સાધુવેશ છોડી નાસી ગયો હતો, તે સુવિદિત છે. તેના સંબંધમાં પાલનપુરના ભાઇશ્રી મણીલાલ ખુશાલચંદ પરીખ તથા તે સુગ્રીવ વિજયના એક સગા દોશી રતિલાલ પ્રેમચંદ તરફથી જે હકીકતો છપાઇ બહાર આવી છે તે ઉપરથી તે ગુણચંદ એક અઠંગ ઉઠાવગીર અને બદમાશ હોય તેમ જણાય છે. દીક્ષાઘેલી મુનિ રામવિજયની અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિનો આ એક અજોડ નમુનો છે. એવા માણસને ફરીથી સાધુ બનાવવામાં આવે તો તે ભાગવતી દીક્ષાને કલંક રૂપ નીવડશે. અને દુનીઆમાં જૈન સાધુ સંસ્થાને હાંસીનું પાત્ર બનાવશે. રા. મહાસુખભાઇ ચુનીલાલ આ સંબંધમાં લખે છે કે:—

આ તે રામવિજયજી અને તેમના ભકતો શો ધંધો લઇ બેઠા છે તે સમજાતું નથી. આવા ચોર માણસને દીક્ષા આપી સાધુ બનાવે તેથી જૈન સમાજનો શી રીતે ઉધ્ધાર થવાનો છે? વળી તેવો ચોર સાધુ નાશી જાય છે તેને પાછો બેલાવી લેવાની ચાલબાજી ચલાવે છે. આવા પતીત સાધુને પાછો સાધુ બનાવવામાં આવે તો તે શું વંદનાને પાત્ર ગણી શકાય? શરમ છે આવા સાધુઓને અને તેમને દીક્ષા આપનારને. ગઇ સાલના ઉંઝામાં પતીત થયેલા તીર્થવિજયને બદકામ માટે તેમના ગુરૂએ સંઘના કહેવાથી કાઢી મુકેલો, તેને પાછો અમદાવાદમાં કોઇ સાધુએ ફરી દીક્ષા આપી ચેલો બનાવી પોતાની સેવામાં રાખી લીધો છે. આવા સાધુઓથી ઓમારૂં શું કલ્યાણ થવાનું છે? આવા દુરાચારી, ચોર અને દુર્ગુણી માણસોને દીક્ષા આપવાથી અને પતીત થયેલાઓને પણ ફરી દીક્ષા આપવાથી સાધુ સંસ્થામાં સડો દાખલ થયો છે. આ સડો વધતો જાય છે અને સાધુ સંસ્થાને પડતીનાં પંથે ઘસડી જાય છે.આવી અયોગ્ય દીક્ષાઓ જ્યાં સુધી નહીં અટકે ત્યાં સુધી સુધારાની આશા રાખવી નકામી છે. દુર્ગુણોથી ભરેલા માણસને કમડો પહેરાવી ઓઘો આપવાથી તે પવિત્ર થતો નથી.

# સાચી દીક્ષા

અથવા

## પ્લેગનાં જંતુઓ સામે લાલબત્તી !

(લેખક : શ્રીમાન્ ઓઘાચાર્યજી)

## બે શબ્દ.

પવિત્ર દીક્ષાને નામે સમાજમાં આજે કંગાળ તરગાળાઓનું જેતાંડવ નૃત્ય ચાલી રહ્યું છે. એ દૃશ્ય જોઇ કયા પાષાણહૃદયી જૈનના અંતરમાંય વેદનાની આગ નહિં લાગી હોય !

એક વેશધારી નવનવ વર્ષનાં ભોળાં બાળકોને પ્રપંચપૂર્વક ભગાડી, સંતાડીને મૂંડી નાંખી સાધુની જમાત ભેગી કરવામાં ધર્મનો સિદ્ધાંત બતાવે છે ! તો બીજો વેશધારી ભરયુવાનીનાં આંગણે ઉભેલી આશાભરી યુવતિના હાથમાંથી તેનાં પતિને છીનવી લઇ, રડાવી, વિલાપ કરાવી, પુરૂષને દીક્ષાનો ડાંડો પકડાવવામાં આધ્યાત્મિકતા (!) માને છે. તો વળી ત્રીજો તરગાળો એ પરાણે મૂડેલા દીક્ષીતને સાચવી રાખવા, સાધ્વીનાં કપડાં પહેરાવી (મર્દને ઓરતનાં વાઘા ઓઢાડી) સાધ્વી પાસે સેવા (!)—અનાચાર કરાવવામાં 'શાસનડો' નાં પ્રમાણો આપવાની બેવકુફી બતાવે છે ! તોબાહ છે !

જૈનસમાજ ! જીવન જેવી જો કોઇ વસ્તુ સમાજમાં સીલીક રહી હોય તો પ્રેમપૂર્વક પૂછું છું કે એવા પાગલખાનાના ઉમેદવારોને હજુય કયાં સુધી ઉપાશ્રયની પાટો પર સમાજ નિભાવશે ?

ધર્તીંગોની આગમાં ધર્મની મનોહરતાજ બળીને ખાખ થાય તે પહેલાં આવતી કાલનાં નવયુવાનોએ આ પ્રશ્નનો ફડચો કરવોજ પડશે ! અસ્તુ.

આ લખાણ
અર્પણ
હો !
એ
અઢારમી સદીના
અક્કલમંદ
આદમ બાવાજીઓનાં
અંતરને !
*
કે
જેમની વિવેક દૃષ્ટિ દીક્ષાના સન્નેપાતમાં
ભ્રષ્ટતાનો અંચળો ઓઢી બેઠા છે.
*
'સાધુ આશ્રમ' જેવા પવિત્ર ને શીતળ સ્થાનને
જેમણે
કલેશકંકાસનું કુરૂક્ષેત્ર બનાવ્યું છે.
અને
જેની Common Sence સામાન્ય બુદ્ધિ
બેવકૂફીનાં જાળાંમાં
અટવાઇ ગઇ છે
તેવા
બાળ દીક્ષાપ્રિય !
શાખવિજયો કે ધૂમવિજયોને
સરણે
સાગ્રહ
ભેટ——લેખક : ઓઘો.

દીક્ષા !
અહો ! કેવો સુંદર ને પવિત્ર શબ્દ !
કેટલો ઉન્નત ને ભાવનાવાળી એ શબ્દ છે !
એની ભીતરમાં કેવાં ભાવો છૂપાયા છે !
વાહ ! એના ઉચ્ચારમાંય
કૈં કૈં મધુરી સ્મૃતિઓ જાગે છે.
અંતરમાં આનંદના ઉછાળા આવે છે,
અનેરી ભાવનાના અમૃતજળ ઉભરાય છે.
રે ! દીક્ષા ! દીક્ષા ! ત્હારી મોહિની મહાન્ છે.

*   *   *

દીક્ષા !
પણ.........ઓ પવિત્ર
પસુંદરી દીક્ષા કુમારી ! આત્મીક સુંદરી !
આ યુગનો પયગામ સાંભળજે !
**ત્હારા પવિત્ર હૈયાભારને કોમળતાથી જાળવજે !**
ત્હારી રૂપરાશીને ચતુરાઇથી સંભાળજે !
સૌંદર્યને સાવચેતીથી નિભાવજે ! ઓ સુંદરી !
પવિત્ર બાળા ! સાંભળ !
ગાંડા ને ગોબરાં,
મેલા ને ઘેલા, લૂલા ને લંગડા,
કાણાં ને કુબડા કંથોનો જગતમાં તોટો નથી.
રૂપસુંદરીને પરણવા ચાહતા
કદરૂપા કામીઓની આજે ખોટ નથી.
પ્રેમ—હૃદયનો પ્રેમ નહિં,
પણ 'કામ' આજે પરણવા દોડે છે.
**અંતરની દીક્ષા નહિં, પરંતુ**
**વર્તમાનમાં તો વેશની દીક્ષા લેવાય છે.**
ને ભીક્ષાનાં તોલડાં ફેરવાય છે !
તો સંભાળજે !
ધર્માંધ કામીઓથી ચેતજે !
ધર્મના વેશમાં ધાડપાડુઓ આવશે !
તો ચેતજે !
નહિંતર...............!
આ જગતના અનેક આખલાઓ
ત્હારી હરીયાળી સૌરભભરી કુંજોને બાળશે ! !
ત્હારા ઉચ્ચ આદર્શોને અભડાવશે,
ત્હારી પવિત્રતાને છડેચોક લૂંટશે !
**રે ! ત્હારા શીલની સાથે શૈતાનીયત ખેલશે.**
ઓ સુંદરી !
ત્હારી મનોહરતા પર મોતના દૂતો બેસાડશે !
અને ત્હારા ગૌરવવંતા, સુંદર, ને શીતળ
પવિત્ર ને ભવ્ય,
નિર્દોષ ને આનંદી આશ્રમમાં
સાધુતાના વેશમાં દુર્જનતાની દુર્ગંધીઓ ફેલાવશે !
અરે ! ત્હારી અમૃત વાડીમાં ઝેરનાં પાણી ફરી વળશે.
ચેતજે ! સુંદરી ! ઓ પવિત્ર દીક્ષા કુમારી !

*   *   *

કુમારી ! ત્હારૂં સાચું સ્વરૂપ દર્શાવવા
સૌતીને પ્રચંડ સૂરે
પવિત્રતાના ભવ્યોધ પ્રતાપ સહિત

જગત આખાને સંભળાવજો,
ઘેર અવાજે ધર્માંધોને સમજાવજો......કે......
ભો: ! ધર્મના ઇજારદારો !.........
સબુર કરો ! શાંત થાવ !
અને જરા દૂર હો ! દૂર હો !
**અંતરનાં મેલોથી ઉભરાતાં-અને ઓઘો લઇને દોડતાં જંતુઓ,**
આ કુમારીકાને સ્પર્શતા પહેલાં દૂર હો;
શાનો કોલાહલ મચાવ્યો છે ?
ઓ ધર્મ ઘેલડા ગેંડાઓ ! શું દોડો છો ?
કયાં દોડો છો ? શાને દોડો છો ?
તમારી લાયકાત શી છે ?
ઓ મનુષ્ય રૂપે દેખાતા એકેન્દ્રીય પ્રાણીઓ !
તમારી જ્ઞાનચક્ષુઓ ખોલો !
**'દીક્ષા' ને નામે આ શું ભવાઇ આદરી છે ?**
"ધર્મ" ને નામે આ બધાં તોફાનો ખેલી કંગાળ વેશો એક પછી એક શાના આવે છે ?
તરગાળાઓ કયા આદર્શ પર તામડધીન્ના કરે છે ?
રે ! રે...................
દૂર હો ! દૂર.........દૂર.........
મ્હારા **પવિત્ર આશ્રમને અભડાવો ના !**
મ્હારા નામને, ઓ ધર્માંધ ઘેટાઓ !
કૃપા કરી બદનામ કરો ના !
"દીક્ષા ! દીક્ષા !"
ઓ ભીક્ષા માગવાનેજ ભેગાં થયેલાં ટોળાંઓ !
શું બકો છો ? શું "શ્રીમુખે વદો છો ?"
હં.............કહો ! કહો !
એજ ને ? કે દીક્ષા એટલે 'ધડમ' નું કાર્ય !
**વાહ ! ધર્મીઓની શીકલો !**
'ધડમ' ને નામે પારકે ઘેર 'ધાડ' પાડવી,
'ધડમ' ને નામે 'છોકરાંઓ' સંતાડવા,
'ધડમ' ને નામે જૂઠ ને પ્રપંચો ખેલવા,
એજ તહમારી માનેલી દીક્ષા ને ?
રે ! ગમારો ! ભૂલો છો !
ભૂલો છો ને ભૂલાવો છો !
પતનના પંથે પડો છો !
ને અંધ 'ભગતડાઓ' ને પાડો છો !
બચો ! રે બચાવો !
ધર્મનાં નામે ધતીંગો ના ચલાવો !
પ્રભુ ! તહમારૂં કલ્યાણ કરશે, બચો તો !

* * *

ઓ અનેક ગુણ્ણા (!) ના લંકૂલો ! આપ.........
'દીક્ષા' શબ્દ બોલતાં પહેલાં
દીક્ષાની પવિત્રતાને કદીયે સમજો છો ?
'દીક્ષા'નું સાચું રહસ્ય ભૂલી
આત્માને મારી મુડદાંને કાં ચૂંથો છો ?
એ લાખ્ખોની જવાહીરાત
ઓ દુર્મતીયા દીક્ષાંધો !
આમ બકાલાને ભાવે કાં વેચો છો ?
તહમારી ભવ્ય આત્માની શક્તિઓ
આમ કલેશરૂપી ગટરમાં કાં વહાવો છો ?

* * *

**દીક્ષા ! દીક્ષા !**
**એ કાંઇ બજારૂ વેશ્યા નથી**
**કે ગમે તે હાલી મવાલી**
**તેનાં અંગોને આસાનીથી અડકી શકે,**
દીક્ષા ! દીક્ષા !
એ તો પવિત્ર ને ગૌરવવંતી કુમારિકા છે.
એના કૌમારને કોણ અડકી શકે ?
એની પવિત્રતાને તો પવિત્રતાજ પરણી શકે,
યુવતિને યુવાનજ વરી શકે !
બાળુચક બાળકોના એ ખેલ નહિં.
ધર્માંધ કામીઓનું ત્યાં કામ નહિં !

* * *

**અને શાંતચિત્તે સાંભળો !**
**હૃદયનાં વૈરભાવો શમાવી**
**અંદરની ઉચ્છૂંખલતાને દબાવી,**
**ધર્માંધતાનાં ફુવારા પર 'વિવેક'નો ડાટો મારી**
**સજ્જનતાપૂર્વક શાંતચિત્તે સાંભળો !**
અહંનાં તેલમાં બોળી
કાનમાં ઘાલેલા 'હઠીલાઇ'નાં પૂંભડાઓ કાઢી
સાંભળો !
બારદાનમાંથી બુદ્ધિ ચાલી ન ગઇ હોય,
ખોપરીમાંથી ઘમંડ દૂર થયું હોય,
જીભમાંથી 'ઝેર' ઉડાડવા,
અને હૃદયમાંથી દીક્ષા માટે પ્રપંચો કરવા બંધજ કરવા હોય તો સાંભળો !
**श्रूयताम् ! श्रूयताम् ! भो ! धडम (!) पुत्रो !**
સાંભળો
આપ જે માનો છો.........તે.........
**દીક્ષા એટલે શીરમૂંડનની માત્ર ક્રિયા નથી.**
**દીક્ષા એટલે ભીખવાનો માત્ર ધંધો નથી.**
**કે સાધુવેશ પહેરી શઠતાનો પરવાનો સજી**
**ગમે તેમ નાચવાની કે**
'ઇંડા ચટણી'ઓનાં ચેલાઓને સ્વાદ ચખાડી
**ફાવે તેમ ભસવાની ભવાઇ ક્રીડા નથી,**
પરંતુ ઓ મોહાંધ ઘેટાઓ !.........
તહમારા આત્મમંદિરમાં
જરા સ્થીર થઇ સાંભળો !
સ્વર્ગની અપ્સરાઓની લાલચમાં
ધર્મની પવિત્રતાને અભડાવતાં અટકી જઇ
સાંભળો ! કાન હોય તો ખુલ્લાં રાખીને...............
........................................સાંભળો ! છો !
**દીક્ષા એટલે ?**
**આત્માને 'આદર્શ' નાં મંદિરે સ્થાપવાની ક્રિયા.**
સ્વભાવની કડવાશ કાપી ચિરકાળ
મધુરતા પીવી ને પાવી એ છે તેનું પચ્ચખ્ખાણ !
અશાંતિના ભડભડતા દાવાનળોમાંથી દૂર થઇ
શાંતિની શીતળ અમૃત સરિતામાં વહેવું
એ દીક્ષાનો મહા આદર્શ છે !
વેર ઝેરનાં ફુવારાઓ અંતરમાંથી બંધ કરી
સાત્વિકતાની-સમાનતાની ચાંદનીમાં વિચરવું
એ છે દીક્ષાનો વિહાર ! પ્રગતિ પ્રવાસ !

કાળામાંથી ધોળા થવું એ તેની પ્રતિજ્ઞા!
ખારામાંથી મીઠાં થવું એ તેની મનોદશા!
દુર્ગંધીઓ દૂર કરીને સુગંધીઓ પ્રસારવી
એ દીક્ષીતનું હોય મહાન પરીવર્તન!
પાશવતા છોડીને સાચી માનવતા સજવી,
અને માનવતા–પર–'દૈવત્વ'નો ઓપ આપવો,
ભોગની ભાવનાઓ તજી
ત્યાગનાં નિર્મળ પ્રદેશે વસવું,
અને હરનિશ આત્મોદ્ધારનાં માર્ગે
આગળ! આગળ ધપવું એ છે દીક્ષાનું કાર્ય!

* * *

**એ દીક્ષા એટલે!**
એ ભૂલેલા વેશધારીઓ!
**એદીઓનો અખાડો જમાવનારી**
**કોઇ શાસ્ત્રકારે રચેલી 'સ્કીમ' નથી; હાં!**
**કે ખોડાં ઢોરોને સંગ્રહવાની**
**એ ગંધાતી પાંજરાપોળ નથી,**
પરંતુ જનસમાજ કરતાં વિશેષ શક્તિ ધરાવતા
વીરપુરુષોનું વિકારોને હરાવવાનું એ સંગ્રામ સ્થાન છે.
આત્મ સૌંદર્યના શીતળ રસભર્યાં
ઝરણાંઓ જીવનમાં વહાવવા તેજ સાચી દીક્ષા છે.
સમસ્ત જીવન પ્રદેશે ચારિત્રનો પ્રકાશ પાથરી
સાત્વિકતાભર્યાં જ્ઞાનની તેજસ્વી મશાલ લઇ
આત્માને પરમાત્માનો રંગ આપી.
પરમ શાંતિના પાન કરવા તે દીક્ષા છે!

* * *

દીક્ષા એ તો દીલનો ગુલાબી રંગ છે.
આત્માનું મીઠું અમૃત છે.
એ કાંઇ માત્ર વેશનો વિષય નથી,
એકલો વસ્ત્ર પલટો નથી,
એકલું ક્ષણિક દુઃખથી નાસી છુટવાનું પરિણામ નથી!
કે માત્ર તરંગી અધ્યાત્મ દશા (!) નથી
પરંતુ જીવનને નવગુલાબી રંગ આપવાની,
જુના ખોખાને નવા શ્વાસ, નવા પ્રાણ
ને નવી દ્રષ્ટિથી ઓપવાની પરમ તાલીમ છે.

* * *

આ દીક્ષાનો મહાન્ આદર્શ કોણ સમજે છે?
કે દીક્ષા એટલે?
પવિત્રતાની લહરીઓમાં સદા વિચરવું,
ક્ષમાની ઉદાર ભાવનામાં ઉડવું,
સંસારનાં ખળખળતાં આડંબરો તજવા,
મિથ્યા મોહ ને દંભો છોડવા,
'જયણા' પૂર્વક 'જીવન' વિતાવવું,
**વિચારપૂર્વક વાણી ઉચ્ચારવી,**
**પોતાના જીવન કૃત્યોપર કરડી નજર રાખવી,**
અને સંયમનો મજબુત અંચળો ઓઢી
આત્માને નિશદીન જાગ્રત રાખી
ત્યાગની ઝડીમાં સદાય
જીંદગીનાં વિકારો અને કુચિંતકોને ભસ્મ કર્યાં કરવા
એ દીક્ષાનો મહા મોંઘો બોધપાઠ છે.

* * *

સાચી દીક્ષા એટલે
સાધવાની આત્માને સાધવાની સુંદર ક્રિયા!
સાધનાના શીખર પર ચડવાની શરૂઆત
એ છે દીક્ષાનું મંગળાચરણ!
આત્માના પૂર વૈભવથી,
દુનિયાને ઇર્ષ્યા થાય એવું મનોહર જીવન
જીવવાની કળા તે દીક્ષા!
જીવનની પ્રત્યેક પળને
'પરમ આદર્શો'ની શોધમાં રોકવી તે દીક્ષા!
આત્મ દર્શનની ઝંખના જગાવી,
**અને આત્મઝરામાં 'સમભાવ' પૂર્વક રમણ કરવું,**
**એ છે પરમ પવિત્ર દીક્ષા!**
દીક્ષા! દીક્ષા! એ સાચી દીક્ષા!
એ આત્માને ઉર્ધ્વગમનનાં માર્ગે લઇ જાય,
દીલની ભાવનાઓને ઉન્નત કરે!
અંધારામાંથી રોશનીમાં ખેંચી જાય
અને ઇંદ્રોનાં ઐશ્વર્યને ય શરમાવે
તેવું સાદું, સીધું છતાં ત્યાગી, તેજસ્વી
સ્વર્ગીય જીવન જીવવાનું શીખવે તે દીક્ષા!
આ દીક્ષાનું મહાત્મ્ય મહાન છે!

* * *

**જ્યાં જ્યાં સાચી દીક્ષા**
**ત્યાં ત્યાં ભવ્ય શાંતિનાં ધામ હોય,**
ત્યાં ત્યાં સમતાના સાગરો ઉછળતા હોય,
ત્યાં ત્યાં વિવેકની ગંગાઓ વહેતી હોય,
ત્યાં ત્યાં પ્રેમનું સિંચન થયું હોય,
ત્યાં ત્યાં આત્માનું અમૃત વહીને
સમભાવભરી દ્રષ્ટિ સ્થપાય!
રે! જ્યાં જ્યાં સાચી દીક્ષાના મંડપો રચાય
ત્યાં ત્યાં અંદરના ઉકળાટો શમી જઇ
મનુષ્યોને હિમ જેવી ઠંડક મળે! અને
આસપાસની ઉપાધીઓ વિરમી જઇ
'મસ્ત' દશામાં લ્હેરપૂર્વક
'દીક્ષીતો' મ્હાલતા ફરે તે છે સાચી દીક્ષા!

* * *

સાચી દીક્ષા તો આંબાના છાયા જેવી શીતળ હોય,
થાકેલા જગતનો વિસામો હોય,
અખંડ તૃપ્તિનું સાધન હોય,
અહો! દીક્ષા એ તો મધુરતાનો મહાસાગર હોય!

* * *

એ દીક્ષા! ત્યાગ!
એ તો સ્વયં દોડતાં આવે!
અંદરની 'ખળભળાટી' ના પરિણામ રૂપે
એ ત્યાગની પ્રેરણા આપે.
દીક્ષાની સ્વયં આત્મામાં 'ઝણઝણાટી' થાય.
ઉગે! ખીલે! ને-નીકસે!
એ છે સાચી દીક્ષા!
અને એજ છે સાચો દીક્ષીત!

* * *

દીક્ષા આપનારે
જીવનને સમતા અને શાંતિનાં ઉજ્વલ પ્રકાશથી રંગેલું હોય,
ને દીક્ષા લેનારમાં
જીવનને 'દીવ્ય' બનાવવાનાં ઉમળકાં હોય
તો !
અને તેજ
સાચી દીક્ષા સમજુઓ લઇ શકે.
ને દીપાવી શકે !
એ ખાંડાની ધાર પર ચાલવાનાં
બાળકો કે બજુગકનાં કામ નહિં !
ત્યાં તો વીરોજ જીતી શકે ! વીરોજ દીક્ષા લઇ શકે,

* * *

જે દીક્ષા દુનિયાને નવા આદર્શો આપે;
જગતનાં ભંડારમાં સુંદર ફાળો અર્પે.
અને જીવન પર કેટલીય આશાભરી,
ઉજ્વલ પવિત્રતાની નિશાનીઓ મૂકે તેજ
સાચી દીક્ષા !

* * *

**સાધુતા એજ જેનું જીવનસૂત્ર હોય.**
**અને આત્મકલ્યાણ એજ જેનાં**
**નાભિકમળનો ઉમલકો હોય,**
**દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ને ભાવનું જ્યાં ભાન હોય,**
**ને પરમ વિશાળતા એ જેનો શ્વાસ હોય,**
**તેજ સાચી દીક્ષા !**

* * *

હરનિશ પોતાની 'અપૂર્ણતા' ને 'પૂર્ણતા' કરવા તલ્પે,
જગતનાં વિષને શાંતચિત્તે પી જઇને
અમૃતનીજ માત્ર વૃષ્ટિ કરવાની તાલીમ આપે,
અને પ્રેમને ત્યાગનાં પુસ્તકો વાંચતાં વાંચતાં
શાંતિનાં–સમકિતનાં ઉપાશ્રયમાં સ્થાપે
તેજ સાચી દીક્ષા !
આત્મ–સ્વરાજ્યનો આનંદ લૂંટવા જે દોડે,
**'સમતા' ની શક્તિ મેળવી ક્રોધપર કાબુ મેળવે,**
માનસિક ને વાચિક દોષો હણી
આત્મબળ ખીલવીને
આત્મ સંશોધન કરવા જે ગુંથાઇ રહે
તેજ સાચી દીક્ષા !

* * *

જે દીક્ષાથી અંતરનાં અક્ષરો ઉકેલી શકાય
વિશ્વપ્રેમની દૃષ્ટિ સાંપડે,
નિજાનંદમાં સ્થીર રહી
કલેશ માત્ર પર 'જય' મેળવવા મથાવે
તે સાચી દીક્ષા !

* * *

અને સાચી દીક્ષા એજ છે કે
જે દીક્ષીતનાં વચનમાં મધુ મૂકે ને
અધરમાં સુધા સીંચે !
અપકારનો બદલો ઉપકારથી વાળતા શીખવે,
અને રાગ દ્વેષની મોહ જાળો છેદાવી
પરમાનંદની પ્રાપ્તિમાં ઉડાડે તે સાચી દીક્ષા !

* * *

આથી આપણી આંખો 'શુભદર્શી' બને.
બીજાનાં દોષો જોવાની પ્રકૃતિને બદલી નાંખે !
અને પોતાના જીવન કૃત્યોની નોંધ રાખી
ભૂલોને માટે પ્રાયશ્ચિત કરાવી
**'उत्कृष्ट मंगल'** માર્ગમાં સ્થાપે તે સાચી દીક્ષા

* * *

'ગુણસ્થાનકુમારોહણ' માંજ પ્રગતિ સમજી
સમ્યક્ જ્ઞાન, દર્શન ને ચારિત્રને નજર સામે રાખી
'દિવ્ય જીવન' ઘડવાને
જે સ્હાય કરી શકે તે સાચી દીક્ષા !

* * *

આત્માને સ્ફટીક શો ઉજ્વલ બનાવે !
વિચારોને સદા વિશુધ્ધિનો રંગ આપે !
ભાવનાને વિવેકનો પ્રકાશ બતાવે !
અંદરનાં અહંકારને મારી
દુનિયાનાં વિખવાદોમાંથી ઉપાડી જઇ
આપણાં ચિત્તને આંતરાભિમુખ બનાવે.
તેજ સાચી દીક્ષા !

* * *

**ભેખનાં પડછાયા જ્યાં જીવન પડે.**
'ભગવ'નો વેશ 'વૈરાગ્ય'ની સાચી દૃષ્ટિ આપે.
મનથી ને અંતરથી સાધુ બનાવે,
અને શાસ્ત્રોનાં સૂત્રો–શબ્દો ઉપરથી
તત્વનો નિર્ણય ગમે તેમ કરી નાંખવાની
બાલીશતાથી બચાવે !
એવા ભયંકર 'મિથ્યાત્વ'થી બચાવે.
ધર્મનું સાચું રહસ્ય સમજાવી
સાક્ષાત્ ધર્મની પવિત્ર સુંદર
શીતળ ને નિર્મળ મૂર્તિ–માનવની ઘડે,
તે સાચી દીક્ષા !
આ દીક્ષાનો આદર્શ મહાન છે !
આ દીક્ષાની ભાવના ભવ્ય છે !
કલ્યાણ !
કલ્યાણ !
**સાચી દીક્ષાથી તો કલ્યાણ–થાય !**
**આનંદ, શાંતિ ને મધુરતાની**
**ગંગાઓ વહીને**
**જગતનાં વાતાવરણને,**
**મનુષ્યોની હૃદય ભૂમિકાને**
પવિત્ર............ફળદ્રુપ બનાવે
એ દીક્ષા !
સાચી દીક્ષાનો જય હો !
જય હો !

* * *

અહા હા !
સાચી દીક્ષા ! ત્હારું પવિત્ર સ્વપ્ન ક્યાં છે ?
ત્હારી ઉજ્વલતાપર આજે
પાગલો પાણી ફેરવે છે.
છોકરડા બુદ્ધિનાં સાધુઓ
ત્હારી સુંદરતાપર કાળાશ પાથરે છે.
ઓ દીક્ષાકુમારી ! પવિત્ર સુંદરી !

# વીસમી સદીના વીરપુત્રોને હાકલ.

## પદભ્રષ્ટ કરો.

સનાતન સત્ય મુજબ જુનાપુરાણા રીતરિવાજોમાંથી જ્યારે મુલ ઉદ્દેશો અદૃશ્ય થાય છે અને આચારો માત્ર ખોખા જેવા રહે છે ત્યારે નવયુગની ભાવનાવાળા નવયુવકો, નેતાઓ અને મહાત્માઓ તેમાં સુધારો કરીને મુલ ઉદ્દેશોનો પ્રકાશ પૂર્વક વર્તમાનકાલ અનુસારે નવો રસ રેડે છે. તેથી સંઘમાં, સમાજમાં, દેશમાં, કોમમાં અને સારીએ આલમમાં નવયુગની નૂતન ભાવનાઓનાં કીરણો પ્રગટે છે, અને પરિવર્તનો થયાં કરે છે. તે મુજબ આજે ભારતની સર્વ પ્રજાઓમાં નવયુગનો નિશાનડંકો વાગી રહ્યો છે. અને તે એટલા જોરથી વાગી રહ્યો છે કે તે અંધશ્રદ્ધાળુ, ધર્માંધો અને રૂઢીપુજક ગુલામોને રૂઢીચુસ્તતાના કીચ્ચડમાંથી ઘસડી જઇ ક્યાં ફેંકી દેશે અને તેમની પોકળ દલીલોનો ક્યારે ભુક્કો થઇ જશે, એ ભયથી આ ધર્માંધો ધ્રુજી ઉઠયા છે. ધર્મ કે જે આત્માને ઉચ્ચ દશાએ લઇ જવાને શક્તિમાન છે તે આવા પાપાત્માઓના પ્રતાપે નીંદાઇ રહ્યો છે. એટલું તો ચોક્કસ છે કે જે ધર્મમાં સજીવન શક્તી હોય તે ધર્મજ સજીવન રહી શકે છે. જે ધર્મ વિશ્વજીવોને સમાન ગણીને તેઓની સેવા કરવાનું ફરમાવે છે તે ધર્મની વિશ્વમાં વ્યાપકતા થાય છે, જે ધર્મમાં અને જે ધર્મના લોકોમાં ઉદારતા નથી તેઓના વિચારોનો અને આચારોનો વિશ્વમાં પ્રચાર થતો નથી. જે ધર્મમાં સેવાની મુખ્યતા હોય છે, તે ધર્મનો વિશ્વમાં પ્રચાર થાય છે. સર્વ જીવોને ઉપકાર કરનારી સેવાનો ઉપદેશ અને તેની રહેણી જે ધર્મના લોકોમાં હોય છે તે ધર્મના સિદ્ધાંતો સામાન્ય હોય છે, તોપણ ધર્મના સિદ્ધાંતની સારભુત સેવાથી તે ધર્મ સર્વત્ર વ્યાપક બની શકે છે. વિશ્વવર્તી દુઃખી જીવોના શ્રેયમાં જે ધર્મ ભાગ ન લેતો હોય તે ધર્મને અમારાં નવ ગજના નમસ્કાર છે, એવી નવયુવકોની ભાવના છે.

ઉપરોક્ત ભાવનાને ઠોકરે મારનારા, ધર્માધર્મમાં ધર્મ માનનારા, ઝેરવેરનાં બીજ રોપનારા, અને મનમાન્યા આહાર વિહારમાં મસ્ત રહી, માથા મુંડનારાઓની દોડમદોડ આજકાલ જૈન સમાજમાં વધી પડી છે. આવા સાગરાનંદો અને રામવિજયો સમાજને ભાર રૂપ છે, અહિતકર્તા છે, ત્યાજ્ય છે, ને જેમ બને તેમ સમાજે તેઓનો સત્વર છેડો ફાડી છુટકો કરવો તે હિતાવહ છે, કારણ કે આવા અવિચારી મુંઢ મનુષ્યો એક શ્વાસોશ્વાસે પણ કંઇનું કંઇ અવિચારી કર્મ કર્યાંજ કરે છે. અને નહીં જેવી અર્થ વગરની સામાન્ય બાબતોમાં પોતાની પીપુડી વગાડનારા ભક્તો, પોગલા લક્ષ્મીનંદનો, ભાડુતી લેખકો, પેટભરા પત્રકારો, અને હડધુત થતા હેન્ડબીલ પ્રકાશકો દ્વારા જગત પ્રભુ મહાવીરના સંઘમાં અને જૈન સમાજમાં રાગ દ્વેષ વધારી, ઝેર વેરના ઉંડા બીજ રોપી કુસંપી વાતાવરણ ઉત્પન્ન કરી યાદવાસ્થળી ઉભી કરી રહ્યા છે. આવા વેષધારી સાધુઓને નામ-રૂપનો અત્યંત મોહ હોય છે, અને તેથી પોતાના ખુશામતીઆઓએ ઉભો કરેલો, ચીરાતો કિર્તિધ્વજ ટકાવી રાખવા માટે પ્રભુ અને પ્રભુની આજ્ઞાની આરાધનામાં મોહ મમત્વને પ્રગટાવી, સમતાગુણને ભુલી જઇ, સંમોહ દશાના નાટકો ખેલો ખેલે છે. આવા હલકી કોટીના સાધુઓ, તેમના ચેલકાઓ અને તેમના ભક્ત ભક્તાણીઓ પ્રભુ મંદીરમાં, ગુરૂ મંદીરમાં, અને ધર્મક્ષેત્રોમાં અહંમમતાથી કલેશો ઉભા કરે છે, અને મંદીરો, ગુરૂઓ, ધર્મસ્થાનો, અને સંઘોને પણ વહેંચી લેવા જેવી મુઢ દશાને સેવે છે. આ બધું સાગરાનંદો અને રામવિજયો જેવા સાધુઓની પ્રવૃત્તિઓથી જનતા જોઇ શકી છે. આજકાલના આવા યુગધર્મ વિમુખ ખટપટી સાધુઓ વિદ્યાલયો તોડવામાં, વ્યાયામ મંદીરોનો વિનાશ કરવામાં રસ લઇ રહ્યા છે અને પોતાના શિવાય અન્ય મહાન આચાર્ય કે સાધુ હોય તે અસમર્થ અને અલ્પજ્ઞ, પોતે સર્વ સિદ્ધાંતોના જાણકાર, પ્રભુતાનું પુંછડું, સમર્થ અને સર્વજ્ઞ, પોતાના ઢોલ પીટે તેવી વ્યક્તીઓનો સમુહ તે સંઘ અને બાકીનો સમુહ તે હાડકાંનો માળો, આ એમના જૈન જગતને જગબત્રીશીએ ચઢાવનારાં પ્રવચનો એટલે કે "પરનીંદા વચનો"ના આવા કદાગ્રહી ઉપદેશકોથી અને તેમની વિવેકહીન પ્રવૃત્તિઓથી ભોળવાતા મનુષ્યોનું રક્ષણ કરવું તે વર્તમાન યુગના નવયુવકોનો ધર્મ છે, ફરજ છે અને તેમાંજ સાચું ક્ષત્રીયત્વ છે. જેવા આવે તેવા, જેમ બને તેમ, જેટલા બને તેટલા, ચેલકાઓ ચપોચપ મુંડી નાંખવા અને પરાણે એક મહાન આચાર્યની પદ્ધવરની પદવી ઝુંટાવી લઇ પોતાના ગુરૂને અર્પણ કરવા માટે બની શકે તેટલાં તરકટીઆં મારવાં એવી નીચવૃત્તિ વાળા દુરાશયી મનુષ્યો, ચાહે સાધુ હોય કે સંસારી હોય તે કદાપી 'વસુધા કુટુંબ' જેવી વિશ્વપ્રેમની ઉદાર ભાવનાને સેવી શકતા નથી અને સ્વપરનું કે વિશ્વનું રંચ માત્ર પણ કલ્યાણ કરી શકતા નથી. એક બે ભાષાના વિદ્વાન થવાથી, પ્રભુના જેવો વેશ પહેરવાથી, પ્રભુની પાટ ઉપર કુદકો મારી ચઢી બેસવાથી, લાંબા લાંબા રાગડા કરવાથી, શાસનના નામે શસ્ત્ર ફેંકવા માટે કરોંજી કરોંજીને બોલવાથી, અને જીજીબ્બે કરતા ભક્તો પાસે હાજી હા કરાવવાથી, સાધુપણું સિદ્ધ થતું નથી. ભલે પછી આવા જુની પ્રવરો, પોતાના જુની ભક્તોની દૃષ્ટીએ વક્તા હોય, પંડિત હોય, તત્વજ્ઞાની હોય, કે ગમે તે હોય ! આ ઉપરથી આવા અવિચારી રામવિજયો અને સાગરાનંદોને, પદભ્રષ્ટ કરી અને તેમના અંધશ્રદ્ધાળુ ભક્તોની સત્વર સાન ઠેકાણે લાવી નવયુગના યુવાનોએ નૂતન ભાવનાઓનો જયઘોષ ગજાવી જગતપ્રભુ મહાવીરના વિશ્વપ્રેમનાં સિદ્ધાંતોનો પ્રચાર કરવાની અતિ આવશ્યકતા છે, અને શાસન દેવ તે માટે નવયુવકોમાં અતુલ બળ પ્રેરો, એજ અંતીમ ભાવના.

લી૦ વીર સંતાન.

---

# ખંભાતમાં યુવક સંઘની સ્થાપના.

રા. મુળચંદ આશારામ વૈરાટીના ભાષણથી ખંભાતના જૈનોમાં નવું જોમ પ્રગટયું છે. ત્યાં વસતા પાંચે જ્ઞાતિના જૈનો, હોંશપૂર્વક આ યુવક સંઘમાં જોડાયા છે અને દરેક જ્ઞાતિના સભ્યોવાળી એક કમિટીએ, શેઠ દીપચંદ પાનાચંદના પ્રમુખપણા હેઠળ કામની શરૂઆત પણ કરી દીધી છે. એના ઉદ્દેશો મુંબઇ જૈન યુવક સંઘના ઉદ્દેશોને મળતા જ છે.

ખબરપત્રી.

## શ્રી સંઘને ચરણે.

એની સત્તાના મદમાં આંખો ઘેરાતી હતી. તેના નેતૃત્વના અભિમાને તેને ઘેલો બનાવ્યો હતો. પળે પળે ફતવા બ્હાર પાડવાની તેની એ ગુમાની વૃત્તીથી તે પોતાનું ભાન ભૂલ્યો હતો. એના જીવનમાં વ્યાપેલી કટુતાએ સમાજમાં પણ કટુતા પ્રસરાવવા માંડી હતી. તેને તેના જ્ઞાનનો અપચો થયો હતો. ભાન ભૂલી પોતાનીજ સૃષ્ટીની સાંકડી શેરીઓમાં જીવતા અને રાચતા. પોતાનાજ કુવાંના ગંદા પાણીમાં પડયા રહેતા. અને તેનાજ આધારે સાગરને સરખાવતા, એ શાસ્ત્રના ઇજારદારે હકીકતો કર્યો: લોકશાસનના ઓ પુજારીઓ! પ્રજાતંત્રવાદના ઓ ઉપાસકો! સંઘશાસનના ઓ ભકતો! તમે શું સમજો છો? તમારા લોકશાસનને, તમારા પ્રજાતંત્રને, તમારા સંઘ-શાસનને, હું ઠોકરે મારૂં છું. બોલો! તમે શું કરશો?

× × × × ×

પચ્ચીસસો વર્ષ પહેલાંનો અમર એ ઇતિહાસ છે. વિહાર-ની ભુમિના વિશાળ પટમાં શ્રી વીરની વીણાક વાગતી હતી. તે ઘણુંજ ઓછું બોલતા હતા. પણ જ્યારે જ્યારે જીવન શોધનને અન્તે એ અમરસૂત્રો ઉચ્ચારતા, ત્યારે ત્યારે સમાજ તે સૂત્રોની ગંભીરતા અને ગહનતા પર ફીદા થઇ જતો હતો. તેની વાણીમાં મૌલિકતા હતી, તેના સૂત્રોમાં સનાતનતા સોપ-ડતી. મહાસાગરના ઘુઘવાટથી ગંભીર વાણી માનવમેદનીમાં પ્રસરી ઉઠી. તેના જીવનનું સનાતન સૂત્ર: તેના શાસનને દીપાવનાર વીરશાસનના ઉપાસકોને દેવાયેલા એ સ્પષ્ટ આદેશ: તેની પાટે આવનાર પટ્ટધારીઓને કહેલાં એ દિશા સૂચન: ઓ પૂણ્યવંત પ્રાણીઓ! લોકશાસનને, પ્રજાતંત્રવાદને, સંઘ-શાસનને હું પૂજું છું, વંદુ છું. બોલો! તમે આ કરશો! પૂજશો? વંદશો?

× × × × ×

એના આદેશમાં સંપૂર્ણ શાસ્ત્રીયતા હતી. એ આદેશની પાછળ સંઘશાસનમાં રહેલી અસામાન્ય શ્રદ્ધા હતી, આત્મ-મંથનને અંતે નિકળેલું અમૃત હતું. એમાં વ્યકિતજીવનપર તેને કચડી નાંખતી સામાજીક જહાંગીરી ચલાવવાના પરવાના નહોતા. પણ પોતે ઉભી કરેલી આદર્શવાપણની સુરક્ષિતાથી સોંપણુ હતી. નેતા આજે છે, કાલે નથી. લોક સંસ્કૃતિના વ્હેણને અમર રાખવાની જવાબદારી પણ આ સંઘની; સંઘનેજ સોંપાણી.

**અમર રહો એ સંઘશાસનના સંસ્કૃતિ વ્હેણ!**

× × × × ×

સંઘશાસનના એ સંસ્કૃતિ વ્હેણમાં જન્મની મહત્તાને સ્થાન નથી; સામાજીક વાડાઓને અવકાશ નથી. સ્ત્રી અને પુરૂષ, સમાન તોલે એ પ્રકૃતિભેદો સંઘશાસનમાં સમસિંહાસને વિરાજે છે. અને એ સિંહાસનને દીપાવનાર ત્યાગીઓ સિંહા-સનને ઓપ ચઢાવે છે. પણ આજે! સંઘશાસનને ઠોકરે મારનાર એ મદાંધ નેતાઓ? તેને નામે મરી ફીટનાર એ સંઘશાસનના ઉપાસકો? બતાવશો! સંઘશાસન ચતુર્વિધ ક્યાં છે તે? તે ચતુર્વિધ નથી. ત્રિવિધ પણ નથી: એતો દ્વિવિધ છે. બતાવશો સંઘજીવનમાં સ્ત્રી જાતિને સ્થાન ક્યાં છે તે?

× × × × ×

પચ્ચીસસો વર્ષને અન્તે! કોઇ કહેશે કે આજે સંઘ-શાસનમાં કેટલી છાવણીઓ છે તે? અને એ છાવણીઓના સેનાપતિઓમાં, શાસ્ત્રના એ ઇજારદારોમાં, એવો છે કોઇ કે જે શાસ્ત્રને આધારેજ વાતો ન કરતો હોય? અને રખે ભૂલતા કે જે છાવણી શાસ્ત્રના સંપૂર્ણ આધારપૂર્વક ન સ્થાઇ હોય તે તો—હાડકાનો માળો સ્તો. અને એક શાસ્ત્રીય સેનાપતિ જ્યારે બીજાથી વિરૂદ્ધ જતો હોય ત્યારે? જુદી છાવણી નાખે. બીજો શું ઉપાય! એટલે કે દરેક ભિન્ન ભિન્ન સેનાપતિ અને તેની છાવણીની દ્રષ્ટીએ, જુદો સેનાપતિ અને તેની છાવણી: નિન્હવ, મિથ્યાદ્રષ્ટી, નાસ્તિક, કબરમાં દફનાવવાને યોગ્ય.

પિતા મહાવીર! તારા શાસનનો ઇજારો રાખનાર આ અસહિષ્ણુ સેનાપતિઓ તને ઓળખે છે?

* * * * *

પણ તેં તો સંસ્કૃતિવ્હેણનો ઇજારો કોઈ સેનાપતિને સોંપ્યોજ નથી. તો જરૂર અમેજ તે સંસ્કૃતિવ્હેણની શુદ્ધિ કરી, અમેજ—"ચતુર્વિધ" સંઘ તેને સાચવશું.

**અમર રહો એ સંઘશાસનના સંસ્કૃતિ વ્હેણ.**

-:- ક્રાન્તિ. -:-

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કા. વા. સમિતિના ઠરાવો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તા. ૩-૯-૨૯ ના રોજ શ્રી છગનલાલ નાનચંદ શાહ બી. કોમના પ્રમુખપણા નીચે મળી હતી જે વખતે નીચેના ઠરાવો કરવામાં આવ્યા હતા.

### પાટણ જૈન સંઘનો ઠરાવ.

શ્રી પાટણ જૈન સંઘે અયોગ્ય દિક્ષા વિરૂદ્ધ સમયોચિત ઠરાવ કર્યો અને તે રીતે સાથે સાથે સાધુ સમુદાય ઉપર જૈન સંઘની સર્વોપરિ સત્તા સાબીત કરી તે માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ શ્રી પાટણ જૈન સંઘનું અભિનંદન કરે છે અને બીજા શહેરોના સંઘો આ ઠરાવનું સત્વર અનુકરણ કરશે એમ આશા રાખે છે.

### સાંજ વર્તમાનનો ઉપકાર.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપનાથી અત્યાર સુધીમાં પ્રસ્તુત સંઘની પ્રવૃત્તિને 'સાંજ વર્તમાન' પત્રે જે ટેકો આપ્યો છે અને 'ક્રાન્તિ'ની લેખમાળા પ્રગટ કરીને સ્વતંત્ર વિચારો ફેલાવવામાં જૈન સમાજની જે સેવા કરી છે તે માટે આ સંઘ 'સાંજ વર્તમાન' પત્રના માલીક અને તંત્રીનો અન્તઃ-કરણપૂર્વક આભાર માને છે અને એ પ્રમાણે સંઘની પ્રવૃત્તિને ચાલુ અનુમોદન આપ્યા કરશે એવી આશા રાખે છે.

### શ્રી યંગમેન્સ જૈન સોસાયટી.

શ્રી યંગમેન્સ જૈન સોસાયટી નામની સંસ્થા કેટલાક સાધુઓની પ્રેરણાથી આજકાલ જ્યાં ત્યાં સ્થાપવામાં આવે છે તે સોસાયટીનો અન્તર્ગત ઉદ્દેશ પ્રાચીન પરિસ્થિતિને પો-ષવી, નવા વિચારોનો સદા રોધ કરવો, ભ્રષ્ટચારિત્ર સાધુઓનાં દુષણો છુપાવવામાં, લોકોમાં અંધશ્રદ્ધા ફેલાવવી, નવી કેળવ-ણીને લગતી પ્રવૃત્તિ તોડી પાડવી અને અયોગ્ય દિક્ષાને ઉત્તે-જન આપવું એ છે એ તેની અત્યાર સુધીની સર્વ પ્રવૃત્તિઓ ઉપરથી સુસ્પષ્ટ છે અને તેથી તેની પ્રગતિરોધક પ્રવૃત્તિઓથી સદા ચેતતા રહેવા માટે આ સંઘ જૈન સમાજનું ખાસ ધ્યાન ખેંચે છે.

### શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.

આપણા સુપ્રસિદ્ધ આગેવાન શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉદ્દેશો અને આત્મ-નિવેદનનું સમર્થન કરતાં જે નિડરતા અને દીર્ઘદર્શિતા દાખવી છે તે માટે આ સંઘ તેમને ધન્યવાદ આપે છે અને તેને અંગે તેમના ઉપર વરસી રહેલા આક્ષેપો અયોગ્ય અને બીન-પાયાદાર છે એમ આ સંઘ જાહેર કરે છે.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશો અને આત્મનિવેદન.

આજે આપણે આત્મનિવેદનની બીજી કલમ ઉપર વિચાર કરીએ જે નીચે પ્રમાણે છે.

"જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ વિચારતાં આપણા દ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે કરીને સમાજની આર્થિક અને કેળવણી વિષયક ઉન્નતિમાંજ થવો જોઇએ એમ હું માનું છું."

પ્રાપ્ત થયેલ દ્રવ્યની ત્રણ ગતિ નીતિશાસ્ત્રીઓએ વર્ણવી છે. દાન, ઉપભોગ, અને નાશ. દ્રવ્યનો ઉપયોગ દાન યા ઉપભોગમાં નથી થતો તેનો પરિણામે નાશજ થાય છે. ઉપભોગ એટલે શું તે સમજાવવાની જરૂર હોતીજ નથી. માણસની અર્થપ્રાપ્તિનો મુખ્ય હેતુ કામસિદ્ધિ હોય છે અને જે કાંઇ અર્થ પ્રાપ્ત થાય તેનો વ્યય પોતે માની લીધેલ સુખ સાધનામાં સ્વાભાવિક રીતે કરવા તે પ્રેરાય છે. આવા સ્વાભાવિક સ્વાર્થી જીવનથી ઉંચી જીવનદશા શોધનારના ચિત્તમાં દાનવૃત્તિ જાગૃત થાય છે અને જે પોતાને મળ્યું છે તેનો વિશેષ સારો સદુપયોગ કેમ કરવો તેના માર્ગો તે વિચારે છે. આજે આપણે જે વિચાર કરવાનો છે તે જેનામાં પરમાર્થ વૃત્તિ જાગૃત થઇ છે તેણે પોતાના દ્રવ્યનો શી રીતે ઉપયોગ કરવો તેને લગતો છે. દાન, શીલ, તપ અને ભાવના એ શ્રાવકની ચાર મુખ્ય ભાવના ગણાય છે. આમાં દાનનો અર્થ માત્ર દ્રવ્ય ત્યાગ એટલોજ કરી શકાય નહિ. જો એમ હોય તો પાંચહજાર રૂપિયાની નોટની સીગરેટ બનાવીને પીનાર અથવા તો પોતાના પક્ષપાતનું પાત્ર બનેલ કોઇ પણ સગાં સ્વજનને મોટી બક્ષીસો આપનારને દાનેશ્વરી ગણી શકાય. કોઇ પણ દ્રવ્ય ત્યાગ દાન અથવા તો સમ્યગ્‌દાનની કોટિમાં ત્યારેજ મુકી શકાય કે જ્યારે તે દ્રવ્યત્યાગ સહહેતુથી પ્રેરીત હોય અને તે પાછળ કશા પણ સ્વાર્થનું અનુસંધાન ન હોય. આવી રીતે કરવા યોગ્ય દાનની અનેક દિશાઓ હોય છે. તેના મુખ્ય બે ભાગ કરી શકાય. (૧) દેવભકિત નિમિત્તક. (૨) જનકલ્યાણ નિમિત્તક. વસ્તુતઃ આવા બે ભાગ કરવા વ્યાજબી નથી કારણ કે દેવભકિત નિમિત્તે દ્રવ્ય ખર્ચનારનો આશય તો આખરે જનકલ્યાણ કરવાનોજ હોય છે અને અન્ય અપેક્ષાએ જનકલ્યાણની પ્રવૃત્તિ પણ ઇશ્વર ભકિતનો જ એક પ્રકાર છે. પણ વ્યવહાર દૃષ્ટિએ વિચારતાં પ્રસ્તુત ભેદ વાસ્તવિક છે કારણ કે સામાન્ય જનતા દાન વિષયમાં આવા ભાગ પાડીને જ વિચાર કરે છે. વળી માની લીધેલ દેવભકિત પાછળ એટલો બધો દ્રવ્ય વ્યય થતો દેખાય છે કે જનકલ્યાણની સાધના બાજુએજ રહી જાય છે.

આ વિચાર શ્રેણીએ ચાલતાં ઉપર જણાવેલ બે સરતો ઉપરાંત કોઇપણ દ્રવ્ય ત્યાગને સમ્યગ દાન ગણવું કે નહિ તે ત્રીજું દૃષ્ટિબિન્દુ આપણને પ્રાપ્ત થાય છે. જન સમાજની જે કાળે જે દેશમાં જે જે જરૂરિયાતો હોય તે પુરી પાડવાના આશયથી જે કાંઇ દ્રવ્યત્યાગ થાય તેજ ખરૂં દાન કહેવાય. તેથી અન્યથા ખર્ચાતું દ્રવ્ય સમ્યગ દાનની કોટિમાં આવી શકે નહિ દાખલા તરીકે કોઇ ગામમાં પાંચ હજાર શ્રાવકો રહેતા હોય તો ત્યાં એકાદ જિનાલય કે ઉપાશ્રય અતિ આવશ્યક ગણાય. જ્યારે જે શહેરમાં પચ્ચીસ જિનાલય હોય ત્યાં છવીસમું બંધાવવું એ ખાલી દ્રવ્યવ્યય ગણાય. આવીજ રીતે જ્યારે દેશમાં મહા દુષ્કાળ ચાલતો હોય ત્યારે લોકોનો ભૂખ મરો દુર કરવામાં જેટલું આપીએ તે સૌએ ખરચ્યું ગણાય. જ્યારે દુષ્કાળ પીડિત ભીખારીઓનાં ટોળાં જ્યાં ત્યાં રખડતા હોય તેની વચ્ચે મોટો પ્રતિષ્ઠા સમારંભ કે ઉજમણું કરીએ તે દ્રવ્યનો વ્યર્થ વ્યય ગણાય. આવીજ રીતે જે કાળે જનતાનાં બુદ્ધિ અને શરીર અનારોગ્ય દશામાં હોય, જ્યાં ત્યાં ગરીબાઇથી પ્રજાનો પ્રાણ ચુસાઇ રહ્યા હોય, અને આખું પ્રજાજીવન વિકલ દશાને પ્રાપ્ત થયું હોય, ત્યારે બુદ્ધિ વિકસિત થાય, શરીર આરોગ્યને પામે, દારિદ્ર દુર થાય, જ્ઞાનનો ફેલાવો થાય, પરતંત્રતાનો ઉચ્છેદ થાય, ખોટા વહેમો અને રૂઢિઓ નાશ પામે, અને સર્વત્ર જ્ઞાનનો પ્રચાર થાય તે દિશાએ જે કાંઇ દ્રવ્ય ખરચાય તે વાસ્તવિક ગણાય અને વર્તમાન કાળની આવી અસાધારણ અપેક્ષાઓની ઉપેક્ષા કરીને મોટી જમણવારો કરવામાં દેવ મૂર્તિઓના આભૂષણો ઘડાવવામાં, મોટા સંઘો કાઢવામાં, જરૂર ન હોય ત્યાં નવા નવા મંદિરો બાંધવામાં જે કાંઇ દ્રવ્ય ખરચાય તે અપેક્ષા દૃષ્ટિએ દ્રવ્યનો ધુમાડો કર્યોજ કહેવાય. પ્રસ્તુત કલમમાં આ દેશ કાળના વિચારમાંથી ઉપસ્થિત થતા દૃષ્ટિબિન્દુનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અત્યારે આપણા આખા સમાજની જે હીન દશા જોવામાં આવે છે તેનો વિચાર કરતાં દાન વિષયમાં વિધિનિષેધનો વિવેક દાખલ કર્યા સિવાય આપણો છુટકોજ નથી. દ્રવ્ય વિસર્જનમાં જૈન સમાજની ઉદારતા અદ્વિતીય છે એમ કહીએ તો જરા પણ અતિશયોક્તિ થતી નથી પણ આપણામાં અભાવ છે. સદ—અસદ—વિવેકનો આપણામાં એક એવી માન્યતા ઘર કરી બેઠી છે કે બીજા શુભકામો કરતાં દેવપૂજા પ્રતિષ્ઠામાં ખર્ચાતું દ્રવ્ય વધારે પુણ્યનું ભાગી હક બને છે. આપણા સાધુઓ આજ ભાવનાને પોષતા આવ્યા છે અને તેના પરિણામે આપણો સંઘ જેટલો મંદિર સમૃદ્ધ છે તેટલોજ અર્થ જ્ઞાન અને આરોગ્ય વિષયમાં દરિદ્રતા ધારણ કરી રહેલ છે. પાપપુણ્યના ગણિતની આજે દેશકાળ દૃષ્ટિએ પુનર્ઘટના કરવાની જરૂર છે અને પાપપુણ્ય તોલવાનાં માપ ફેરવવાની પણ એટલીજ જરૂર છે. નહિ તો એક વખત એવો આવશે કે જ્યારે મંદિરો ઉભા રહેશે અને મંદિરમાં પુજનારા કોઇ નહિ રહે; જ્યારે સાધુઓ ઉભા રહેશે અને સાધુઓને ભકિતભાવે વહોરાવનારા કોઇ નહિ રહે; જ્યારે અહિંસા પરમો ધર્મનું સુત્ર ઉભું રહેશે અને અહિંસાને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન સેવનાર જૈન સંઘનું નામ નિશાન નહિ રહે. માટે આપણે સમજવાની જરૂર છે કે જે કાળે જે વસ્તુની જરૂર હોય તે નિપજાવવામાં આપણે જેટલું દ્રવ્ય ખરચીએ તેટલુંજ ફળદાયી અથવા તો પુણ્યદાયી બની શકે. ભૂખ અને તૃષાથી પીડાતા માણસને અન્ન આપવાને બદલે તેના ગળામાં હીરાનો હાર નાંખનાર ખરી રીતે તેના દુઃખ ઉપર ડામ દે છે એમ આપણે વિના સંશયે કહી શકીએ પણ આખા સમાજ શરીરનો વિચાર કરતાં આપણું સામાન્ય આચરણ આજ કેટલું છે એનું આપણને ભાન નથી. આ વિચારની સચોટ રજુઆત કરવાનો પ્રસ્તુત બીજી કલમમાં પ્રયાસ છે અને તે વિચારનો પ્રચાર કરવો તે યુવક સંઘનો ઉદ્દેશ છે. **પરમાનંદ.**

### હાલના વાતાવરણનો નમુનો !

મુનિ અમીવિજયજીના શિષ્ય જયંતિવિજય ઉર્ફે જગજીવનદાસ લીંબડીથી ઉપડી ગયા. ગુરૂની સાધુવેશમાં કાઠીયાવાડ એક્ષપ્રેસમાં ગ્રાન્ટ રોડ સ્ટેશને ઉતરી પોતાના ઘરનો રસ્તો લીધો હતો.

# પાટણના શ્રી સંઘનો વિજય મહોત્સવ.

## દોરંગી દગલબાજી દર્શાવનારા દાંભિક આસ્તિકોનો ફેજ!

લેખકઃ—"એક ધર્મ પ્રેમી"

પુણ્યભૂમી પાટણના પવિત્ર અને મહિમાવંત આંગણે આજે સત્યનો જયઘોષ ગાજે છે. મુંજાલ અને ઉદયન સમા ચાણક્ય નરવરોની મહાભોમ પરથી આજે દગલબાજીને દેશવટો મળે છે. મહાબાહુ વીર વસ્તુપાળ અને તેજપાળ સમા પ્રભુવીરોના આત્મ અનુભવથી અંકાયેલી પાટણની ધરાપરથી આજે અંધશ્રદ્ધાનો કાદવ અળગો થયો છે. મહાધુરંધર કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી મહારાજના પુનિત પ્રતાપતળે ગૌરવાન્વિત બનેલી પાટણની તેજ ભૂમિપરથી આજે જૈનોની વર્તમાન અવદશાનો રોગ સદાકાળને માટે નાબુદ થાય છે,

સત્યના ઉપાસક પરમ કૃપાળુ પરમાત્મા શ્રી મહાવીર ભગવાનના શાસનની શિતળ છાયાતળે જીવન-પથનો વિસામો લેતા જૈનો! પાટણના જૈનોનો વિજય મહોત્સવ તમારા હૈયામાં કોતરી રાખજો. દાંભિક આસ્તિકોના ફેજની કાળી કથાઓ તમારા જીવન-ઇતિહાસમાં નોંધી લેજો. કારણ, પાટણના શ્રી સંઘે આજે દિક્ષાનો ઠરાવ કરી જૈન સમાજની અવદશાનો અંત આણવાનો સ્તુત્ય પ્રયાસ સેવ્યો છે. આપણી પવિત્ર સાધુ સંસ્થાને કલંકના કાદવમાંથી ઉગારી લેવાનો ભગિરથ પ્રયત્ન સેવ્યો છે. જૈન સમાજને હાંસીના દાવાનળમાંથી ઉગારી લેવાનું પુણ્યકાર્ય શરૂ કર્યું છે

પાટણના આ ભગિરથ પ્રયત્નનો અનોખો ઇતિહાસ પહેલાં જાણવો જોઇશે. દિક્ષાના એ ઠરાવ વીરૂધ કેટ-કેટલી ચાલબાજીઓ ખેલાણી છે. આપખુદ સત્તાના ઉપાસકોની કેવી રમતો રમાઇ છે, અને પારકી મનોદશાપર મુસ્તાક રહેનારા બંધુઓએ કેવા ધાંધલીયા પ્રયાસો સેવ્યા છે. એ ઇતિહાસ ખાસ જાણવો જોઇએ.

વર્તમાન સમયમાં આપણા જૈન સમાજની જે અવદશા થઇ રહી છે તે અત્યારે જગજાહેર છે આ અવદશામાંથી મુક્ત થવા માટે જૈન ભાઇઓએ જરૂર પ્રયત્ન કરવોજ જોઇએ. એ સ્તુત્ય પ્રયત્નના મંગલાચરણ પાટણમાંથી થાય છે તે સારાયે જૈન સમાજ માટે હર્ષનો વિષય છે. એ પ્રસંગનું આછું અવલોકન આપણે કરીયે.

અગાઉ મુંબઈ નિવાસી પટણી બંધુઓની અરજીનો વિચાર કરવા સકલ સંઘ શ્રાવણ વદ ૨ ના રોજ મળેલો તે વેળા કેટલાક રામ-સાગર ભક્તોએ તોફાન કરવાથી ભાદરવા વદ ૭ ની મુદત નંખાએલી, આ સમયપર તોફાન ન થાય ને શાંતિથી કાર્ય થઇ શકે એ ખાતર મુંબાઇથી કેટલાક આગેવાનો ખાસ પધારેલા, છતાં શાસનપ્રેમી કહેવડાવતા કેટલાકોએ ધાંધલ મચાવવાથી ભાદરવા વદ ૧૧ પર સંઘની બેઠક મુલતવી રહી. હરમીઆન બાબુસાહેબ શ્રી દોલતચંદજી અમીચંદજીના નેતૃત્વ નીચે લગભગ પચાસ મુંબાઇ રહેતા જૈન આગેવાન ગ્રહસ્થોએ સંઘમાં તડ ન પડે ને કામ શાંતિથી ઉકલે એ ખાતર પાટણના વયોવૃદ્ધ પુરૂષો સાથે સમજુતીની મસલત શરૂ કરી. પણ પેલી સાગર-રામ ટોળીને સમજુતીની દરકારજ નહોતી. તેઓનો તો એકજ એકરાર હતો કે—" અમારે ઠરાવ નથી કરવો. સંઘનું બને તે થાય. જૈનોની એકતા ભલે તુટે. ભલે ઝઘડાઓ થાય. અમે જે કહીયે તેજ ખરૂં. " આ મનોદશા કેવા પ્રકારની? તેઓ સમજી ચુકયા કે આ વેળા આપણું જોર નહીં ચાલે એટલે ચાણસ્મા ને અમદાવાદથી સાક્ષીતો નોતર્યા. એમના આગેવાન નગીનદાસ શેઠ પણ આવી પુગ્યા, ઘેર પહોંચતા કેટલાયે અપશુકન થયા છતાં સ્વ કદાગ્રહ તો ચાલુજ રખાયો.

રવીવારે બપોરના બે વાગ્યે ધમણાજીની વાડીનું સ્થળ ચાણસ્માવાસીઓના ઉતારા તરિકે રોકાએલું હોવાથી સંઘ શ્રી પોલીયાના ઉપાશ્રયમાં સંઘપતિના પ્રમુખપણા હેઠળ મળ્યો. પાટણના જૈનો સિવાય બીજાએ ન આવવાનું વિનંતિપત્ર પ્રગટ થયું તેમજ પોલીસનો પણ ઠીક બંદોબસ્ત રખાયો. સંઘમાં ૬૦/૭૦ વિરોધીઓ સિવાય લગભગ ૮૦૦ જૈનો શાંતિથી બેઠા હતા. કામ શરૂ થતાંજ કહેવાતા સત્યના પુજારી કાંતિલાલ કસ્તુરચંદે ધાંધલ શરૂ કરી. પણ પોલીસના હુકમ આગળ કંઇ ચાલ્યું નહીં. હુકમાંજ શાંતિ પથરાઇ રહી. નગરશેઠ તરફથી ઠરાવ રજુ કરવાની આજ્ઞા અપાતાં શેઠ ફતેહચંદ લલ્લુભાઇએ ઠરાવ રજુ કર્યો, જેને શેઠ જીવાચંદ છગનલાલે અનુમોદન આપતાં માત્ર પચાસેકના વિરોધ વચ્ચે સંગીન બહુમતિથી એ પાસ થયો શ્રી મહાવીરદેવના જયનાદથી વાતાવરણ ગાજી રહ્યું. ઠરાવ અન્યત્ર આજ અંકમાં અપાયેલો છે. હર્ષે ઉત્સવ ઉજવાયો. પૂજામાં લોક સમાયું ન જાય.

વળી એ ઠરાવ શ્રી નગરશેઠ તેમજ બીજી ન્યાતિઓના શેઠીઆઓની સહીથી પ્રગટ કરી વહેંચાયો, છતાં વિરોધી ટોળીએ ચાણસ્માના તોફાનીઓને સાથે પોતાનો જુદો વાડો પાંચેક વાગે ભર્યો ને ઉકત ઠરાવને તોડી નાંખવાની ચર્ચા કરી.

આ કંઇ બાળકોના ખેલ નહોતા! જુદી સભા ને સંઘપતિનું જુઠું નામ, એટલે, મુંજાલ મંત્રીના વારસોથી એ શી રીતે સહ્યું જાય? ઠરાવપરનો વિરોધ આંગળીના ટેરવે ગણાય તેટલો હોવ છતાં આવું ધાંધલ કરી તેઓ સંઘપતિનો અનાદર કરી રહ્યા હતા એટલે તરતજ પોળો દીઠ સહીઓ શરૂ થઇ અને ચારે તરફથી પોકાર ઉઠયો કે મુઠીભર માણસોના આ વર્તનની ઘટતી ખબર લેવીજ જોઇએ

## સુચનાઓ.

(૧) આ પત્રિકા ચાર માસ માટે શરૂ થઇ છે. લવાજમ બાર આના.

(૨) ગ્રાહકોએ પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવું. ગ્રાહક ન રહેવા ઇચ્છનારે પ્રથમથી જણાવી દેવા વિનંતિ કરવામાં આવે છે.

(૩) પત્રિકા સંબંધી સઘળો પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો (જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦ વસીવાળા બીલ્ડીંગ જકરીયા મસજીદ, મુંબઇ.)

(૪) ભાવનગરના અમારા એજન્ટ ઘડીયાળી મણીલાલ પેથાભાઇ ઠે. હેરીસ રોડ.

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ, નં. ૨

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

યુવક સંગઠન. Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૭ મો. | સંવત ૧૯૮૫ ના આસો સુદ ૧૦ શનીવાર તા. ૧૨-૧૦-૨૯ | લવાજમ છુટક નકલ અડધો આનો.

## યુવક સંગઠન.

હાલ ચાલતી ચર્ચાને અંગે તથા કોમ હિતના પ્રશ્નોને અંગે યુવકોની કર્તવ્ય દિશા નક્કી કરવા તથા પ્રબળપણે કોમના હિતના સવાલોની જવાબદારી યુવકો ઉઠાવી શકે તેનો વિચાર કરવા યુવકોને એકત્ર થવાની જરૂરીયાત જુદા જુદા ભાઇઓ તરફથી સુચવવામાં આવે છે. અગાઉ આ પત્રમાં ભાઇ શ્રી બાબીશીએ આ બાબતને અંગે સુચના કરી હતી. આજ અંકમાં મોરબી નીવાસી બંધુએ પણ તે સુચનાને ટેકો આપેલો છે. સંગઠનને અંગે ચોકસ મુદાઓનો ખાસ વિચાર કરવાનો છે. યુવકોની પરિસ્થિતી તથા સંજોગોનો વિચાર સંગઠન કરતાં પ્રસંગે ખાસ ખ્યાલમાં રાખવાનો છે. સ્થળનો સવાલ પ્રથમ નજરે તરી આવે છે. ભાઇ બાબીશી મુંબઇની સુચના કરે છે. મોરબીના બંધુ કોઇ મધ્યસ્થ સ્થળની સુચના કરે છે. મધ્યસ્થ સ્થળ તરીકે અમદાવાદ કે વડોદરા ગણી શકાય. ત્યાંના યુવકો આ સંગઠન ભરવાનું માથે લે તોજ સ્થળ અમદાવાદ કે વડોદરા રાખી શકાય, અમો અમદાવાદની યુથ લીગ તથા વડોદરાના યુવક મંડળને આ મુદાઓના અંગે વિચારો જણાવવા સુચવીએ છીએ. તેઓએ તેમના મંડળની મીટીંગ બોલાવી આ મુદા ઉપર વિચાર કરવાની જરૂર છે. બીજો મુદો યુવક પરિષદ ભાવનગર ભરાઇ હતી તેનું ચોકસ બંધારણ છે. જો કે તે બંધારણનો વ્યવહારૂ અમલ હજુ સુધી કાંઇ થયો નથી. વળી હાલ વાતાવરણમાં ઘણો ફેરફાર છે તેવા સમયે ચોકસ વિચાર શ્રેણીવાળા યુવકો એકત્ર થાય તે ઇષ્ટ છે. હાલ બધી કોમોની યુવક પરિષદ મળે છે તે ચોકસ પ્રતિજ્ઞા લેનારાઓનીજ મળે છે. તેથી તેવી પરિષદો કાર્યસાધક નીવડે છે. યુવક સંગઠન મેળવવું તેપણ ચોકસ વિચાર શ્રેણીવાળા યુવકોનું હોય તેજ ઉચિત છે એટલે ભાવનગરવાળી પરિષદના બંધારણમાં થોડા જરૂરી સુધારો કરવામાં આવે તોજ યુવક પરિષદના નામથી સંમેલન ભરી શકાય, નહિતો બીજું નામ રાખવું અનુકુળ થશે, પ્રતિનિધિ ભલે થોડા આવે પણ જે આવે તે મંડળોના રીતસર ચુંટાયલા આવવા જોઇએ. હાલના ચાલુ જરૂરના સવાલો વિષે પોતાના મંડળની જનરલ મીટીંગમાં યોગ્ય ઉહાપોહ કરે અને તે પ્રતિનિધિઓ મંડળના વિચારો પરિષદ પાસે રજુ કરે. સવાલો કયા ચર્ચવા તે મુદો વિચારવાનો છે. હંમેશાં દરેક વ્યક્તિ પોતપોતાના સવાલો માટે ચુસ્તપણે આગ્રહ કરે છે, પણ સવાલો જેમ બને તેમ ઓછા ચર્ચવા અને કાર્યક્રમ બીજી બેઠક દરમીયાન પાર પાડી શકાય તેવો પ્રબંધ કરવો. યુવાનો કોન્ફરન્સનુંજ અનુકરણ કરે તેમાં કાંઇ પરિણામ આવી શકે નહી. સવાલો—કેળવણી વૃદ્ધિ, હુન્નર ઉદ્યોગની શાળાઓ, તથા ખીલાવટ માટેની સગવડો, ધાર્મિક હિસાબોની ચોખવટ, બીન જરૂરી ખર્ચોની બંધી, અયોગ્ય દિક્ષા સામે વિરોધ, સંઘસત્તા, આ બધા સવાલોની પુષ્કળ ચર્ચા કરી યોગ્ય ઠરાવો થાય તેપણ ઘણું છે.

ઉપરના સવાલો માટે વ્યવહારૂ કાર્યક્રમ નક્કી કરવો હોય તો પ્રતિનિધિઓએ, પોત પોતાના શહેર અગર ગામની તે તે સવાલોને અંગે જે પરિસ્થિતી હોય તેને લગતી માહિતી મેળવવી જોઇએ યુવક સંગઠન કરવાની જરૂર વિષે બે મત છે નહીં એકત્ર બળ વગર ધમાધમો, આડંબરીઓ, એકે કામ પ્રગતિનું કરવા દે તેમ નથી. તેઓ શાસનની ઉન્નતિ ને સમાજ ઉન્નતિને સંબંધ હોય તેમ માનતા નથી. ટુંકી ચર્ચા સંગઠન માટે અમે કરી છે જુદા જુદા સ્થળોના યુવકોને આ બાબતના વિચારો જણાવવા સુચના કરીએ છીએ સ્થળનો સવાલ જલદી નક્કી થવો જોઇએ સમય કારતક માસનો જો રાખવો હોય તો યુવકોએ તરતમાં જાગૃત થવાની જરૂર છે. મુંબઇ જૈન યુવક સંઘની મેનેજીંગ કમીટી પણ આ મુદ્દાની ચર્ચા કરે છે. જે વિષે અમે હવે પછી લખીશું.

## યુવક પરિષદની આવશ્કતા.

સમાજમાં બાળ તેમજ અયોગ્ય દીક્ષા સંબંધી ચાલેલ ઝેરી વાતાવરણને અંગે તેમજ બીજા રીવાજો સંબંધે સુધારા આવકાર દાયક હોઇ 'જૈન યુવક'ની પરિષદ બોલાવવાની ખાસ આવશ્કતા છે, એમ મારૂં માનવું હોઇ, ડૉ. બાલીશીએ મુકેલી દરખાસ્તને હું અનુમોદન આપુ છું.

પરિષદ મુંબઇ ભરવાના ડૉ. બાલીસીના વીચાર સાથે હું સંમત થતો નથી. ગુજરાત, કાઠીઆવાડ, રજપુતાના ના યુવકોને 'મુંબઇ' દુર પડશે. અમદાવાદ મધ્યસ્થ સ્થળ મને લાગે છે. સ્થળ સંબંધે વિચાર કરશો પણ પરિષદ ભરવાની ઘણીજ આવશકતા છે, માટે તે સંબંધે યુવકોના અભિપ્રાય મંગાવી પરિષદ ભરવાનું નક્કી કરશો.

લી॰ ફતેચંદ પ્રભુદાસ મહેતા, મોરબી.

# 'પ્રવચન' ને નામે વંચના.

## શ્રી હીરવિજયજીસૂરિના સમ્બન્ધમાં:—

પ્રવચન. પા. ૧૫૧ માં મુનિશ્રી "ગુરૂએ શું કહ્યું" એમ પ્રશ્ન પૂછી જાતે જવાબ આપતાં જણાવે છે કે "તું તો ન્હાનો બાળક છે, તારે આ શા વિચાર?.........સંસાર અસાર છે, એવી અસર જે આત્માને થાય, એ આત્મા ગુરૂ પાસે આવે તો ગુરૂએ એ ભાવના ખીલવવી કે કચડી નાખવી? આ દેશના બાળક માટે નથી પણ ખાઈ પી પરવારેલા માટે છે. માટે ભોળા તું ભોળવાઇ ન જા—એમ આ ગુરૂએ કહ્યું? 'વૈરાગ્યને યોગ્ય વય નથી. તારૂં જ્ઞાન યથાયોગ્ય નથી. સંયમ તો રેતીના કોળીયા છે, લોઢાના ચણા છે, તલવારની ધારપર ચાલવા જેવું છે, તું તો મોટા શેઠનો દીકરો છે, માટે તને દીક્ષાની હજી વાર છે; સંસાર અનુભવ, ઇચ્છાઓ પૂરી કર, દુનિયાના પદાર્થના સેવનના અનુભવ યોગે સાચો વૈરાગ્ય થાય ત્યારે આવજે'"—આમ ગુરૂએ કહ્યું હોત તો? આમ કહે ખરા?" આ બધી કલ્પના રામવિજયજીની છે. સંસારને અસાર સમજી છોડવા તૈયાર થનારને કોઇપણ સાધુએ આવું કહ્યાનું સાંભળ્યું નથી બાકી 'લોઢાના ચણા'ના દ્રષ્ટાન્તથી પ્રવજ્યાનું પાલન કેટલું વિકટ છે એનો ખ્યાલ આપ્યો હોત તો તે યોગ્યજ છે. મુનિજીને પ્રશ્ન છે કે લેનારની યોગ્યતા જોવાનું શાસ્ત્ર ફરમાન નથી? એમાં દીક્ષા લેનાર માટે જે નિયમો બાંધ્યા છે અને જે પરિક્ષા કરવાનું દીક્ષા આપનાર ગુરૂના શીરે કહ્યું છે તે શું "પોથીમાંના રીંગણા તુલ્ય છે? લેનાર કહે કે સંસાર અસાર છે કિંવા મને વૈરાગ્ય થયો છે એટલા માત્રથી ગુરૂએ દીક્ષા દઇ દેવી? એ તે અંતરનો રંગ છે કે ઉપરનો ડોળ છે? અથવા તો એ સમજુ છે કે મુઢ છે, અગરતો સટોરીયો છે કે વ્યસની છે ઇ. કોઇ જાતની તપાસ ન કરવી? ધન્ય મુનિરાજ તમારી અક્કલને! પૈસાનું વાસણ ખરીદનાર પણ ટકોરા મારી સારા ખોટાની પરિક્ષા કરે છે. જ્યારે તમો પાંચ મહાવ્રતરૂપ અમૂલ્ય રત્નો જેને આપવાના છે તેને માટે પરિક્ષાની ના પાડો છો! અરે સામા પ્રશ્ન મુકો છો કે ગુરૂ આમ કહેઈ ત્યારે ગુરૂ એમ પણ કહે કે 'જુઠું નામ દઇ ભાગી આવજે'? બેને જાહેરમાં દિક્ષા આપી ચારને ડહેલામાં (ખંભાત) છુપાવી આપ્યા છતાં જાહેરમાં આપી છે એમ પણ કહે? અરે બાપથી છોકરાપર છુપા પત્રો અને તે પણ નિશાળના સરનામે લખે? માણસ મોકલી છોકરાને ભગાડી લઇ પણ જાય? અરે એ બધા ખરચાને પહોંચી વળવા મોટા ફંડ પણ કરે? મહારાજ જવાબ આપશો કે? તમારા કાર્યને યોગ્ય ઠરાવનારા પાઠ બતાવશો ખરા? હીરકુમારને ગુરૂજી તો ઘેર જઇ સ્વજનાદિ વિષે પ્રતિબંધ કરવા ના પાડે છે પણ અનુમતિ સારૂ તો મોકલેજ છે એ ભુલવાનું નથી, જ્યારે પ્રખર વક્તાજી તમો શું કરી રહ્યા છો? રતનકેસમાં ખંડે પગે સહાય કરનાર ડોસાને ઉંઘતો મેલી કાંતીલાલને મુંડો છો! રતિલાલના લગ્નને પુરા બે વર્ષ નથી થયા એમ જાણતા છતાં, વળી શત્રુંજયના યાત્રા ત્યાગ લેવા જેને રોજ એકાસન કર્યો છે એવા એના ધર્મી પિતાને જરા સરખી ખબર આપ્યા વિના બારોબાર ઉઠાવો છો, છતાં 'આ તો ન છુટકે કરવું પડ્યું છે, એમ કહી છટકી જાવ છો? અંતરપર હાથ મુકી જોજો. આજે ભલે તમો પ્રેમભક્તોની આંખમાં ધુળ નાંખ્યા જાવ છતાં સત્ય છુપું નહીજ રહે. નોંધી રાખજો કે તમો જેને હુંડાં અવસર્પિણી કહો છો તેવા કાળમાં ઘેર ઘેર હીરકુમાર નથી પાકતા, પણ મોટે ભાગે શુધીરો ને ચિત્તવિજયોજ હોય છે. તેથીજ યોગ્યતા જોવાની જરૂર છે. માટેજ સંઘને ઠરાવ કરવા પડે છે.

આગળ પા. ૧૫૨ માં 'મુનિપણું શેમાં છે?' એ મથાળા નીચે મુનિશ્રી જણાવે છે કે "સાધુ થાય એનાં તો મન વચન અને કાયા પ્રભુના શાસનને સરખેજ સમર્પિત હોય. મુનિના વિચારમાં, બોલવામાં અને તેના અમલમાં શું હોય? શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા..... તો પછી આજ્ઞાને બાજુ મુકીને સમયધર્મ તરફ ઝુકે, એનું સ્થાન કયું?" આ પછી તો મુનિશ્રી કેવળ ધર્માંધી સળગી ઉઠી મનગમતી કલ્પનાઓ સમયધર્મના નામે ઉભી કરે છે, મુનિશ્રી છાતી ઉપર હાથ મુકીને કહી શકશે તેઓ અત્યારે જે જે કરી રહ્યા છે. અને જે પ્રકારનું આચરણ કરી રહ્યા છે એ બરાબર પ્રભુની આજ્ઞાનુસારજ છે? કદાચ એમ તો નથી કે દેખાડવાના જુદા અને ચાવવાના જુદા? પ્રેસ ચલાવવા સારૂ જ્ઞાનખાતાનો પૈસો એકઠો કરવો, ગુરૂ જોવા, કલ્પિત નામે લેખો લખવા અને ગ્રાહક કરવા સુધીની ખટપટમાં પડવું અને સ્વમાન્યતાથી જરાપણ જુદે માર્ગે જનારને ઉખેડી નાખવા સારૂ વિચિત્ર પ્રકારની ખટપટો કર્યા કરવી.' આ બધું પ્રભુશ્રીની આજ્ઞામાં આવતું હશે તેથીજ આપ કરી રહ્યા છોને? સમયધર્મની ઠેકડી કરતાં પૂર્વે ઓ મહાભર મુનિજી! જાતેજ વિચારી લેજો કે તમો પોતે એ સમયધર્મના નામે કેટલી છુટ છાટો ભોગવી છે? કેટલા અપવાદો સેવ્યા છે? હજુપણ ડગલે પગલે 'ધર્મના' નામે છુટ લીધાજ જાવ છો. 'હાથ કંકણને આરસીની જરૂર ન હોય' તેમ એની સાબિતી માટે અમદાવાદના રતનકેસથી ટાઉન હોલથી પાછા ફરતાં સુધીનો આખોયે ઇતિહાસ અવલોકી જોજો. પ્રભુ આજ્ઞાની લાંબી ચોડી વાતો કરનાર વર્તમાનમાં જ્યાં લગી આચરી ન બતાવે ત્યાં લગી એની સમજુ વર્ગપર કંઇજ અસર થતી નથી. એવાઓના જીવન માટે શ્રી આનંદઘનજી મહારાજ કહેછે કે:—

> ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં
> તત્વની વાત કરતાં ન લાજે,
> ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં
> મોહ નડિયાં કળિકાળ રાજે.

શ્રી હીરસૂરિના જીવન પ્રસંગે અંતરનો આમળાટ ઓકી કાઢતાં પહેલાં મુનિશ્રી જરા એમના જેવું જીવન જીવો નહિતો ચારેક માસ તો જીવી દેખાડો એ પ્રભાવિક પુરૂષે હિંસારત પાદશાહને પણ બોધ આપી દયાના પરિણામવાળો કરી બતાવ્યો જ્યારે તમો આજે છે તેને પણ વિકળ બનાવો છો. તમારાં પગલાં જ્યાં જ્યાં થયાં છે ત્યાં ત્યાં વૈર વિરોધ કલેશ અને ઝઘડા સિવાય બીજું કંઇ બન્યું છે ખરૂં?

યાદ કરજો કે શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાયના કલહકારી લખાણને એજ મહાત્મા હીરસૂરિએ જળશરણ કરાવી સર્વ ગચ્છો વચ્ચેનો સબંધ તુટવા દીધો નહોતો; જ્યારે આજે તમોને તો તમારા ગપગપાં ચોડવા સિવાય બીજો કોઇપણ સાધુ કે સત્ય ધર્મ પ્રરૂપક લાગતાજ નથી અને પ્રભુના આગમ સમજવાનો એકલો ઇજારોજ તમોએ લીધો છે એમ તમારા લખાણ પરથી સાબિત થાય છે. આને તે શું કહેવું? જ્ઞાનનું અજીરણ કે અજ્ઞાનતાનો મદ?

મુનિશ્રી પ્રભુના નામે પેટા ચારવા મુકી દઇ, જરા વિચાર કરજો કે કેમ તમારી ભુલ પણ ન થતી હોય! બીજાના દોષ જોવા જતાં પહેલાં પોતાના પગ નીચે જોવું એજ સમજુનું લક્ષણ!

# સાચી દીક્ષા

અથવા

## પ્લેગનાં જંતુઓ સામે લાલબતી!

(લેખક: શ્રીમાન્ ઓઘાચાર્યજી)

(૨)

દીક્ષા! ત્હારી પવિત્રતા અકથ્ય છે!
પરંતુ.........
અફસોસ!
આજે આ દીક્ષાનો પવિત્ર આદર્શ
અક્કલમંદો સમજી શકતા નથી.
ભોળાં ભગતડાંઓ પોતાની
ગુલામ મનોદશાને પારખતાં નથી.
અને તેથીજ **દીક્ષાના બજારમાં**
**ભગવાન કે શાસ્ત્રોનાં નામે ચરી ખાનારા, ને**
**ધર્માંધતાની મદિરામાં ચકચુર બની નાચનારા**
**'ઉસ્તાદો' અજબ ગજબના વેપાર આજે**
**ઉદ્ધતાઇ પૂર્વક ચલાવી રહ્યા છે.**
ચેલકાંની છપ્પનીયા જેવી ભયંકર ભુખમાં સડતા,
વિવિધ વાસનાની વેદનામાં સળગી રહેલાં
તડફડાટની સ્વયં મૂર્તિ સમા
કહેવાતા વેશધારી સાધુઓ (!) 'વૈરાગ'ના નામે
પોતાની જંગલી જમાત જમાવવા-વિસ્તારવા
સમાજમાં દીક્ષાના નામે ત્રાસ વર્તાવી રહ્યાં છે!
**શાસ્ત્રોનાં નામે એ સફેદ બગલાંઓએ**
**એ પવિત્ર સુંદરી સાથે બેશરમીથી**
**'અડપલાં' કરવા આદર્યાં છે!**
રે! બાવીશ બેવકૂફીનાં પ્રદર્શનો ખૂલ્લાં મૂક્યાં છે!

* * *

ગુણ અવગુણની પરીક્ષા કર્યાં વગર
ગમે તેવું 'પાતરે આવ્યું પાક' ગણી
સમય કે સ્થળનું ભાન ભૂલી
પાત્ર કે કુપાત્રનો વિવેક ફૂંકી બાળી,
'વૈરાગ્ય'-'વૈરાગ'ના નામે
કેવળ પોતાના જેવા તોફાની લંગોટીયા-
પાંચ પચાસ ગમાર બાળકો કે
બેવકૂફ બોકડાંઓની જમાત ભેગી કરવા
**'મૃષાવાદ' તેમજ 'અદત્તાદાન' દોષને સેવી**
**જૂઠ અને ચોરીનું ભયંકર પાપ શીરે લઇને પણ**
**ઓઘા જેવી પવિત્ર વસ્તુનું લીલામ કરી**
દીક્ષાનો દંડો પકડાવી
શીર મૂંડી નાંખવામાં મજા માને છે!
આ ત્હેમની 'રોઝવડી' ભગવતી (!) દીક્ષાનો
મહા આદર્શ છે!!!!!!!!!!!!
**તોબાહ! તોબાહ છે! એ દીક્ષાના ઔરંગઝેબોથી!**
શરમ છે! શરમ છે!
એવા કંગાળ આદર્શ (!) ધારી સાધુ (!) ઓની જીવન લીલાને!

* * *

નવનવ વર્ષના ભોળા બાળકોને ભગાડવા,
બારબાર વર્ષનાં ખીલતાં કુમારને કચરી નાંખવા,
અને પોતાના જેવા અનેક પ્રપંચી નાચો
**નાચનારી ફાતમા બીબીઓ ઉપાશ્રયમાં એકઠી કરવી.**
એજ જો એમની 'દીક્ષા'નો આદર્શ હોય તો
અધ્યાત્મનાં નામે
અધો ગમનનાં-કે આપઘાતનાં તેઓ
આખતરાંઓજ માત્ર કરી રહ્યાં છે! તેમાં ખોટું શું?

* * *

**જેની Common Sense સામાન્ય બુદ્ધિ**
**બેવકૂફીના ઝાળામાં અટવાઈ ગઇ છે.**
**જેની વિવેક દૃષ્ટિ 'અંધ દીક્ષા'નાં સન્નીપાતમાં**
**ભ્રષ્ટતાનું સ્વરૂપ લઇ બેઠી છે.**
**અને 'સાધુ આશ્રમ' જેવા પવિત્ર ને શીતળ સ્થાનને,**
**જેણે કલેશ કંકાસનું કુરૂક્ષેત્ર બનાવ્યું છે.**
**એવા સાધુનાં વેશમાં વિચરતા,**
**સાધુતાની લીલી ફુલવાડીને કરમાવતા**
**સફેદ ઠગોથી સમાજ ક્યારે ચેતશે?**

* * *

ક્ષમા અને ઉદારતા જેનાં જીવનમાંથી ચાલી ગયાં છે.
સમભાવમાં તો 'શૂન્ય'નાં સરવાળે બેઠાં છે.
અને પોથાં પાથીઓનાં ઉથલા કરી કરી
જીવનમાં એક પણ શાંતિનું ઝરણું ન ધારતાં
વધારે ને વધારે તડફડાટ અનુભવે છે.
**અંદરના તેમજ બહારનાં**
**બન્ને પ્રકારનાં કલેશો વચ્ચે જે નિરંતર સડે છે.**
**એવા કંગાળ વેશ સાધુઓ શું મોંએ**
**આજે બીજાને દીક્ષા આપવા દોડે છે?**
**રે! એજ પોતે દીક્ષાનાં મહાન આદર્શથી**
**પતીત થયેલા વૈરાગીઓ છે!**
એ દીક્ષાને સમજે શું?
દીક્ષાની પવિત્રતાને પારખે ક્યાંથી?
**મોજમજા કરવા કે બેકારોને સંઘરવા;**
**ગુંડાઓને માલપાણી ખવડાવવા કે**
**ભવૈયાઓને નાચવાનું એ ક્ષેત્ર તે દીક્ષા નથી હો!**

* * *

સમાજ! સાધુઓ પાસેથી સુંદર આશા રાખે,
ત્યાં આવા તોફાનો ધર્મને નામે ના શોભે.

* * *

જો ત્હેમની દીક્ષા-સાધુત્વનો આદર્શ-
'વૈરાગ'ના નામે સમાજમાં કલેશ કંકાસનાં બીયાં રોપવા
ભેદ ભાવની ભૂતાવળો ઉભી કરવી,
અધ્યાત્મનાં નામે પોતાના અને પરના
ચૈતન્ય કે સરળતાને મારી નાંખવા.
ચારિત્રનાં વેશ નીચે વિકૃતિનાં વંટોળ ઉડાડવા,
પરોપકારનાં વેશે પાખંડને ખીલવવા,
શાસ્ત્રોને લોહી ઝરતા શસ્ત્રો રૂપે વાપરવા,
'ત્યાગ' કે 'વૈરાગ્ય'ના નામે ભીંકુ લેવા છતાં
માત્ર વેશની પાછળ ભૂતડાં થઇને ભમવું.

અને સમકિતનાં સુંદર બગીચામાં
અહં અને મમનાં ઝેરી ઝરણાં વહાવી
ધર્મનાં નામ નીચે ખૂલ્લી રીતે
અધર્મ સેવવામાંજ સમાયો હોય તો
**એ 'આદર્શ'માં આગ ઉઠો ! સળગી ઉઠો !**

* * *

**જ્યાં જ્યાં ધર્મને નામે અધર્મ સેવાય;**
**ત્યાં તે ધર્મ નહિં, પણ ઢોંગ છે.**
**દીક્ષા જેવી રમ્ય ને શાંતિપ્રદ વસ્તુને નામે**
**સમાજમાં સંતાપની સરિતાઓ વહે,**
**બાળકોની લુંટ ચાલે,**
**ભર યુવાનીમાં ઉછેલી યુવતિની આશા હણાય.**
'ઓઘા' રૂપી દિવાસળીથી કંઇ કંઇના સંસારમાં આગ ફેલાય.
કેટલાયને ઘેર આંસુના આંધણો મૂકાય,
અને ચોમેર વેરઝેરનાં,
કલેશ કંકાસના રાગદ્વેષનાં દાવાનલો ફાટી નીકળે.
રે ! 'વૈરાગ'નાં નામે નાના બાળકોને સંતાડવા પડે,
**એ દીક્ષા નહિં......પણ સફેદ ડાકુઓની લોહી લુંટ છે !**
એ દીક્ષા નહિં પણ
અધર્મીઓનાં ઉભરવેડાંજ માત્ર છે !

* * *

**અને એ તોબાહ !**
**શરમનાં વાદળાં તુટી પડો !**
એ ધર્માંધ બુઢ્ઢાઓની છબ્બપર !
કે જે બેશરમી પૂર્વક
આ નિર્વીર્ય સમાજમાં ઉઘાડે છોગે બોલી શકે છે કેઃ—
દીક્ષા...અમે ગમે તેવી રીતે આપીએ !
અને તે દીક્ષીતને અમે ગમે તેવાં
કુડાં કર્મોદ્વારા અમારા ઓજસમાં રાખીએ !
કોઇ છોકરાને ભગાડી અમે સાધુ બનાવીએ !
ને ત્હેનો પિતા લેવા આવે ત્યારે ?
ત્યારે અમે તે સાધુને સાધ્વીનાં કપડાં પહેરાવી
સાધ્વીનાં ઉપાશ્રયમાં સંતાડી,
**સાધ્વીનાં હાથે સેવા (!)—અનાચાર કરાવી**
અમારા 'ચેલા' ને સંભાળી રાખીએ તો વાંધો નહિં !
તેવી અમને શાસ્ત્રાજ્ઞા છે !" શાસનઆજ્ઞા છે !
ઓ ! ત્રાસ ! મહામારી ! પ્લેગ ! વ્યભિચાર !
ખૂન ! અને એ જગતનાં બધાં દુર્ગુણો !
ત્હમારો પુનર્જન્મ !
એક 'આઠમંગ' આચાર્યનાં રૂપમાં
થઇ ચૂકયો છે ! ધન્ય છે !
ખતારો
વચ્ચે
આ દીક્ષા ! રે દીક્ષા !
'દીક્ષા' નહિં પણ ધર્મનાશક 'બોમ્બ' છે !
ચલાવો !
**જલદી 'બોમ્બ' ચલાવો !**

* * *

ધર્મને નામે ધૂતવાની વિદ્યામાં કુશળ
ઓ વીસમી સદીનાં સફેદ ઠગો !
શાસ્ત્રનાં નામે
સમાજમાં મૂર્ખાઓને
મદિરા પાઇ હસનારા
**ઓ કાળમુખી બંદરાઓ !**
એ સામાન્ય અક્કલ કે
ગમાર ગામડીઓ પણ જેને **અધર્મ** કહે,
એ હલાહલ 'અધર્મ' ની બદઓપર ચાલાકીથી
'શાસ્ત્ર' ની પવિત્ર ચાદર ના ખીલવો !
ત્હમારા અનુયાયીઓને—ગાડરોને
છતી આંખે 'સુરદાસ' ના બનાવો !
મનુષ્યનાં—અંદરનાં 'ચૈતન્ય' ને ન મારી નાંખો !
રે ! સાધુ બનવા છતાં
સુજનતાનું દેવાળું ના ફૂંકો !
રે ! ન ફૂંકો ! બુદ્ધિનાં બારણાં બંધ ન કરો !
સામાન્ય બુદ્ધિનો સવાલ છે ત્યાં શાસ્ત્રને વચમાં સંડોવી
શાસ્ત્રોની ફજેતી ના કરો !
આ જમાનો જુદો છે !

* * *

ગંગા જેવાં નિર્મળ, પવિત્ર ને શાંત
ધર્મને આજે અધર્મીઓ અભડાવે છે.
**સંસાર છોડીને સાધુનાં વેશ પહેર્યાં છતાં,**
**નવનવી વાસનાઓ ત્હેમને સતાવે છે.**
ત્હેમનાં જીવનમાં શાંતિ નથી.
અંતરમાં આરામ નથી.
હૃદયમાં સમકિતનો પ્રકાશ નથી.
શબ્દોમાં તપસ્વીપણું નથી.
ભાષામાં ઝહરો ઝુરે છે.
વચન ગુપ્તિનું ભાન નથી.
રે ! સુજનતાનાં જ ત્યાં સાંસા છે !
ઓ પ્રભુ !
**સાધુને સજ્જનતા ફુંકી બાળવાનાં**
**સદર પરવાના હોય ?**
જવાબદાર મનુષ્ય તરીકેનું ભાન પણ નહિં ?
'મનુષ્યત્વ'નાં બીંદુઓ પણ નહિં ?
રે ! એ સાધુ !
જો એજ સાધુતાનાં લક્ષણ હો !
તો શેતાન-કોને કહેવો ?

* * *

**શેતાનને શીંગડાં નથી હોતા.**
**કે સાધુને પૂંછડાં નથી હોતાં.**
**એ તો ગુણ ઉપર જ જીવનનાં આંક મૂકાય છે.**

* * *

અમે કલ્યાણકારી આત્માનાં પૂજક છીએ.
વ્યક્તિનાં નહિં; વેશધારીઓનાં નહિં.
અમને સાધુ સંસ્થા પ્રિય છે.
પણ સાધુતાને નામે શઠતાનાં પ્રદર્શનો
જોઇ રહેવા હરગીજ તૈયાર નથી.
સાધુ—સાધુ આત્મા પ્રિય છે.
પણ ત્હેનાં વેશ નીચે
અંધાધુંધી તોફાનો, પ્રપંચો, દગા ફટકા,

ચોરી ને લૂંટ આદિ જીવનને પાયમાલ કરનારી
ધમાલો–પ્રવૃત્તિઓ–પ્રકૃતિઓ–પ્રિય નથી.

* * *

સાધુ જ્યાં સુધી 'સાધુતા'ની હદમાં રહે
ત્યાં સુધી તે સાધુ છે.
મનુષ્ય માનવતાની હદમાં રહે.
ત્યાં સુધીજ તે 'હેવાન'થી ઉંચો છે!

* * *

શાસનક! શાસનક!
એ પવિત્ર શબ્દનીય આજે
અલેલ ટટ્ટુઓએ કમબખ્તી કરી છે.
**જ્યાં ત્યાં 'શાસનક'ના નામે**
**સાચા ધર્મને ગીલી દંડે ઉડાડે છે.**
**જ્યાં ત્યાં 'શાસનક'નાં પરમાણુ લઇ**
**બીબીઓ બજારમાં ભટકવા નીકળી છે!**
અને શુદ્ધધર્મની અવગણના કરી
'આત્મઘાત'નાં અખતરાંઓ કરી રહી છે!

* * *

રે! તેમનાં શાસનકનાં 'પરમાણુ' માંય શું ભલીવાર છે?
શાસ્ત્ર!
શાસ્ત્ર!
બીચારાઓ શું સમજે શાસ્ત્રનાં ઉંડાં રહસ્યને!
એ છાપેલાં નિર્જીવ પાનાઓમાં છુપાયલું
ચેતન તત્વ શોધવાની તેમનામાં બુદ્ધિ કયાંથી હોય?
તેમનો આત્માજ
કલેશ દાવાનળમાં બળીને ભસ્મ થયો હોય છે.
તેથી એ હાલતાં ચાલતાં મુડદાંઓનાં
મગજમાંથી વિચારશકિતય મરી પરવારી હોય છે!
વિવેકનાં સાગરો સુકાઇ ગયા હોય છે!
કહો! કહો!
શું સમજે મુડદાંઓ માતપિતાની વેદનાને!
શું સમજે એ યુવતિનાં કરૂણ વિલાપને!
રે! શું સમજે!
કયાંથી સમજે! એ બાળાની પવિત્રતાને!

* * *

સંસાર માગે છે......પહેલું એકજ કે,
**સાધુઓ! તમેજ પહેલાં સાચા સાધુ બનો!**
**સાધુતાના સ્વર્ગથી પદભ્રષ્ટ થયેલાંઓ!**
**પહેલાં પોતેજ દીક્ષા લ્યો!**
નવેસરથી દીક્ષાની બારાખડી તમેજ ઘુંટો!
અને પછી 'દીક્ષા' શબ્દ ઉચ્ચારો!
તમારી આજની નાલાયકીને પારખો!
સાચો સાધુ ચેલકાંની શોધમાં ન હોય!
ગલીએ ગલીએ ભટકનારો એ ભીખારી ન હોય!
એ તો જગતનો બાદશાહ!
આત્મ સમૃદ્ધિનાં ખજાનાનો ચક્રવર્તિ!
**'મહાવીર'ને ચેલકાઓ શોધવાની પરવા ન હોય!**
**એને તો 'ગુરૂપેલા' ગૌતમો શોધતા આવે**
વાચાળતાનો 'રોગ' તેને ન લાગ્યો હોય.
કે 'આત્મવૈભવ'નું દેવાળું ત્યાં ન હોય,
ત્યાં તો હોય શાંતિ, પવિત્રતા, શક્તિને,
સરળ આત્માની પ્રભાવવંતિ મોહીની!
એને દીક્ષાની ભવાઇઓ ખેલવાનું
સ્વપ્નેય ન સુજે.
એતો પોતાનાં રચેલાં સુગંધી સ્વતંત્ર
આત્મ બગીચામાં સોળે કળાએ 'મસ્તી'થી લ્હેરતો હોય!

* * *

નવયુગમાં સાચા સાધુઓનેજ હવે સ્થાન છે.
સિંહના વેશમાં પેસી ગયેલાં શીયાળવાંને
દૂર થવાનો પેગામ છે!

* * *

**જે દીક્ષાનાં મંગળાચરણમાંજ**
**જાૂઠ અને પ્રપંચના ખેલો રમવા પડે,**
**અનેકની આંખોમાંથી આંસુઓ ટપકે,**
**અંતરમાં રૂદનનાં ડુસકાં ઉભરાય**
**સમાજમાં કલેશાગ્નિ ફેલાય,**
**આત્મામાં દ્વેષનો અગ્નિ ધખધખે.**
એ દીક્ષા! ન જોઇએ! એવો ધર્મેય ન જોઇએ!

* * *

ચેલકાંઓ પાછળ ભૂખડી બારસ માફક
જે પોતાની સાધુતાને હણે છે.
વૈરાગનાં નામે 'પાતરાઓ' ભરી લાવનારા
મજુરો શોધે છે.
શાસ્ત્રનાં નામે ખટપટી કરનારા દાસો મેળવે છે
એજ સાધુઓ! એ સાધુજ નામને લાયક નથી.
પણ ધર્મનાં તખ્તાપર નાચનારા
રંગીલા નાટકીયાજ માત્ર છે!
ઓથો લઇને ભોળાને ભભડાવી અધોગતીના આરે
દોડનારા અક્કલમંદ ઓથમીરોજ છે;

* * *

આ જમાનો પૂછે છે;—
ઓ દીક્ષાધીઓ! શું તમારો વેશ
તમને દીક્ષાની પવિત્રતા સમજવાની ના ભણે છે?
**ફાવે તેમ નાચવાનો તમને શું Right બધાંજ**
**હક્ક આપે છે?**
શું આ સાધુનાં વેશમાં તમને ભોળીનો–
બાળકોનો વેપાર કરવાનો અધિકાર મળ્યો છે?
શાસનકનાં નામે આંખે ઉંધા પાટા ન બંધાવો!
એ દિવસો હવે ચાલ્યા જાય છે.
જલ્દી જલ્દી!
ધરમ! આત્મા! કે શાસનકને નામે
ગમે તેવો વિચાર–વ્યભિચાર કરવાનાં
એ કાળાં દિવસો ચાલ્યાં જાય છે
ચેતો! નહિંતર.........

* * *

**તમાચો લગાવી જમાનો તમને શીખવશે!**
**સબુર!**
સાધુ બનતાં પહેલાં અમારે 'મનુષ્ય' જોઇએ!
દીક્ષા લેતાં–દેતાં પહેલાં અમારે 'પવિત્રતા' જોઇએ!
શાંતિ જોઇએ! સમતા જોઇએ!

સરળતા ને સંયમ જોઇએ !
યોગ્ય વયને ઉંચી રીતભાત જોઇએ !
સંસારીઓના આનંદ ને ઉત્સવ જોઇએ !
............કલેશ કંકાસ ! રે ! નજ પાલવે !
એ પવિત્ર ક્રિયા પાછળ રૂદન ન જપે !
બીજાને તારવાના બ્હાના નીચે
પોતાની સાધુતાને હોમવાનું ન પાલવે !
આત્મપીડા કે વલખાંઓ મારવા ન શોભે !
**અમને સાચી દીક્ષાની રોશની જોઇએ !**
**કંગાળ આત્માની કાળી આત્મઘાતક લીલા નહિ !**

*

સહસ્ર વેશધારીઓ કરતાં નવયુગમાં
એક માત્ર 'આદર્શ સાધુ' અમને વંદનીય છે.

*

હવે બે શબ્દ !
બીજાનું 'કલ્યાણ' કરવાની ખુમારીમાં
ઓ ભલા આત્માઓ !
ત્હમારૂં સુકાન સંભાળો !
**અકલ્યાણતાનાં સાગર તરફ**
**ત્હમારૂં જીવનનાવ પુરપાટ ચાલી રહ્યું છે !**
જરા શાંત ચિત્તે વિચારો !
આત્મ મહુલીમાં પેસી શોધો ! જુઓ.........
ત્હમારા આત્મામાં અંધારા ઉતરે છે.
ચોમેર કાલીમા છવાય છે
ત્હમારી પવિત્ર સાધુતા ક્રમશઃ હણાય છે.
ત્હમારા નાવમાં ગાબડાં પડે છે......રે ડુબશે !
હજુય ચેતો !
સમજો !
વિચારો !
કે.....................ત્હમે
ઉંધે રસ્તે ચાલી રહ્યાં છો !
ધર્માંધતાની મોહક મદિરા ત્હમને
સાચો માર્ગ સુઝવા દેતી નથી.
આ બધાં આંધળા ગાડરીયું ભારખાનું
ત્હમને આગળ વધવા દેતું નથી.
શું દીક્ષા ! દીક્ષા......કરો છો
જે દીક્ષાનાં ત્હમે આટલાં આંસુ ગાવ છો.
'હાજીઆં' કરતાં ભગતડાં ને ભગતડીઓ વચ્ચે
ફુસાઇ ફુસાઇને રાગડા જોરથી તાણો છો.
તે દીક્ષાનું ફળ.........ત્હમેજને ?...આવા ?
આવા હઠીલા, દુરાગ્રહી અને વિવેક બધોજ
જે એવી દીક્ષાનાં ફળ રૂપે પાકે તો
એ દીક્ષામાં શો ભલીવાર હશે ?
અને તમારી દીક્ષાય તમારી જેવાંજ બીજાઓ ઘડશેને ?
શોચો ! સમાજને એવા સાધુઓ નથી જોઇતાં !
તેથી સમજો, અને પોતાનાંજ
જીવનને પુનઃ દીક્ષા આપી શાંત થાવ !

* * *

યાદ રાખો ! કે
'સંસારમાં કાંઇજ નથી અથવા
જે ઘરમાંથી એક જણે પણ દીક્ષા ન લીધી હોય
તે ઘર સ્મશાન તુલ્ય છે.'
આવા સન્નીપાતનાં ચાળાઓ પાછળ
વચનનો વ્યભિચાર કરશો,
સાચા સાધુ-સ્યાદ્વાદનાં પ્રેમીને ન પાલવે !
જીવનની દરેક સ્થિતિમાં
કાંઇને કાંઇ ખરૂં સૌંદર્ય છુપાયું છે.
જીવનની ને કાળની પ્રત્યેક અવસ્થા જરૂર
પવિત્ર-પવિત્ર છે.
**માત્ર પવિત્રતાને પારખનારી આંખો જોઇએ !**
પવિત્રતાને ઓળખવાની બુદ્ધિ જોઇએ !
નિર્મળ દ્રષ્ટિ ને વિશાળ જ્ઞાન જોઇએ !
આજ તો ત્હમારી આંખે કમળો છે,
કમળાનો રોગી પીળુંજ દેખે !
કાળો મનુષ્ય સર્વત્ર કાળાશ જુએ.
તેથી જરા દ્રષ્ટિ બદલો !
નહિંતર સંસાર આખાને ખારા બનાવતા તમે જૂડે હાથે ભુખ્યા મરશો !
અરે ! સાધુ જેવા પવિત્ર જીવનને,
લાંચ્છન લાગે છે ! સાંભળો !
આ 'ધરમ'ની પાછળ થતી 'ધર્મા ચકડીઓ'માં
કે માનપાનની તુચ્છ લડાઇઓમાં
કેવળ શુદ્રતાનો મહાસાગર ગાજે છે !
સાધુ સંસ્થાનો, મૃત્યુ ઘંટ વાગે છે !
ધર્મને પલાયન કરવાનાં પેગામો સંભળાય છે.
રે ! જૈનોની જીવનશક્તિ હણાય છે !
સમજશો ?
ઓ હઠીયા હનુમાનો !
જગત પર નવા યુગની ઉષા પથરાય છે.
ત્યારે ત્હમે !
**હજુ ૧૪ મી સદીમાં કાં સૂતા છો !**
વિવિધ સમાજો પુનર્જીવનની તૈયારીઓ કરી રહી છે,
ત્હમે મૃત્યુનાં સાથરાઓ કાં પાથરો છો ?
નવી દુનિયાનાં દીલમાં ચેતનભર્યાં સ્વપ્નાઓ આવે છે.
ત્હમે કંગાળ ભાવોમાં હજુ કાં સડો છો ?
આ જ્યોતિનો જમાનો છે
ત્યારે અંધાર યુગનાં ઓ આદમ બાવાઓ !
ત્હમે ગટરમાં હજુ કાં ગબડો છો ?
"સારૂં તે મ્હારૂં" નાં સત્રો છોડી
'આસ્તિક નાસ્તિક' નાં ભકારા શું કરો છો ?
મનુષ્ય મનુષ્ય વચ્ચે ઐક્ય સ્થાપવાને બદલે
ધર્મને નામે સમાજમાં ત્રાસ કાં વર્તાવો છો ?
અમારૂં પ્રેમામૃત લુંટી ઝેરનાં ફૂવારાં,
ઓ...............(શું સંબોધવું ?)
આંખો મીંચી કાં ઉડાડો છો ?
આ ત્હમારી સાધુતા કે ?
આજ ત્હમારી દીક્ષાનો રંગને ?
આવી સાધુની ભાષા ! આવું ત્હમારૂં દીક્ષીત જીવન ?
છીછી ! જવો ! જવો ! એવી સાધુતા (!) પર
હજારો મણ બાવળનાં લાકડાં !
ને બૂડો ! બૂડો !
ઓ બાળ દીક્ષા લો ! શરમનાં ઉંડા જળમાં !

* * *

**સંસારભરની સકળ સંસ્કૃતિઓનાં**
**પરમ ઉચ્ચ ધામ સમા**
**જૈન સાધુઓ! રે ભવ્ય સિંહાસનેથી લપસો ના!**
જગત આખું ઈર્ષાના આતશમાં સળગી રહ્યું છે.
હિંસાની આગમાં ભડભડી રહ્યું છે.
અશાંતિનાં તાવડામાં તળાઈ રહ્યું છે
તેમાં તમારા તરફથી અંગારા ન મૂકો!
**તમારી સાધુતાના શીતળ આંબાઓને**
**અંધ દીક્ષાની આગમાં ભડભડ ન બાળો!**
તમારી પવિત્રતાને
પ્રપંચનાં પાપાગ્નિમાં કૂપા કરી
ના હોમો! રે ના હોમો!
એ દીક્ષા ને ભીક્ષાનાં ભભૂકા પાછળ
જૈન શાસ્ત્રોની ભવાઈઓ ના કરો.
શાસ્ત્રો એ તો પવિત્ર ગ્રંથો છે. તેને નામે પ્રપંચો ના છાજે!
એને નામે તોફાનો તમને ન છાજે!
રે! છેવટે
તમારા આત્મકલ્યાણ માટે
આવા અળખામણાં દેખાવો હવે બંધ કરો! કરશો?

× × ×

બહુ થયું!
ભાવળીયાનાં કાંટાઓ બહુ ભોંકાયા!
હવે શાસનને વધુ નિસ્તેજ ના કરો.
હવે 'જૈનતા'ના પીછડાંઓ ન વીંખો!
રે! તમારી સાધુતા જો
જગતને જ્યોતિ ન બતાવે! શાંતિ ના આપે,
આત્માને અનેરા રંગોથી ના ઓપે,
અને સર્વત્ર આનંદની સરિતા ના વહાવે,
તો એ સાધુતા મિથ્યા જીવન છે.
અસાધુતાનાં જ એ લક્ષણો છે.
આત્મા અને આદર્શો વેચી ઉપાશ્રયમાં કરાતો
જડ પૂતળાં'ઓનો 'ઓટોમેટીક' નાચ છે.
સાધુનાં લેબાસ પહેરાવી (ગુણ નહિં પણ) સંખ્યામાં રાચનારા
રખડુઓની માત્ર પેટ ભરવાની કળા છે,
સમજશો?
**હિંદુસ્તાનનાં બોંતેર લાખ બાવાઓની**
**હરોળમાં ઉભા રહી હરીફાઈ ના કરો.**
**એમાં ગૌરવ નથી, પ્રતિષ્ઠા નથી.**
**મૂંડવા માત્રમાંજ મહત્તા નથી,**
**પણ જીવનની કળામાંજ સાચી પ્રતિષ્ઠા છે.**
સાધુનાં વેશમાંજ માત્ર સાધુનાં લક્ષણો નથી.
પણ અંતરમાંજ સાધુતાનું અમૃત હોય!
પોપટની માફક શાસ્ત્રો પઢી જવામાંજ
ડહાપણ નથી,
પણ સમયનો રંગ પારખી
વાંચેલાને બારિકાઈથી 'સમજ'વામાંજ વિદ્વતા છે.
સુણ!
**સુણ! એજ સાધુતાનો મહા આદર્શ છે.**
વેશ-ફેશ તો અનેક ભવાયાઓ ય પહેરી શકે!
આત્માની મનોહરતામાંજ
સાધુતા છૂપાણી છે
પાતરાનાં નેકોઆક યા પાણીમાં તો
અંધતાની પરિસીમા છે.
તેથી એ કૃપા નિધાનો!
અનેક 'ગુણાલંકૃત' શાસન ઉધ્ધારકો!
'ધરમ' નાં મોટા ધોરીઆઓ!
આપને...... (જો હોય તો)
આત્મમંદિરમાં સ્થાપો!
અને શાંત ચિત્તે વિચારી
પોતાની ભૂલોને 'ભૂલો' તરીકે સ્વીકારવા જેટલી
'સમ્યક્' જાહેરમાં દર્શાવવાની
પ્રમાણીકતા સેવો!
અને કહો કે!
પાંચ પાંચ દશ દશ વર્ષ સુધી
પાંચ પચાસ—સો બસો
બોકડાઓની જમાત ભેગી કરવાનાં ઘેનમાં
અમે અધ્યાત્મશાસ્ત્રની, માનસશાસ્ત્રની, અને
માનવતાની પૂરણ હાંસી કરી છે—કરાવી છે.
ધર્મને નામે અમે આંધળીયાં માત્ર કર્યા છે.
અનધિકારી ચેષ્ટાઓ આદરી હતી!
પ્રભો! ક્ષમા કરો!
ક્ષમા કરો! શાસન દેવ!
સૌને ક્ષમા કરો! બાળ દીક્ષાર્થિને ક્ષમા કરો!
એ બીચારા રોષને પાત્ર નથી પરંતુ દયાને પાત્ર માની ક્ષમા કરો!

× × ×

ૐ કલ્યાણમ્!
નવા યુગનાં આદિલનો! ઓહ!
આવો! પૂર જોશથી આવો!
ખખડધ્વજ ખંડેરો તોડી
નવા બંગલાઓ ચણો! આવો! સ્વાગતમ્!
**નવયુગનાં જાગી ઉઠેલા જૈનો**
આજે હવે 'જૈનત્વ' નો પ્રકાશ શોધે છે.
**જૈનધર્મની તેજસ્વી રોશની જોવા ચાહે છે.**
સાચું જીવન,
સાચી સાધુતા,
સાચી માનવતા,
સાચો ધર્મ,
સાચા શાસ્ત્રો,
અને 'સાચા' 'સાચા' ના પાયાપર
વિવેકપૂર્વક
વિચાર સહિત,
દીર્ઘ દ્રષ્ટિ અને ભવ્ય ભાવનાથી,
જૈનોનું નવસર્જન કરી શકે,
તેવા તેજસ્વી બહાદુર યુવકોને જખે છે.
**ચેતનથી છલછલતા અને**
**ઇચ્છા શક્તિથી ઉછળતાં**
**આનંદી, પ્રતાપી, પવિત્ર ને**
**વીરત્વનાં ચમકારા કરતાં**
**સાધુઓ, સાધ્વીઓ,** શ્રાવક અને શ્રાવિકાઓ.
ચાહે છે!
નવયુગ! સ્વાગતમ્! સ્વાગતમ્

જય હો !
સાચી દીક્ષા નો !
સાચી સાધુતા નો !
સાચી માનવતા નો !
અને
'મનુષ્યત્વ' ના વિકાસમાં
સુંદર ફાળો આપી શકે
તેવા
ધર્મ
અને
સૂત્રનો !
જય હો !
અસ્તુ.

# નોંધ.

## અમરેલીના સંઘનો વહીવટ.

અમારા અંકમાં આપેલી હકીકતને અંગે રા. અમરેલીકર તરફથી જવાબરૂપે ચર્ચાપત્ર અમોને મળ્યું હતું. તે ચર્ચાપત્ર બીજા પત્રમાં પ્રસિદ્ધ થયું છે. તેનો સાર એ હતો કે વકીલ સુંદરજીભાઈ વહીવટ ઘણા વરસથી ચલાવે છે ને તે બહુ સારી રીતે ચલાવે છે ને પક્ષાપક્ષીને લીધે આ ચર્ચા ઉપસ્થિત થઇ છે, છેવટે ચર્ચાપત્રી વહીવટ તપાસવા યુવકસંઘો વગેરેને આમંત્રણ કરે છે—યુવકસંઘને કે અમારે અમરેલીના પક્ષોની સાથે કાંઇ સંબંધ નથી. હિસાબ ચોખ્ખો રહેવો જોઇએ. વહીવટ કેવા પ્રકારે ચાલ્યો છે તે તપાસ્યા વગર માલુમ પડી શકે નહિ. અમરેલીકરનું આમંત્રણ સત્તાવાર ગણાય નહિ. વહીવટદાર તરફથી સત્તાવાર આમંત્રણ મળે તોજ યુવક સંઘ તે સંબંધમાં ગોઠવણ કરવાનો વિચાર કરી શકે.

વળી સામા પક્ષથી વકીલની નોટીસ સુંદરજીભાઇ પર આપવામાં આવી છે એમ જણાય છે. આ બાબતમાં વધારે આગળ પગલાં ભરાય તે પહેલાં મધ્યસ્થ માણસોને વહીવટ તપાસવા દેવા જો સુંદરજીભાઇ કબુલ થાય તો વધુ પગલાં ભરવા મુલતવી રાખવાની અમે યુવકમંડળને સુચના કરીએ છીએ. વાત વધારે લાંબી થવાથી સમાધાનનો માર્ગ મુશ્કેલ થઇ પડે છે.

## પાલેજમાં જૈનોનાં ઘર અગીઆર કે એકાવન ?

### મી. ઝવેરીને ચેલેંજ.

મુંબઇ સમાચારના તા. ૧૭ મી ના અંકમાં મુંબઇ જૈન યંગમેન સોસાયટીની સભાનો હેવાલ છપાયો છે તેમાં મી. ઝવેરી પોતાના ભાષણમાં બોલ્યા છે કે "પાલેજની અંદર જ્યાં ફક્ત અગીઆર ઘરજ શ્રાવકોના છે ત્યાંનું સ્વયંસેવક મંડળ ઠરાવો કરી છાપામાં મોકલી આપે છે આ તેઓની કેવી પ્રપંચ લીલા છે વીગેરે."

જૈન સ્વયંસેવક મંડળની મીટીંગમાં અયોગ્ય દિક્ષાની વિરૂદ્ધમાં થએલા ઠરાવ મારા મુકેલા હોવાથી જાહેરમાં ગેર સમજુતી ન થાય તેથી મારે ખુલાસો કરવો પડે છે. પાલેજમાં જૈનોનાં ઘર અગીઆર નહી પણ એકાવન છે અને જૈનોની વસ્તી આસરે ત્રણસો માણસની છે. હું મી. ઝવેરીને પુછું છું કે તમો કયા આધારે પાલેજમાં જૈનોનાં ઘર ફક્ત અગીઆર છે એમ બોલ્યા ? અને હમારા ઠરાવમાં તમોને કેવી અને કઇ પ્રપંચ લીલા જણાઇ ?

હમારૂં મંડળ યંગમેન સોસાયટીની જેમ દુધપાકીઆ કે પોચામંડળ નથી, પરંતુ નવલોહીઆ, નિસ્વાર્થી જૈન યુવકોનું બનેલું છે અને જેની પાછળ પાલેજના આખા સંઘનું બળ રહેલું છે અને જૈન સમાજની ઉન્નતિ માટે સતત પ્રયાસ કરી રહ્યું છે હમારા મંડળે આ તરફ કેટલી પ્રગતિ કરી છે. અને સહાનુભુતી મેળવી છે તે તમારા જેવા મુંબઇમાં રહી સભાઓ ગજાવી જાણનાર ગૃહસ્થો ક્યાંથી જાણે ? તમારા ગુરૂ રામવિજયજીના ગુરૂ પ્રેમવિજયને પૂછી જોજો કે પાલેજમાંથી અનુક્રમના પરોઢીએ ચાર વાગ્યામાં શા માટે વિહાર કરી જવો પડયો ? અને યુવકોના સવાલોના જવાબ કેમ આપી ન શક્યા ?

મી. ઝવેરી તમારી આંખોના અંધશ્રદ્ધાના પડળને દુર કરી જોશો તો જણાશે કે આખા હિંદુસ્તાનમાં પરમપૂજ્ય શ્રી વિજયવલ્લભસુરીજી પાછળ કેટલો સંઘ સમુદાય છે ? તમારા મુંબઇ, સુરત, અમદાવાદ, કે પાટણમાં ભલે યંગમેન સોસાયટીના અંધશ્રદ્ધાળુ ભગતો રામવિજયની વકીલાતો કરતા ફરે પણ બીજી દરેક જગ્યાએ જુઓ કે રામવિજય તરફ કેટલો વિરોધ સળગી રહ્યો છે ? પૂજ્ય શ્રી વિજયવલ્લભસુરીજી રામવિજયની પેઠે નથી છાપા છપાવતા કે પ્રપંચીઓ દ્વારા પોતાની જાહેરાત કરતા છતાં પણ સમાજ તેમને અનુસરે છે કારણ કે સમાજ પોતાનું હિત શેમાં છે તે હવે સારી રીતે સમજે છે અને કોઇની પણ વાકયચાતુરીમાં અંજાય તેમ નથી, તમો મુંબઇના આટલા પ્રચારકાર્યથી શા માટે ગભરાઇ જાઓ છો ? અત્યારે યુવકોના હૃદયમાં અગ્ની સળગી રહ્યો છે, અમે યુવકોએ તો નિશ્ચય કર્યો છે કે જ્યાં સુધી સમાજમાં શાન્તિ ન થાય ત્યાં સુધી તન, મન અને ધનથી કાર્ય કર્યાજ કરશું.

મી. ઝવેરી તમે હમારા ઠરાવોમાં અગર કાર્યમાં કાંઇપણ પ્રપંચલીલા ન હોવા છતાં માની તે અજબ થવા જેવું છે. કમળાવાળો માણસ બધાને પીળા દેખી શકે છે પરંતુ પોતાની આંખ પીળી છે તેનો વિચાર કરતો નથી, તમારે ત્યાં કેટલી પ્રપંચલીલા થાય છે તે જૈનજીવન, જૈનઆદર્શ, અને પોલ-પત્રિકામાં છપાય છે તો તેવા આક્ષેપોનો જવાબ તમો આપી શકતા નથી ને એક સિધા અને સાદા ઠરાવોથી ગભરાઇ જઇ પ્રપંચલીલાની ઉપમા આપો છો.

છેવટમાં હું તમને જણાવું છું કે તમો સાબિત કરો કે પાલેજમાં જૈનોનાં ઘરો ફકત અગીઆર છે અને અમારા મંડળના ઠરાવોમાં પ્રપંચલીલા છે. હજુ પણ હમો આનાથી કડક ઠરાવ કરશું અને અયોગ્ય દિક્ષા વિરૂદ્ધ પ્રચારકાર્ય કરીશું. સત્યનો છેવટ જય છે તે સર્વે જાણે છે પરમાત્મા તમોને સદબુદ્ધિ આપે અને અંધશ્રદ્ધાથી દુર થઇ શાસન ઉન્નતીના કાર્ય કરવા પ્રેરે. લી० ચીમનલાલ છોટાલાલ.

# સુચનાઓ.

(૧) આ પત્રિકા કોઇપણ જાતના અંગત લાભ માટે પ્રગટ કરવામાં આવતી નથી. ગ્રાહકોએ પત્રિકાના વાંચનનો ફેલાવો થાય તેવો પ્રયાસ કરવો. મંડળો પાસેથી તો આ બાબતમાં અમે ખાસ આશા રાખીયે છીએ કારણ કે યુવકોના મંડળોના સહકાર ઉપર જ આધાર રાખી અમોએ આ કામ ઉપાડેલું છે.

(૨) પત્રિકા સબંધી સઘળો પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો (જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦ વસીયારામ બીલ્ડીંગ જકરીઆ મસજીદ, મુંબઇ.)

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી; અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ, નં. ૨

# શ્રી પાટણ સંઘને યુદ્ધનું આહ્વાહન.

પાટણમાં આજે જે ઝુંબેશ ચાલી રહી છે તે તરફ આખો જૈન સમાજ આશાભરી નજરે જોઇ રહ્યા છે. પ્રાચીન કાળથી જૈન નગરી તરીકે ગણાતા પાટણ શહેરમાં આજે અયોગ્ય દીક્ષા વિરૂદ્ધ સંગીન બહુમતીથી એક ઠરાવ થાય તે પાટણના જૈનોને મગરૂબ થવા ઉપરાંત આખા જૈન સમાજ માટે પણ એક ગૌરવભર્યો અને અનુકરણીય બનાવ ગણાય. ઠરાવ ઘણો સાધારણ છે. તેમાં તો માત્ર એક માસની જાહેરાત અને સંઘની સંમતિ એ બેજ તત્વો સમાયેલાં છે છતાં તે ઠરાવ જરૂર ઘણો મહત્વનો કહેવાય. કારણ કે તેનાથી નિરંકુશ અને સ્વછંદી સાધુઓની અનેક સમાજઘાતક પ્રવૃત્તિઓ ઉપર શ્રી સંઘની સર્વોપરિ સત્તાની પુનઃ સ્પષ્ટ ઉદ્‌ઘોષણા થાય છે. આવા એક સામાન્ય ઠરાવ સામે પણ કેટલાક સાધુઓ તરફથી પોકાર કરવામાં આવ્યો છે. આ પોકાર પાછળ રહેલું માનસ કેવું સ્વાર્થી અને કંગાળ હશે તે અમે સમજી શકતા નથી. શું તેઓ સંઘનો કોઇપણ જાતનો અંકુશ સ્વીકારવા તૈયાર નથી? અને જો તેઓ તૈયાર ન હોય તો ચોક્કસ સમજી લેવું કે અંધશ્રદ્ધાને અવલંબી સમાજ ઉપર જમાવેલી સત્તા તેઓને છોડવી ગમતી નથી, તેમજ તેમના નિરંકુશ જીવન ઉપર કોઇપણ જાતનો સામાજીક અંકુશ તેમને પાલવતો નથી. અત્યારે સ્પષ્ટ રીતે જાહેર કરવાની જરૂર છે કે જો સાધુ સમુદાયને સમાજ ઉપર અવલંબીને રહેવું હોય તો તેમણે સામાજીક અંકુશ સ્વીકારવોજ પડશે અને આવા કોઇપણ સાધુને આવા સામાજીક અંકુશ કબુલ ન હોય તો તેઓએ મહેરબાની કરી શ્રી સંઘનો આશ્રય છોડી દઇ, પોતાના માનેલા આત્મ કલ્યાણને અર્થે સહરાના રણમાં કે હિમાલયની ગુફામાં જઇ રહેવું અને એથી સમાજને જરા પણ નુકશાન થવાનું નથી. સાધુની ફરજ જોખમદારી અને પ્રવૃત્તિઓ જોતાં, તેમની એકપણ પ્રવૃત્તિ એવી નથી કે જેની સાથે સમાજને સીધો કે આડકતરો સંબંધ ન હોય. સમાજસહકાર સિવાય સાધુ સમુદાય કોઇપણ કાળે જીવ્યો નથી હાલ જીવતો નથી અને ભવિષ્યમાં જીવશે પણ નહિ.

સાધુ વંદનીય છે તે તેમના વિશુદ્ધ ચારીત્રને લઇને અને નહિં કે કોઇપણ પ્રકારની સત્તાને લઇને. સામાજીક બંધારણમાં શ્રી સંઘથી સાધુનું અલગપણું અથવા સ્વતંત્રતા સંભવીજ કેમ શકે? શ્રી સંઘ એ પ્રજાસત્તાક રાજતંત્ર છે. અને શ્રી સંઘ આજ્ઞા તે પ્રજામત છે. શ્રી સંઘ ઉપર સાધુની વ્યક્તિગત અથવા સામુદાયીક સત્તા ઠોકી બેસાડવાનો આગ્રહ આ સંઘના પ્રજાસત્તાક બંધારણ સંબંધી અજ્ઞાન સૂચવે છે. એટલુંજ નહિ પણ તેમાં એને ઉથલાવી નાખવાની કાવત્રાખોર ચાલબાજી છે. પ્રજાસત્તાકની સામે ઉપરવટ અને વિરૂધ્ધ થઇને, આ સાધુસાહી જે સત્તા સ્થાપવા માગે છે તે કબુલ કરવામાં આવે તો, પોપશાહી જેવા જુલ્મોને ઉત્તેજન મળશે, દંભ અને ભ્રષ્ટાચાર પ્લેગ માફક ફાટી નીકળશે અને જીવન નિરંકુશ બની અનેક પ્રાણઘાતક પ્રવૃત્તિઓથી સમાજનું નીકંદન થશે. આજકાલ કેટલાક સાધુઓની પ્રવૃત્તિઓ જોતાં, સાધુ સમુદાય ઉપર શ્રી સંઘની દૈવી સત્તા મજબુત કરવાની ખાસ આવશ્યકતા જણાય છે. અને જે સાધુ સંઘની આજ્ઞા સામે આંખ પણ ઉંચી કરવાની હિંમત કરે તો તેને પદભ્રષ્ટ કરવા સિવાય બીજો માર્ગ નથી.

પાટણના ઠરાવ ઉપરથી એક સંઘના બંધારણનો મહત્વનો મુદ્દો સ્પષ્ટ થાય છે. એ વાત તો ચોક્કસ છે કે ભાદરવા વદ ૧૧ ને દિવસે પાટણમાં શ્રી સંઘની એક સભા મળી હતી અને તેણે સંગીન વધુ મતીથી ઉપરોક્ત ઠરાવ પસાર કર્યો છે. જે ભાઇઓ અત્યારે લઘુમતીમાં છે તેમણે 'ઠરાવ થયો નથી,' 'એ જુઠું છે' વિગેરે મિથ્યા પ્રલાપ કરી, સંઘનું અપમાન કરી સંઘમાં વૈરવૃત્તિ ફેલાવવા કરતાં, પોતાની લઘુમતીને વધુમતીમાં ફેરવવા બંધારણપૂર્વક, વ્યવસ્થિત રીતે પોતાના વિચારોનો ફેલાવો કરવો તેજ યોગ્ય માર્ગ છે અને તેમાંજ સુજ્ઞતા સમાયેલી છે. પરંતુ જ્યાં સુધી પોતાની લઘુમતીને વધુમતીમાં ફેરવી ન શકે ત્યાં સુધી તો સંઘના થયેલા ઠરાવને વ્યવહારમાં તેઓએ સ્વીકારવોજ જોઇએ. અને જો આ પ્રમાણે લઘુમતી દરેક વખતે તડ પાડવાની વૃત્તિ બતાવે તો સમાજ કંઇપણ વ્યવસ્થિત કાર્ય કરી શકેજ નહીં અને સમાજમાં અંધાધુંધી, અવ્યવસ્થા અને અરાજકતા જરૂર વ્યાપે. પાટણ અને બીજા બધા સંઘો અને જ્ઞાતિ મંડળો જરૂર આ વાતનો ખ્યાલ રાખે.

આ ઠરાવની સામે સ્વેચ્છાચારી સાધુઓ ઝંડો ઉઠાવે તે સમજી શકાય તેવું છે પરંતુ પાટણના કેટલાક જૈન ભાઇઓએ પરગામના ગુંડાઓ (!) ની મદદથી વ્યવસ્થિત હીલચાલ અને વિરોધ ન કરતાં, ગુંડા નીતિ કેમ અખત્યાર કરી હશે! એ સમજાતું નથી. સંઘવી નગીનદાસ કરમચંદે આ બાબતમાં જે નીતિરીતિ અખત્યાર કરી છે તે તેમના જાહેર જીવનને શોભારૂપ ગણાશે નહિ. તેમનો આસો સુદ ૧ નો બહાર પડેલો ઢંઢેરો પોતે દિવસે બનેલા સત્ય ઠરાવને તદ્દન ખોટો કહેવાની ધૃષ્ટતા કરે છે અને સ્વેચ્છાચારી સાધુઓની નિરંકુશ પ્રવૃત્તિને ઉત્તેજન આપવા પાટણના દ્વાર હમેશને માટે ખુલ્લા મુકે છે. આ ઢંઢેરો કઇ સત્તાની રૂએ તેઓ બહાર પાડે છે? પાટણને નામે સ્વચ્છંદી સાધુઓને આવું ગુલામીખત લખી આપવાની સત્તા તેમને કોણે આપી છે અને આ દ્વારપાળને પાટણના દ્વાર ખુલ્લા રાખવા માટે કોણે નીમ્યા છે અને શી સત્તા સાથે? આ ઢંઢેરો તો અફઘાનીસ્તાનની મુલ્લાશાહીને ટેકો આપતા બચ્ચા–ઇ–સાકાના ફતવા જેવો કોઇ ગણે તો નવાઇ નથી. જેમ બચ્ચા–ઇ–સાકા જેવાની મદદપર મુલ્લા મુલ્લાશાહીએ અફઘાનીસ્તાનની ફુલી ફાલેલી વાડીરૂપી રાષ્ટ્રનો નાશ કર્યો તેમ આપણી સાધુશાહી આવા શેઠીઆઓની મદદથી સંઘસત્તા અને વ્યવસ્થાનો નાશ કરવા તૈયાર થઇ છે. અને આ છેલ્લા ઢંઢેરાથી પાટણના શ્રી સંઘને યુદ્ધનાં આમંત્રણ અપાયાં છે.

આજે પાટણને યુદ્ધના આ આહ્વાહનથી જૈનોના આધુનિક ઇતિહાસને ઘડવાની અણુમોલી તક મળી છે. અમોને સંપૂર્ણ ખાત્રી છે કે પાટણનો સંઘ એવો તો નિર્બળ નથી કે આ આહ્વાહન ન ઝીલે. પારકાઓની મોરલી ઉપર નાચનારાઓની પ્રવૃત્તિઓ પાટણના અનુભવી વૃદ્ધ સેનાપતિઓ અને ઉત્સાહી યુવાન સૈનિકો ક્યાં સુધી સાંખી લેશે? આ લડતમાં સકલ સ્થાનના સંઘોની આબરૂ અને વિજયનો આધાર પાટણના શ્રી સંઘને હાથ છે. આ આહ્વાહનને પાટણનો શ્રી સંઘ એકજ રીતે જવાબ વાળી શકે અને તે એજ કે દરેક દરેક સાધુને ખુલ્લી રીતે જણાવે કે પાટણના બની બેઠેલા દ્વારપાળે ખુલ્લા રાખેલા દરવાજામાં દાખલ થઇ પાટણના સંઘના ઠરાવની વિરૂદ્ધ જઇ પાટણમાં કોઇને પણ દીક્ષા આપવી એ મૃગજળશાં ફાંફાં છે. જેની માએ શેર સુંઠ ખાધી હોય તે પાટણના સંઘની સત્તાનો સ્વાદ ચાખી જુએ.

પાટણ ગાજ્યું છે. વર્ષજો!!!

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

આગમ વાણી ?                                                    Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રીઃ—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૮ મો. | સંવત ૧૯૮૫ ના આસો વદ ૧ શનીવારે તા. ૧૯–૧૦–૨૯ | લવાજમ છુટક નકલ અડધો આનો.

## 'શૈક્ષ્યનિષ્કે ટિકા'કારની આગમ વાણી ?

અજ્ઞાન તિમિરાન્ધોનું જ્ઞાનાંજનશલાકાથી જેમણે નેત્રોન્મીલન કર્યું છે તેવા સદ્‌ગુરૂ શ્રી સાગરાનંદસૂરિએ જ્યારે આ ભવની અપેક્ષાએ આઠ વર્ષની ઉમ્મર હોવા છતાં અનન્તકાળથી ભવભ્રમણ કરી રહેલ વૃદ્ધ આત્માને દીક્ષા આપીને ઉદ્ધાર કરવાનો વિચાર જાહેર કર્યો ત્યારે શ્રી જામનગરના સંઘે તેનો વિરોધ કરી નિષેધ કર્યો. આ નિષેધ સામે 'સંઘ કોણ થાય છે ?' એવો આગમપારગામી આચાર્યે પડકાર કર્યો ત્યારથી તે અત્યાર સુધીમાં પ્રસ્તુત સૂરિ સમ્રાટે વ્યાખ્યાનો, લેખો, ચેલેન્જે, પત્રિકાઓ અને વાર્તાલાપો દરમિયાન સંઘના સ્વરૂપ સંબંધી જે ભિન્ન ભિન્ન ઉદ્‌ગારો પ્રગટ કર્યા છે તેની સંકલિત સમાલોચના કરવી એ આ લેખનો ઉદ્દેશ છે. આ સમાલોચના ઉપરથી માલુમ પડશે કે પોતાના મન્તવ્યની આડે જ્યારે કોઇપણ સંઘ આવે છે ત્યારે પોતાના મન્તવ્યનું સવિશેષ સમર્થન અને પ્રચાર છોડી દઇને સંઘની પ્રતિષ્ઠાનો ઇનકાર કરવામાં ઉત્તરોત્તર કનિષ્ટ યુક્તિઓનોજ પ્રયોગ કરવામાં આવ્યો છે. આપણો આશય તો એ સર્વ યુક્તિમાં રહેલ સારા સાર માત્ર શોધવાનો છે.

પ્રથમ દલીલ તો એ છે કે જે સંઘની સભામાં સાધુ સાધ્વી તેમજ શ્રાવિકા હાજર ન હોય અને માત્ર કેટલાક પુરૂષોજ એકઠા મળ્યા હોય તે સંઘની સભા જ ન કહેવાય. કારણ કે સંઘ શબ્દથી શાસ્ત્રોમાં ચતુર્વિધ સંઘનું જ પ્રતિપાદન છે. અત્યાર સુધી જેવી સભાઓને સાધારણ સંઘની જ સભાઓ તરીકે પોતે સ્વીકારતા આવ્યા છે અને જેવા સંઘની આજ્ઞાને શિરોમાન્ય ગણવી જોઇએ તેવો પોતે ઉપદેશ કરતા આવ્યા છે તેથી આમ અન્ય પ્રકારે તેઓ કેમ કથન કરતા હશે ? અલબત્ત, જેમ સંઘની સભામાં હેતુપૂર્વક સાધુ સાધ્વી તેમજ શ્રાવિકાઓનો બહિષ્કાર કરવામાં આવ્યો હોય તેને સંઘની સભા ન જ કહેવાય, પણ અમુક વર્ગો સાધારણ રીતે હાજર ન રહેતા હોય તેથી તે સંઘની સભા ન કહેવાય એમ બોલવું તે તો પોતે જે સંઘની આજ્ઞા લોપવા માગે છે તે ઢાંકવા માટેની ખાલી યુક્તિ જ છે. આવીજ રીતે નાતની સભા મળે છે અને તેમાં સ્ત્રીઓ હાજર નથી રહેતી તેથી સહેજે કોઇ કહેશે કે આ નાતની સભા નથી. આ તો નાતના કેટલાક સ્વાર્થી પુરૂષોની જ સભા છે.

હવે બીજી દલીલ એવી કરવામાં આવે છે કે જો સંઘ શાસ્ત્રવિરૂધ્ધ આજ્ઞા કરે તો તે માનવાને સાધુ બંધાયેલ નથી. કોઇપણ સંઘની આજ્ઞાને શાસ્ત્રવિરૂધ્ધ કહેતા પહેલાં કોઇપણ સાધુએ ખૂબ વિચાર કરવો ઘટે છે. કારણ કે શાસ્ત્રનાં પ્રતિપાદનો અનેકવિધ હોય અને તેને અનેક અપવાદો લાગુ પડતા હોય—એ બધાનો દેશકાળ અનુસાર યોગ્ય વિચાર કરીને નિર્ણય આપવાનું કાર્ય સ્થાનિક સંઘનું છે. દાખલા તરીકે શાસ્ત્રમાં લખ્યું હોય કે દરેક સંઘે જૈન સાધુનું ઉચિત સન્માન કરવું અને તેમના આહારવિહારની યોગ્ય વ્યવસ્થા કરવી—એમ છતાં પણ કોઇ સાધુના આગમનથી સંઘમાં કલેશ પેદા થવાનો સંભવ હોય તો સંઘ તેવા સાધુને આવતા અટકાવી શકે છે.

આવો જ દીક્ષાનો વિષય છે. કોઇ મોટી ઉમ્મરના યોગ્ય દેખાતા માણસને કોઇ સાધુ દીક્ષા આપવા માગતા હોય એમ છતાં સંઘને તપાસ કરતાં માલુમ પડે કે દીક્ષા લેવા તૈયાર થયેલ માણસે એવું કાંઇ કાર્ય કર્યું છે કે દીક્ષા લીધા બાદ તેના ચારિત્રમાં વિક્ષેપ પડવા સંભવ છે તો સંઘ તેવા માણસને દીક્ષા આપતાં તેમજ લેતાં અટકાવી શકે છે. આ ઉપરથી સમજાશે કે વ્યવહાર દૃષ્ટિએ પ્રત્યેક સંઘની સત્તા શાસ્ત્રોથી પણ અબાધિત છે. જો પ્રત્યેક સાધુ સંઘનો અમુક ઠરાવ કે આજ્ઞા શાસ્ત્રસંમત છે એમ ન્યાય આપવા બેસે તો પછી સંઘની સત્તા કોઇને પણ માન્ય રહે નહિ. અને આખી વ્યવસ્થાનો ભંગ થાય. આ વિચાર દર્શાવતાં છતાં એટલું પણ સાથે સાથે કબુલ કરવું જોઇએ કે વિચારોની ચારે બાજુએ અથડામણીના પ્રસંગે એવું પણ કદાચિત બનવા સંભવ ખરો કે સંઘની અમુક આજ્ઞા પ્રમાણીકપણે કોઇપણ સાધુને ધર્મ વિરૂદ્ધ લાગે. આવા પ્રસંગે તે સાધુએ શું કરવું ? આવા પ્રસંગે કોઇપણ જૈન સાધુ એમ તો બોલી નજ શકે કે 'સંઘ કોણ થાય છે ?' પ્રસ્તુત વિરોધ પ્રસંગે તે સાધુ પોતાનો અભિપ્રાય આખી સમાજના ગળે ઉતારવા દીનતા અને વિનયપૂર્વક બને તેટલો પ્રયત્ન સેવે, વિરોધ પૂર્વક સંઘની આજ્ઞા સ્વીકારે, અને તેમ ન બને તો તે સંઘના આશ્રયનો ત્યાગ કરી અન્યત્ર ચાલી જાય. પણ સંઘ વચ્ચે રહી સંઘની આજ્ઞા લોપી સંઘના અવગણના કરાવવા એ તો જૈન સાધુને કદાપિ ન શોભે.

એવી પણ દલીલ કરવામાં આવે છે કે સાધુ સંસ્થાની ઉપર કશો પણ ઠરાવ કરવાની સત્તા જૈન સંઘને છેજ નહિ. એક બાજુએથી સંઘનું સ્વરૂપ ચતુર્વિધ વર્ણવવું અને બીજી બાજુથી આવી દલીલ કરવી એ વદતો વ્યાઘાત જેવું ગણાય.

પોતાના અંગઉપાંગનું નિયમન કરવું એ સમસ્ત શરીરનો સ્વાભાવિક ધર્મ છે.

યુવકો સામે બીજી દલીલ એ ધરવામાં આવે છે કે તમે તો વ્યક્તિસ્વાતંત્ર્યના પક્ષકાર છો અને કોઈ સાધુ કોઈને દીક્ષા આપે એમાં તમને આડે આવવાનો શો અધિકાર ? આમ કહેનાર સ્વાતંત્ર્યના તત્વને સમજતો જ નથી એમ કહેવું જોઈએ. પહેલાં તો સ્વાતંત્ર્યનો અર્થ સ્વચ્છન્દ છેજ નહિ. આજે જે વ્યક્તિસ્વાતંત્ર્યની માગણી કરવામાં આવે છે તેનો અર્થ એટલોજ છે કે અત્યાર સુધીની સમાજવ્યવસ્થામાં સમાજ રક્ષાના બહાને વ્યક્તિને હદબહાર ખુંદવામાં આવી છે અને સ્ત્રીઓ—અન્ત્યજો, નીચેના વર્ણો—સર્વ દલિત વર્ગોના વિકાસને ચારે તરફથી રૂંધવામાં આવેલ છે. તે સર્વને સ્વાતંત્ર્યની અપેક્ષા છે. ઉછરતા બાળકને તેમજ ઉગતા યુવાનને એટલો સ્વાધીન અને પરતંત્ર રાખવામાં આવે છે કે તેનું વ્યક્તિત્વ ખીલીજ શકતું નથી અને સૌ કોઈ યંત્રથી નિર્માયેલા પુતળાં જેવા બની જાય છે. સમાજના વધારે પડતા વિધિનિષેધથી વ્યક્તિ તેમજ સમષ્ટિઉભય પ્રાણહીન બની રહ્યા છે. આ બધા સામે વ્યક્તિ સ્વાતંત્ર્યની માગણી કરવામાં આવે છે. પણ આ સ્વાતંત્ર્ય અનેક પ્રકારની મર્યાદાની અપેક્ષા સદા રાખતુંજ આવ્યું છે. વાણી સ્વાતંત્ર્યનો અર્થ એમ નહિ કે કોઈ પણ માણસ ફાવે તેમ બોલી શકે અને મનમાં આવે તેમ ગાલિપ્રદાન કરી શકે. વર્તન સ્વાતંત્ર્યનો અર્થ એમ નથી કે કોઈ પણ સ્ત્રી કે પુરૂષ અનુકુળ પડે તેવો વ્યવહાર આચરી શકે અને ઇચ્છા થાય તો ભરબજારે નાગા નાચી શકે. તેથી અયોગ્ય દીક્ષા નિષેધ સામે વ્યક્તિસ્વાતંત્ર્યની દલીલ લાગુ પડી શકતી નથી. વળી કોઈને દીક્ષા આપવી યા ન આપવી એ સાધુના માત્ર વ્યક્તિગત વર્તનનો પ્રશ્ન નથી. એક મનુષ્યનું સંસારી દશામાંથી સાધુપણામાં સંક્રમણ એ સાધુ વર્ગ તેમજ સમસ્ત સંઘ ઉભયને સીધો અને એકસરખી રીતે લાગતો વળગતો પ્રશ્ન છે. જેમ સંઘ કોઈપણ માણસને દીક્ષા આપવાની ફરજ પાડી શકતો નથી. તેવીજ રીતે દીક્ષા જેવો મહત્વનો અધિકાર કે જેથી આજે ગણાતો પામર માનવી આવતી કાલે સમસ્ત જૈન જનતાને વન્દનીય બનવાનો છે તે અધિકાર સમસ્ત સંઘની અનુમતિ સિવાય કોઈ પણ સાધુ કોઈને આપી શકતો નથી. કોઈપણ વ્યક્તિ સાધુપદ સ્વીકારવાને યોગ્ય છે કે નહિ તેનો એકાન્ત નિર્ણય સાધુ શી રીતે કરી શકે ? ઉપરથી સારો દેખાતો હોય છતાં અંદરથી ભારે બદમાશ હોય. તેના પૂર્વચરિત્રની સાધુને કશી પણ માહિતી ન હોય. તેથી આવા મહત્વના વિષયમાં જેવી રીતે નાતની અનુમતિ સિવાય લગ્ન થઈ શકતા નથી તેવીજ રીતે સંઘની અનુમતિ દીક્ષા લેનાર તેમજ દેનાર ઉભયના કલ્યાણ અર્થે પુરેપુરી અપેક્ષિત છે.

આ બધી તો બુધ્ધિપૂર્વક દલીલો થઈ. પણ તેટલાથી સંતોષ ન માનતા સૂરિચક્રચુડામણિ આગમનિગમ દૃષ્ટા સાગરાનંદજીએ શાસ્ત્ર આજ્ઞાથી અયુક્ત એટલે પોતાના મન્તવ્યથી વિરૂધ્ધ એવા સંઘ માટે 'હાડકાનો સમુહ' એવું વિશેષણ શાસ્ત્રોમાંથી શોધી કાઢ્યું છે અને દુર્લભબોધિ, નાસ્તિક, અભવી, મિથ્યાત્વી, ધર્મદ્રોહી, પાખંડી ઈત્યાદિ વિશેષણો જાણે કે ઓછા પડતા હોય તેમ જ્યારે ને ત્યારે પોતે માની લીધેલા ધર્માભિપ્રાયથી વિરૂધ્ધ અભિપ્રાય ધરાવનાર સમુહને 'હાડકાનો સમુહ' અથવા તો હાડકાનો માળો' એવા ઉપનામથી અનેકવાર તેમણે સંબોધ્યા છે અને તેમનીજ પ્રકૃતિના પ્રસિધ્ધ પ્રખર વકતા મુનિપ્રવર શ્રી રામવિજયજીએ વિરોધીઓને ગાલિપ્રદાન કરવામાં પ્રસ્તુત આગમોધ્ધારક આચાર્યનું અનેકવાર અનુકરણ કર્યું છે. એક બાજુએ 'મિત્તિ મે સવ્વભૂએસુ' એમ સવાર સાંજ નિયમિત પાઠ કરનાર સાધુ કે શ્રાવક બીજી બાજુએ માત્ર ધર્મ વિરોધીઓ તો શું પણ કોઈ જીવાત્માને પણ 'હાડકાનો માળો' શી રીતે કહી શકે એ કલ્પનામાં આવતું નથી. એમ કહેતાં છતાં પોતાને અહિંસક શી રીતે ગણાવી શકે અને ભાષા સમિતિના પાલક શી રીતે લેખાવી શકે તે બુધ્ધિમાં ઉતરતું નથી. કોઈ પણ માણસને 'મારો ભાઈ' 'મારો સમાનધર્મી આત્મા' એમ નહિ કહેતાં 'હાડકાનો માળો' કહીને બોલાવવામાં આવે તે કેવી કનિષ્ઠ મનોદશા કહેવાય ? અહિંસાની વાતો કરનાર, સર્વ જીવમાત્રમાં મૈત્રીનો ઉપદેશ કરનાર, રાગદ્વેષનો વિરોધ કરનાર જ્યારે સંપ્રદાય અંધ બને છે ત્યારે તેનામાં એકાન્ત નિષ્ઠુરતાનો જ વિકાસ થાય છે. તે માની લીધેલા ધર્મ ખાતર નથી કરતો અહિંસાની અપેક્ષા કે નથી ધરતો સત્યની ચિન્તા. તે ધર્મ ખાતર અદત્તાદાન કે બ્રહ્મચર્ય ભંગને નિભાવી લે છે અને ધર્મોધ્ધારના બહાને સીધી વા આડકતરી રીતે દ્રવ્ય પરિગ્રહ કરતાં અચકાતો નથી. તેના દીક્ષા પ્રદાનમાં કે ધર્મ પ્રચારમાં એકલી નિષ્ઠુરતા—હૃદય શૂન્યતા—અને એટલેજ હિંસકતા દેખાય છે. તે ધર્મના કારણે અનુકૂળતા પ્રમાણે અસત્ય બોલી શકે છે; ગાલીપ્રદાન કરી શકે છે વિરોધી સંપ્રદાયો સાથેના વર્તનમાં 'શઠં પ્રતિ શાઠ્યં કુર્યાત્' એ નિયમમાંજ તે એકાન્તપણે માને છે. અને પોતાના માનેલ વર્ગોનાં દુષિત કૃત્યો છુપાવવા અને પોતાની મહત્તા વધારવા ફાવે તેટલાં માયા મૃષાવાદ સેવે છે. 'હાડકાનો માળો' એ આવા સાંપ્રદાયિક વિપર્યયનું જ પરિણામ છે.

અનુલેખ :–આ પ્રમાણે સૂરિચક્રચૂડામણિ કલિકાળસર્વજ્ઞ સાગરાનંદજીની છુટી છવાઈ આગમવાણીના નમુનાઓ અને તેની ઉપર મારી મંદમતિ અનુસાર મુકેલાં ટીપ્પણનું પ્રકરણ સમાપ્ત થાય છે. તેમણે છેલ્લી ચોપડીમાં 'શૈક્ષ્ય નિષ્ફેટિકા' શબ્દનો જૈન સમાજને પ્રથમ પરિચય કરાવ્યો છે. તેનો અર્થ શિષ્યચોરી થાય છે. તે ચોપડીમાં કેવા શિષ્યોની ચોરી 'શૈક્ષ્ય નિષ્ફેટિકા' ગણાય અને કેવા શિષ્યોની ચોરી તે કોટિમાં ન આવે તે વિષે સારૂં વિવરણ કર્યું છે અને 'શિષ્ય ચોરી'ના શાસ્ત્ર ઉપર તે સારો પ્રકાશ પાડે છે. આ શાસ્ત્રના પાંચમા આરામાં તે મુખ્ય મિમાંસક હોઈને આ લેખને મેં 'શૈક્ષ્યનિષ્ફેટિકા' કારની આગમ વાણી' એવું મથાળું આપવું ઉચિત ધાર્યું છે

**પરમાનંદ.**

---

## કુડચીના અત્યાચાર.

કુડચીમાં દીગંબર મંદિરમાં થયેલી મૂર્તિની આસાતનાની હકીકત જૈન સમાજથી હવે અજાણી નથી. આ બાબતમાં અત્રેના જુદા જુદા મંડળોના આશ્રય નીચે એક જાહેર સભા શ્રીયુત જમનાદાસ મહેતાના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. (૧) મૂર્તિભંજન કરવા માટે તીરસ્કાર જાહેર કરવાનો, (૨) સત્તાવાળાઓની આ બાબતને અંગેની ઉદાસીનતા માટે ખેદ દર્શાવવાનો, (૩) યોગ્ય રીપોર્ટ તથા તપાસ કરવા માટે કમીટી નીમવા સંબંધી ઠરાવો કર્યા હતા.

કમીટી પોતાનું કાર્ય જલદી શરૂ કરશે ને કુડચીના આપણા જૈન બંધુઓને થયેલા અને થતાં અન્યાય દુર કરવા ફળીભૂત થશે એવી અમો આશા રાખીયે છીયે ચળવળ વ્યવસ્થિત તથા સતત્ ચલાવવાથી જરૂર શુભ પરિણામ આવશેજ.

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉદ્દેશો અને આત્મનિવેદન.

પ્રસ્તુત આત્મનિવેદનની ચોથી કલમ નીચે પ્રમાણે છે.

"સમાજમાં રહેલ અનેક હાનિકારક રીવાજો અને માન્યતાઓ અને ધર્મના નામે ચાલતો દંભ દુર કરાવવો એ હું મારી ફરજ સમજું છું."

આજે આપણી સમાજમાં પ્રચલિત કયા કયા રીવાજો હાનિકારક છે અને ધર્મના નામે કયા કયા પ્રકારનો દંભ ચાલી રહ્યો છે તે વિષે લોકોને સમજણ આપવાની જરૂર રહી જ નથી. બાળલગ્ન, વૃદ્ધ વિવાહ, મરણુ પાછળ રડવું કુટવું, કન્યાવિક્રય, લગ્ન મરણુ પાછળ મોટા ખર્ચો, વિધવાની અવમાનના, સ્ત્રીઓનો લાજ કાઢવાનો વ્યવહાર, જ્ઞાતી અનેક બાબતો સમાજના પ્રાણુની શોષક છે અને તેથી તે સત્વર જવી જોઇએ એ સૌ કોઈ કબુલ કરે છે. પણ આપણામાં અભાવ છે પ્રસંગ આવ્યે પોતાના અભિપ્રાયને વળગી રહેવા જેટલા નૈતિક બળનો અને બીજાને ત્યાં આવો અનાચાર થતો હોય ત્યારે વિરોધ કરવાની શક્તિનો–ડાહ્યા ડાહ્યા માણુસો પણુ પોતાને ત્યાં અવસર આવે છે ત્યારે રૂઢિના ગુલામ થઈ બેસે છે અને પોતાની નિર્બળતાનો બચાવ શોધે છે. તેથી જ ઉપર જણુાવેલ બાબતો કેટલાય કાળથી નિષેધ યોગ્ય સિદ્ધ થયા છતાં આપણુા સમાજમાં ઓછા વધતા પ્રમાણુમાં હજુ પણુ પ્રવર્તી રહી છે. આજે આપણી જ્ઞાનશક્તિ નપુંસક બની ગઇ છે. જે જ્ઞાનમાંથી કાર્ય કરવાની તાકાત આવે, સત્ય વસ્તુનો પક્ષ કરવાનું અને અસત્ય વસ્તુનો વિરોધ કરવાનું બળ આવે તે જ જ્ઞાન સાર્થક ગણાય. જેનામાં જાણવા છતાં પણ પુરુષાર્થ કરવાની વૃત્તિ પેદા ન થાય તેને માટે બીજું શું ઉપનામ ધરે ? જેને શાસ્ત્રમાં પ્રશસ્ત ક્રોધ કહે છે તે આપણામાં રહ્યો નથી. કોઇ પણ ઠેકાણે અત્યાચાર, અધર્મ કે પાખંડ જોતાં આપણી આંતરડી ઉકળતી જ નથી. 'આપણે એમાં શું કરીએ' એમ બોલી આપણે આપણી સ્વાર્થ સાધનામાં જ મશગુલ રહીએ છીએ. આવી વિચાર પરંપરાથી પ્રેરાઇને આપણે આપણા માટે નવા પ્રકારની ફીલસુફી ઘડી કાઢી છે. 'આપણે સૌમાં સારા કહેવાવું અને ખોટું લગાડવું નહિ. ગમે તેટલું શુદ્ધ હોય છતાં લોકવિરુદ્ધ હોય તેવું આચરણુ કરીને લોકોમાં અળખામણા થવું નહિ, 'લોગ વિરુદ્ધચ્ચાઓ' જયવિયરાય સૂત્રમાં પણુ કહ્યું છે. 'મિત્તિ મે સવ્વ ભૂએસુ વેરં મજ્ઝં ન કેણઇ' એ તો આપણું જીવનસૂત્ર છે. ચાલતું હોય તેમ ચાલવા કરે. તેમાં આપણે વચ્ચે પડીએ નહિ. ઘર બાળીને તીરથ કરીએ નહિ. આખી દુનિયાને સુધારવાનો આપણે કાંઇ પટ્ટો લખાવી લાવ્યા નથી.' આવી દલીલોથી આપણે અનેક હાનિકારક રીત રીવાજોને સાંખી તેમજ આડકતરી રીતે પોષતા આવ્યા છીએ. આ બધા સામે ઝુંઝવાનું આપણે બળ કેળવવું જોઇએ. શું સારૂં છે અને શું ખોટું છે તેનો વિવેક પ્રાપ્ત થયા બાદ પોતે એવા કોઇ પણ ખોટા કાર્યમાં સહકાર નહિ આપે એવી પ્રતિજ્ઞા લેવી જોઇએ. આજે આપણી સામાજિક બદીઓ સામે જુદી જુદી રીતે મોટા પાયા ઉપર જંગ ચલાવ્યા સિવાય છુટકોજ નથી. સમાજના સામાન્ય વર્ગમાં એટલી બધી જડતા ઘર ઘાલી બેઠી છે કે ક્રાન્તિ ભરી વાતો અને ચર્ચાથી પોતામાં કશું પરિવર્તન થવા દે એમ છેજ નહિ. અને સામાજિક ક્રાન્તિ સિવાય સ્વરાજ્ય પ્રાપ્તિ ખાલી ભ્રમણા છે. તેથી વૈશ્યોની ગણુના પરાયણુ દ્રષ્ટિ છોડીને આપણે આપણી ખોટી રૂઢિઓનું ઉન્મૂલન કરવા કોઇપણુ ભોગે તત્પર થવું જોઇએ.

જેવી રીતે આપણું સામાજિક સમાર્જન થવાની જરૂર છે તેવીજ રીતે ધર્મના નામે ચાલતા અનેક પ્રકારના દંભો સામે બળવો કરવાની આપણુને એટલીજ આવશ્યકતા છે. દાખલા તરીકે અસ્પૃશ્યતા એ ધર્મના નામે ચાલતો એક પ્રકારનો દંભજ છે. આ રીતે આપણુા દેશમાં અનેક પાખંડીઓની પૂજાઓ થઇ રહી છે. દેવ દેવીઓની માનતા ચાલી રહી છે. ઐહિક લાભાલાભની અપેક્ષાએ ભિન્ન ભિન્ન પ્રકારની હિંસક અને અજ્ઞાનમૂલક પ્રવૃત્તિઓ ધર્મના નામે પ્રવર્તી રહી છે. આ બધી બાબતો દંભનીજ પોષક છે. જ્યાં લોકો ભોળા અને અજ્ઞાન હોય ત્યાં ગુરૂઓ દંભી અને પાખંડી હોય. 'ધાર્મિક દંભ સંબંધમાં પણુ આપણે આંખ આડા કાન કરવામાંજ ડહાપણુ માનતા હોઇએ છીએ. કોઇ સાધુ અપવિત્ર આચરણુ વાળો હોય તો પણુ તેને જાહેરમાં વાંછતાં આપણુને જરાપણુ સંકોચ થતો નથી. સંકટ કે ઉપદ્રવ પ્રસંગે પાખંડી જેવી ગોરજીના દોરાધાગાનો લાભ લેવા આપણે ચુકતા નથી. અજ્ઞાન સ્ત્રીઓને વશ થઇને અનેક બાવા જોગી ફકીરની ઉપાસનાને ઉત્તેજન આપીએ છીએ. મોટા માણુસોના અપકૃત્યોનો આપણે સંઘ કે સમાજની પ્રતિષ્ઠા જાળવવા ખાતર ઢાંક પીછોડો કરીએ છીએ. જગત આગળ આપણે આપણા સાધુઓ આપણી ધાર્મિક સંસ્થાઓ–ખુબ ચોખ્ખા છીએ એમ દર્શાવવાનો આપણુને ખૂબ મોહ હોય છે અને તેથી આપણુને દ્રષ્ટિગોચર થતા અનેક અનાચારો, દાંભિક ક્રિયાઓ, ધાર્મિક જીવો દુનિયાના પ્રકાશને જોવા પામતાજ નથી અને અંદરને અંદર સડો વધતોજ જાય છે. પાપને ઢાંકવાથી પાપ નાશ પામતું નથી. ઉલટું સમાજના પ્રાણુને ઉંડે ઉંડે કોરી ખાય છે. તેથી જેનામાં સમાજહિતની સાચી ધગશ હોય તેણે જ્યાં જ્યાં દંભ દેખાય, પાખંડ દેખાય, છળ દેખાય, ત્યાં ત્યાંથી બહાર ખેંચી લાવીને સમાજ શરીરને બને તેટલું નિર્મળ અને સ્વચ્છ બનાવવા પ્રયત્નશીલ બનવું. અન્તઃશુદ્ધિ વિના બાહ્ય ઉત્કર્ષ લાભપ્રદ બનતો નથી એટલુંજ નહિ પણુ ઘણી વખતે અસાધારણુ અકલ્યાણુનું કારણુ બને છે.

પરમાનંદ.

## અમલી કામ.

### એક નિવેદન—

સમાજની આજની પરિસ્થિતિથી એક એક યુવાન હૃદય બળબળી રહ્યું છે. અંધશ્રદ્ધા અને હાજીહાનો જમાનો પૂરો થયો છે. લકીરના ફકીર બનવાની વાત ગળે ઉતરે તેમ નથી. સડી ગયેલી રૂઢીઓ, લોહી પીતા રીવાજો, ધર્મના નામે ચાલતાં ધતીંગો, અત્યાચારો તેમજ વ્યભિચારો હવે એક ઘડી પણુ ચલાવી શકાય તેમ નથી. તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કરી યોગ્ય પરિવર્તન કર્યેજ છુટકો છે, નહિ તો સમાજનો મૃત્યુઘંટ સંભળાય છે.

યુવકો જાગ્યા છે, અમલી કામને માટે ઉત્સુક છે. સમાજના ક્લેશમય વાતાવરણુથી કંટાળી ગયા છે; ગામે ગામ, શહેરે શહેર, સંઘે સંઘ અને મંદિરે મંદિરે જાગૃતિ અને

પરિવર્તનની ચીનગારીઓ ફેલાઇ રહી છે, અને ક્રાન્તિની લહેર જે જગતભરમાં વ્યાપી રહી છે તે જૈન યુવક હૃદયોને પણ જગાવી રહી છે.

આ કટોકટીના સમયે આપણે યુવકો ચેતી જઇએ, ભુરકીઓ અને ભ્રમણાઓથી બચી જઇએ. આપણો માર્ગ આપણેજ શોધી લેવા કમર કસીએ, અને અમલી કામ તરફ પગલાં માંડીએ તો કોઇની તાકાત નથી કે આપણા નિર્ધાર-નિશ્ચય કે નિર્ણયને દબાવી, કચરી કે ઉવેખી શકે.

મુંબઇ નગરીમાં યુવક સંઘની અનુકુળતાએ **શ્રી યુવક પ્રતિનિધિ પરિષદ** બોલાવવી આવશ્યક જણાય છે. તેમાં પ્રાંતે પ્રાંતના યુવક સંઘોના મુખ્ય સંચાલકો તથા યુવક પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેનાર યુવક હૃદયોને નિમંત્રણ આપવું. સમાજની પરિસ્થિતિનો વિચાર કરી એક પ્રશ્નપત્ર તૈયાર કરી ચર્ચા માટે રજુ કરવું અને જે જે વિષયના નિર્ણયો-પરિવર્તનની આવશ્યકતા જણાય તેના સ્પષ્ટ નિર્ણયો કરવા અને રચનાત્મક કાર્યની દિશા નક્કી કરવી.

આ સંમેલન સફળ થાય, તેમાં સાચા કાર્યકર્તા પ્રતિનિધિ આવે અને પોતપોતાના પ્રાંતની પરિસ્થિતિનો વિચાર કરી રચનાત્મક કાર્ય દિશામાં ફાળો આપે તે માટે સારૂં પ્રચાર કાર્ય થવું જોઇએ.

આવું એક સંમેલન ભરવાની આ યુગે અતિ ઘણી આવશ્યકતા છે.

શ્રી યુવક સંઘના મંત્રીઓ તથા સભ્યો આ નિવેદન પર વિચાર કરશે કે? મધુકર.

# સુરત જીલ્લા જૈન યુવક સંઘની સ્થાપના.

સુરત અને તેની આજુબાજુના પ્રદેશના જૈન ભાઇઓ જેઓ યુવક સંઘની પ્રવૃત્તિ તરફ સહાનુભૂતિ ધરાવતા હોય તેવા ભાઇઓની એક જાહેર સભા સુરત ખાતે તા. ૧૨-૧૦-૨૯ વીજયા દશમીના શુભ દિવસે રાત્રીના આઠ વાગે શ્રીયુત ધનરાજ જે પરમારના પ્રમુખપણા નીચે ગીઠુલવાડીના ખુલ્લા ચોગાનમાં મળી હતી, જે વખતે લગભગ પાંચસો ગ્રહસ્થોએ હાજરી આપી હતી. શરૂઆતમાં યુવક પ્રવૃત્તિને અંગે કેટલાક વિવેચનો થયા બાદ શ્રી સુરત જીલ્લા જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી, તેના ઉદ્દેશો નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યા હતા.

(૧) જૈનોની ધાર્મિક, આર્થિક, અને સામાજીક ઉન્નતિનાં ઉપાયો રાષ્ટ્રહિત સાચવીને યોજવા અને અમલમાં મુકવા.

(૨) રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં બને તેટલી સહાય આપવી, અને જૈન સમાજમાં રાષ્ટ્રીય ભાવનાઓ ખીલે તેવા પગલાં લેવાં.

ત્યારબાદ યુવક સંઘના સભ્ય થવા ઇચ્છનારે પ્રતિજ્ઞા પત્ર ઉપર સહી કરવા માટે એક આત્મનિવેદન નક્કી કર્યા બાદ બંધારણ તથા નિયમો ઘડી કાઢવા કેટલાક ગ્રહસ્થોની કામ ચલાઉ કમિટી નીમવામાં આવી હતી.

આ પ્રસંગે સુરતનાં આમંત્રણને માન આપીને શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રીયુત ફકરભાઇ સુંદરભાઇ વકીલ, શ્રીયુત ઉમેદચંદ બરોડીઆ તેમજ ચીમનલાલ એચ. સંઘવીએ ખાસ હાજરી આપી હતી. અને સુરતના જૈનોએ આ હીલચાલ ઉપાડી લેવા માટે તેઓને ધન્યવાદ આપવાની સાથે પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં.

સંવંત ૧૯૮૫ ના આસો શુદ ૧૧ ને સોમવારે રણુજના શ્રી જૈન સંઘે કરેલો દિક્ષા સંબંધી

**ઠરાવ.**

" હાલની પરિસ્થિતિ જોતાં રણુજમાં જેઓએ દિક્ષા લેવી હોય તેઓએ એક માસ પહેલાં જાહેર છાપામાં જાહેરાત કર્યા પછી તેની યોગ્યતાની ખાત્રી થતાં સંઘની સંમતિ મેળવી દિક્ષા આપી શકાશે. આની વિરૂદ્ધ વર્તનાર અથવા તેમાં ભાગ લેનાર સંઘના ગુન્હેગાર ગણાશે.

પાટણના શ્રી સંઘે દિક્ષા સંબંધી જે ઠરાવ કર્યો છે તેને અમે અંતઃકરણપુર્વક સહાનુભૂતિ આપીએ છીએ.

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સામાન્ય સભા.

ઉપરોક્ત સંઘની એક સામાન્ય સભા મંગળવાર તા. ૨૨-૧૦-૨૯ ના રોજ પાયધુની ઉપર આવેલ માંગરોળ જૈન સભાના હોલમાં તા. ૧૧-૧૦-૨૯ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ બંધારણ સંબંધમાં કરેલ સુચનાઓપર વિચાર કરી યોગ્ય નક્કી કરવા મળશે. તે વખતે સંઘના દરેક સભ્યોને હાજરી આપવા વિનંતી છે.

સુચનાઓ

૧ નવા વર્ષથી દાખલ ફી લેવાનું ઠરાવેલું છે તે ધારો કાઢી નાખવો.

૨ કાર્યવાહક સમિતિમાં ત્રેવીસ સભ્યો છે તેના બદલે પચીસની સંખ્યા નક્કી કરવી અને તે નીચેની પદ્ધતિએ રાખવી ૪ મંત્રીઓ તથા ૧૬ સભ્યો સામાન્ય સભા ચુંટી શકશે અને બાકીના પાંચ સભ્યો ચુંટાયેલા સભ્યો ચુંટી ઉમેરી શકશે.

૩ વાર્ષિક મીટીંગમાં બંધારણ સંબંધમાં ફેરફાર લેવો નહિ.

૪ નવા વર્ષની ચુંટણી માટે એક સભ્યના અનુમોદન સાથેના નોમીનેશન પેપર માગવા અને આવેલ પેપરમાંથી ચુંટણી કરવી.

૫ તે ઉપરાંત મંત્રીઓ તરફથી રજુ થતા કાર્યપર વિચાર ચલાવવામાં આવશે. લી.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

## યુવક સંઘોની સ્થાપના.

યુવક સંઘની સ્થાપના ગુજરાત કાઠીઆવાડના જુદા જુદા ગામોમાં યુવકો તરફથી કરવામાં આવે છે પત્રિકાના અગાઉના અંકામાં પડેલાના મંડળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તે પછી કરજણમાં યુવક સંઘની સ્થાપના કરવામાં આવી છે. મોરબીમાં યુવક મંડળ સ્થાપવામાં આવ્યું છે જેના ઉદ્દેશ મુંબઇ શ્રી જૈન યુવક સંઘના ઉદ્દેશોને મળતા છે રાજકોટમાં યુવક સંઘ સ્થાપવામાં આવ્યો છે તેના ઉદ્દેશ તથા નિવેદન અત્રેના યુવક સંઘને મળતા છે. તે પછી ખંભાતના યુવકોએ યુવક સંઘની સ્થાપના કરી છે ખંભાત જુના વિચાર વાળાઓના કિલ્લા તરીકે ગણાતું હતું. ત્યાં આગળ યુવકોએ જે હિંમત યુવક સંઘની સ્થાપના કરવામાં દેખાડી છે તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે અનેક પ્રકારની સામાજીક અગવડો યુવકો સામે મુકવામાં આવશે તો પણ ખંભાતના યુવકો ઉપાડેલા કાર્યને વળગી રહેશે તેવી અમોને ખાત્રી છે. યુવક સંઘ સ્થપાય તેટલાથી કામ પુરૂં થતું નથી. જે વિચારો સંઘની સ્થાપના પ્રસંગની મીટીંગમાં રજુ કરવામાં આવ્યા છે તે દિશાએ યોગ્ય પ્રયાસો કરવામાં આવે તે ખાસ જરૂરનું છે.

આત્માનંદ જૈન મહા સભાના નવમા સંમેલને યુવક સંઘની દીક્ષાની નીયમાવળીનો સ્વીકાર કર્યો છે.

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ નં. ૨

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

પ્રવચનકારની માયા જાળ.

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| અંક ૯ મો. | સંવત ૧૯૮૫ ના આસો વદ ૯ શનીવાર<br>તા. ૨૬-૧૦-૨૯ | લવાજમ છુટક નકલ<br>અડધો આનો. |

## આવતો અંક બંધ.

દિવાળીના તહેવારોને લીધે અમારો આવતો અંક બંધ રહેશે.

## યૌવન.

(૧)

યૌવન—

એટલે નિત્ય નૂતનતા:
આત્મ ઓજસના ચમકાર,
અને ભાવનાની ભરતીઓ.

× + ×

દયાથી છલોછલ ભરેલું યૌવન—
સત્યની ઉપેક્ષા ન કરે
પ્રેમમય યૌવન પ્રાણવાન—
ન હોય એમ ન બને.

વીરતા અને ક્ષમા:
નમ્રતા અને નીડરતા:
સેવા અને સહકાર:
યૌવનના શણગાર છે.

+ + ×

સંયમ વિહોણી શક્તિ, નર્યું પશુ બળ છે;
શક્તિ વિહોણો, સંયમ નરી નિર્બળતા છે.

યૌવન—

સંયમ અને શક્તિનો:
રસ અને કલાનો:
ત્યાગ અને રાગનો:
સુંદર સમન્વય સાધે.
ભાવનાઓ અને આદર્શોને
મૂર્તિમંત કરવા આત્મસમર્પણ કરે.
અન્યાય અને જુલમ સ્હામે,
નિડરપણે બળવો પોકારે.

× × +

(૨)

યૌવન—

એટલે જીવનની વસંત:

વિશ્વમાં વસંત ઉભરે.
મ્હોર ફુટે, ને
કોયલ ટહુકે:
રસવતીના રસ,
અને પૃથ્વીના ગંધ:
આલ્હાદ અર્પી, નવસર્જન-પ્રેરે.

× × ×

સહુ જીવનનાં તપ,
અને સ્નેહ મીઠાશ
પ્રકટતી ઉષા સમાં આશા સ્વપ્ન;
અને નિરાશાની કાજળ ઘેરી છાયા:
સુખ અને દુઃખ,
તડકો અને છાંયડો:
એ તો સહજ છે, આ સંસારના તપોવનમાં.

પણ સાચું યૌવન—
વિરોધની ઉપેક્ષા,
ને દુઃખની તિતિક્ષા કરી,
નિજ જીવનને ઘડે છે:
આંતર પ્રેરણાએ વિકાસ સાધે છે.
અને એમ આત્મનની
અનસ્ત વસંત ઉગે છે.

× × ×

"મૃત્યુ દેહનાં, આત્માનાં નહી."
એ દીવ્ય મંત્રને, જીવન મંત્ર બનાવી;
સંસારના દાવાનળ, ને—
પ્રલયના ઝંઝાવાત સ્હામે,
એ અમર યૌવન ઝુઝે છે:
જીર્ણને-નકામાને, સંહારી:
નવસૃષ્ટિ સર્જે છે.

વંદન હો! એ યૌવનને!—અને,
એ અમર યૌવનધારી યુવાનોને!!

—વનવિહારી પ્રાગ્વાટ.

# જૈન યુવક સંઘના ઉદ્દેશો

અને

# આત્મનિવેદન.

૫

**गुणाः पूजास्थानं गुणिषु नच लिंगं नच वयः ।**

પ્રસ્તુત આત્મનિવેદનની પાંચમી કલમ નીચે પ્રમાણે છે. “ સાધુ વેશમાં ફરતા ચારિત્ર ભ્રષ્ટ સાધુ-સાધ્વીને સાધુ-સાધ્વી તરીકે હું સ્વિકારતો નથી.”

એક વખત મનુષ્યની ઉચ્ચતા અને પવિત્રતાનું નિર્માણ જન્મથીજ નક્કિ થતું હતું. ઉંચા વર્ણમાં જેનો જન્મ થયો હોય તે ઉંચો ગણાતો હતો; પવિત્ર પુરૂષોની સંતતિ પવિત્ર મનાતી, હલકા કુળમાં જન્મ પામનાર હલકો ગણાતો. એક વખત ગમે તેવો બ્રાહ્મણ પુજ્ય મનાતો અને સમાજ પાસેથી પુજા તેમજ સેવા પોતે માત્ર બ્રાહ્મણ કુળમાં જન્મ્યો છે તેજ કારણે અપેક્ષા કરતો. આવીજ રીતે શુદ્ર કુળમાં જન્મેલો શુદ્ર ગમે તેટલું પવિત્ર જીવન ગાળતો હોય છતાં તે શુદ્ર છે એટલાજ કારણે શિષ્ટ સમાજ તેનો અનાદર કરતો. આ ઉચ્ચ નીચના ખોટા ધોરણે અનેક પાખંડો પોષ્યા છે અને અનેક સંમાનનીય પુરૂષોના અપમાન કરાવ્યા છે. આ ખોટા ધોરણને વશ વર્તીને આજે પણ કેટલાએ ગોસાંઇઓ શંકરાચાર્યો, અને આગાખાનો પુજાય છે. બ્રાહ્મણ એટલે ઉંચો અને શુદ્ર એટલે નીચો-એ અસમાનતા પોષક ભાવના સામે પચ્ચીસસો વર્ષ પહેલાં ભારત વર્ષના ઇતિહાસમાં પહેલ વહેલો બળવો ભગવાન્ મહાવીર અને બુદ્ધે કર્યો. તેમણે જાતીની ઉચ્ચતા કરતાં વ્યક્તિગત ઉચ્ચતા ઉપર વધારે ભાર મુક્યો અને યજ્ઞ યાગાદિ ક્રિયાકાંડ સામે સમ્યગ ચારિત્રની પ્રતિષ્ઠા કરી. આ રીતે ભારત વર્ષની જનતાનાં મોહ પડળ તેમણે દૂર કર્યા અને ઉંચા નીચાનો-સાચા ખોટાનો-સારા ખરાબનો-તેમણે સાચો વિવેક દર્શાવ્યો. તેમની કૃપાથી આજે આપણે કોઇપણ વ્યક્તિને તેના ઉંચા કુળ કે જાતિમાં જન્મ હોવાના કારણે આપણે તેને ઉંચો ગણતાજ નથી તેમજ તેની ખોટી પૂજાને આપણે મિથ્યાત્વ ગણીએ છીએ. આમ એક પડળ દૂર થયા છતાં તે પાછળ બીજું પડળ આપણને હજુ ખુબ પીડી રહ્યું છે અને સમ્યગ દર્શનનું ભારે બાધક નીવડયું છે. તે પડળ વેષ પુજાનું છે. આપણે વંશની પવિત્રતામાં માનતા બંધ થયા છીએ. પણ વેશ પાછળ વારંવાર આંધળા થયા છીએ અને વારંવાર છેતરાયા છીએ, આપણે પીળાં, સફેદ કે ભગવાં વસ્ત્ર પાછળ મરી પડીએ છીએ અને તેવા વસ્ત્રના ધારકમાં ભોળા ભાવે અનેક ઉત્તમ ગુણોની સંભાવના કરી બેસીએ છીએ. અનુભવની સખ્ત ઠોકરો વાગે નહિ ત્યાં સુધી આ સંભાવનાની મીઠી નિદ્રામાં સુઇ રહેવાનુ આપણે હમેશાં પસંદ કરીએ છીએ. આ આપણા બુદ્ધિભ્રમ અથવા તો અંધશ્રદ્ધાને લીધે આપણા સમાજમાં સાધુ સન્યાસીઓના છળ પ્રપંચ ખૂબ વધી ગયા છે અને ખરી સાધુતા લુપ્ત થતી આવી છે. આ કારણને લીધે પીળું એટલું રૂપું અથવા તો પીળું એટલું સોનું-આમ માની બેસવાની આપણી આ વૃત્તિનો ઉચ્છેદ થવો ઘટે છે અને સાચા ખોટા રૂપિયાનો વિવેક પ્રાપ્ત થવો જરૂરનો છે. આમ માત્ર સાધુની પરીક્ષા કરવાની શક્તિ પ્રાપ્ત કરવામાંજ આપણા કર્તવ્યની પર્યાપ્તિ આવી નથી પણ અત્યારની ભોળી જનતાના કલ્યાણ અર્થે જે ખોટો રૂપિયો લાગે તેને ખોટા તરીકે જાહેર કરવાની આપણામાં હિંમત કેળવવાની ખાસ જરૂર ઉભી થઇ છે. આપણી વણીકવૃત્તિ આપણને એમ શિખવે છે કે ‘ કોઇ સાધુ કુમાર્ગગામી હોય તો તેના ફળ તે ભોગવશે. આપણે તે જગ જાહેર કરી ધર્મની હેલના શું કામ કરવી ? પણ આ અજ્ઞતા નિભાવી લેવાની આપણી વૃત્તિએ આખા સમાજ તેમજ ધર્મ શરીરનું ખૂબ અકલ્યાણ કર્યું છે. કારણ કે આચ્છાદિત થયેલો એક ચારિત્ર ભ્રષ્ટ સાધુ જાત જાતના પાખંડ સરજે છે, અને અનેકનાં પતનનું નિમિત્ત બને છે. તેવા સાધુની આસપાસ અનેક સ્વાર્થી ધૂર્તો ભેગા થાય છે તે ધૂર્તોના સ્વાર્થ સરે તેવી ગોઠવણો થાય છે અને તેના બદલામાં તેઓ તે સાધુની સાધુતાનાં ગુણગાન દિગન્તમાં ફેલાવે છે. સડેલ અંગનો શરીરરક્ષા ખાતર ઉચ્છેદ કરવોજ જોઇએ. નહિ તો આખું શરીર સડવા માંડે. આવી રીતે સાધુતાના નામે ચરી ખાનાર અને જગતને છેતરનાર આ સાધુ વ્યક્તિને જે ઉઘાડો પાડે છે તે સમાજની મોટી સેવા કરે છે એ નિઃસંશય છે. સારાને સારા સૌ કોઇ કહે આજે ખોટાને ખોટું કહેવાની હીંમત જોઇએ છીએ. સત્યની સાચી ઉપાસના અસત્યની સામે ઝુઝવામાં રહેલી છે. શ્રદ્ધાપરાયણ પ્રજામાં આવું કાર્ય કરનાર અવશ્ય ટીકા પાત્ર બને છે; સારા સાધુઓ પણ આવી પ્રવૃત્તિમાં ધર્મધ્વંસની ભ્રાન્તિ અનુભવે છે; ધર્મ પરાયણ મનુષ્યો આવા કાર્યથી ડરે છે. પણ જો સમગ્ર પરિસ્થિતિની પુનર્ઘટના આપણે ખરેખર માંગતાંજ હોઇએ તો જાત જાતનું સમાર કામ આપણને કર્યાં સિવાય છુટકોજ નથી. દુષિત અવયવનો ઉચ્છેદ કરતાં ડરે તે સર્જન થઇ ન શકે, તેમજ જ્યાં જ્યાં ધર્મ વિરૂદ્ધ, નીતિ વિરૂદ્ધ, વ્યવહાર વિરૂદ્ધ આચરણ દેખાય ત્યાં ત્યાં જેના દિલમાં બળવો ન જાગે તેણે સમાજ ક્રાંતિની વાતો કરવી તે નરી આત્મવંચના તેમજ પરવંચનાજ છે.

પરમાનંદ.

## સમાચાર.

**ખંભાતથી એક ભાઇ લખે છે કે—**

ધર્માદા ખાતાના હિસાબની ચોખવટ સંબંધી લખાણ ગમ્યું. એવીજ જૈન શાળામાં પણ મોટી પોલ સંભળાય છે. જો કે મર્હુમ શેઠ પોપટભાઇએ તેનું ટ્રસ્ટડીડ કરેલ છે જેમાં દર પાંચ વર્ષે હિસાબ પ્રગટ કરવાનું લખેલું પણ છે છતાં આજે વર્ષોના વાણા વાયા છતાં તે તરફ દુર્લક્ષ થતુંજ રહ્યું છે સાંભળવા મુજબ કમિટિના કેટલાક સભ્યોએ રાજીનામા આપ્યા છે. મારી તો યુવક સંઘને સુચના છે કે આવી પોલો ઉઘાડી પાડવા સારૂ ખાસ કાયદાના જાણકાર માણસોની એક કમિટિ નીમી, જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં તેમને મોકલવાની ગોઠવણ કરાય તો, નષ્ટ થઇ જતાં ધર્માદા ખાતાના દ્રવ્યનું રહેજે રક્ષણ થાય ને મીજાજી આગેવાનોની આંખ પણ ખુલે. એમાં કંઇ ઓછી ધર્મ સેવા નથી.

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને—**

જે સભ્યો આવતી ચુંટણીમાં—કાર્યવાહક સમિતિમાં ચુંટાવા ઇચ્છતા હોય, તેમને સેક્રેટરીઓ પાસેથી ‘નોમીનેશન પેપર’ મંગાવી લઇ, ભરી મોકલવા વિનંતી છે.

# શ્રી સંઘપતિ તથા આણંદજી કલ્યાણજીની પેઢીની કમીટીના સભ્યો જોગ.

આપ શ્રીમાન અને ધીમાન છો અને આપને સમાજે આગેવાન તરીકે માન્યા છે. અને આજે પણ તે આપને તે રીતે માને છે. જૈન સમાજ આજે કયે માર્ગે ઘસડાઇ રહ્યો છે તે આપથી અજાણ્યું નથી; પરંતુ સંક્ષેપમાં વસ્તુ સ્થિતિનું નિવેદન રજુ કરી જરૂરી પગલાં લઇ સમાજનું હિત થાય તે અર્થે પ્રમાણીક પ્રયત્ન કરવાની સુચના કરવાની અમે આજે ધૃષ્ટતા કરીએ છીએ. આપ તે પર યોગ્ય વિચાર કરી જેમ યોગ્ય લાગે તેમ કરશો એવી અમારી વિનંતિ છે.

"દ્રવ્ય અને ભાવ" એ બે પ્રકારના ચારિત્રથી સંપન્ન એવા સાધુ વંદનીય છે. ( આ. નિ. ગા. ૧૧૦૬ ) જે દ્રવ્ય અથવા ભાવ એ બેમાંના કોઇપણ એકથી રહિત હોય તે અવંદ્ય છે. ( આ. નિ. ગા. ૧૧૪૮ ) અવંદ્યને વંદન કરવાથી કર્મની નિર્જરા પણ થતી નથી તેમજ કીર્તી પણ મળતી નથી; પરંતુ તેથી ઉલટું અસંયમ આદિ દોષોના અનુમોદન દ્વારા તેવડે કર્મ બંધજ થાય છે. ( આ. નિ. ગા. ૧૧૦૮ ) અવંદ્યને વંદન કરવાથી વંદન કરનારનેજ માત્ર દોષ લાગે છે એમ પણ નથી; પરંતુ ગુણી પુરૂષો દ્વારા થતા વંદનથી અસંયમની વૃદ્ધિના પરિણામે અવંદ્ય આત્માનો અધઃપાત થાય છે. ( આ. નિ. ગા. ૧૧૧૦ )

આમ શાસ્ત્ર તો સ્પષ્ટ રીતે કહે છે કે માત્ર દ્રવ્ય અર્થાત સાધુનો વેશ વંદન કરવા માટે નથી; પરંતુ ભાવ અર્થાત પાંચ મૂળ મહાવ્રતનું સાચું પાલન, કષાય આદિનો ત્યાગ અને ખટપટ આદિનો અભાવ તેમજ સમયનો સદુપયોગ આદિ ગુણો પણ તે સાથે હોવાની આવશ્યકતા છે. આવા દ્રવ્ય અને ભાવ એ બન્ને ગુણયુક્ત હોય એવો સાધુ વંદનીય છે.

આપ જાણતા તો હશોજ કે એક વખત એવો હતો કે જ્યારે સમસ્ત હિંદમાં જૈન સાધુઓના ચારિત્રની ઉત્કૃષ્ટ છાપ હતી અને પરિણામે સ્થાનિક જૈનો સર્વ સાધુઓને ભેદ ભાવ વિનાજ ગુરૂ તરીકે નિઃસંકોચ ભાવે માન આપતા, તેમની સગવડ સાચવતા અને પોતાને તે દ્વારા સાર્થક થયેલા માનતા. અમદાવાદમાં લગભગ આઠેક વર્ષપર 'વીર શાસન' પત્ર નીકળ્યું અને ત્રણ વર્ષ પર યંગ મેન્સ જૈન સોસાયટી, નામની સંસ્થા નીકળી. આ બન્ને સંસ્થાના કાર્યમાં સાધુઓનો હાથ હોવાનું સ્પષ્ટ દેખાય છે, આજે આ બે સંસ્થાઓ અને તેના કાર્યવાહકો પોતે માનેલા સાધુઓનેજ માત્ર 'સાધુ' માનવા અને તેવા માનેલા સાધુજ માત્ર ધર્મનું સત્ય કથન કરે છે એમ મનાવવા સર્વોત્તમ પ્રયત્નો કરી રહ્યા છે. તેઓ બાકીના સાધુઓ અને તે સાધુઓને પણ પૂજ્ય માનનાર વ્યક્તિઓને 'નાસ્તિક, અધર્મી, દુર્લભબોધી' આદિ વિશેષણોદ્વારા છુટથી નવાજી પણ રહ્યા છે તેમને 'સારા તે મારા' એમ માનવું નથી; પરંતુ 'મારા તે સારા' એમ માનવું અને મનાવવું છે.

મુંબઇ જૈન યુવક સંઘ પાસે પાકા પુરાવા પડેલા છે કે જેના પરિણામે તેઓ મુનિ શ્રી રામવિજયજીના ચારિત્ર સંબંધમાં તપાસ ચલાવવાનું શરૂ કરે છે તેમના ચારિત્રના દોષો સંબંધમાં છાપામાં પણ લખાણ આવેલા છે; તેની અસત્યતા પુરવાર કરી પોતાના ચારિત્રની શુદ્ધિની ખાત્રી જનતાને કરી આપવાની તેઓ હજી ફરજ સમજ્યા નથી. આ સ્થિતિમાં તેઓએ પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ કે જેમની ચારિત્ર શુદ્ધિ સુવિખ્યાત છે, જેના સંબંધમાં હજી સુધી કોઇ આક્ષેપ પણ મુકાયો નથી તેમના ચારિત્રની તપાસ કરવા અમદાવાદની યંગમેન્સ જૈન સોસાયટીએ એક સમીતિ નીમી છે. આમ જે ઝગડો આજ સુધી મુંબઇનો ગણાતો હતો તેને તે સંસ્થાએ અમદાવાદમાં લાવી મુકયો છે. અમે માનીએ છીએ કે જે સાચો છે તેને આવા આક્ષેપોનો જરાપણ ડર ન હોય, તે તો પોતાના ચારિત્રની શુદ્ધિની ખાત્રી કરી આપવા તૈયારજ હોય. માત્ર જેને ખટપટ, ચારિત્રની મલિનતા આદિ દોષો લાગેલા હોય તેજ આવા પ્રસંગે ડરે.

આમ છતાં પણ અમે આપને તેમજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને પુછવા માંગીએ છીએ કે આ રીતે વ્યક્તિગત સંસ્થાઓ સાધુઓની તપાસ માટે સમિતિઓ નીમે એ ઇષ્ટ છે, કે હિંદનો સમસ્ત સંઘ આ બાબતમાં સમિતિ નીમી તે માટે યોગ્ય ન્યાય આપે એ ઇષ્ટ છે?

આજે સાધુઓની સંસ્થા પોતાનું સંમેલન ભરી સંસ્થાની શુદ્ધિ અને તેનો વિકાસ કરવા તૈયાર નથી; આગેવાન વિનાના પંખિઓ સુભટની વાતો તેઓ દર વર્ષે આપણને કરી રહ્યા છે, છતાં તેમનામાં એક પણ આગેવાન કરવાની અને તેને અનુસરવાની જરાપણ વૃત્તિ નથી. કેટલાક સાધુઓ તો શ્રાવકોના અન્ન પાનનો ઉપયોગ કરી સમાજના હિતને કચરી રહ્યા છે, અને સમાજમાં ખટપટ ઝેર, પક્ષાપક્ષી આદિ કેમ વધારાય અને પોતાની સત્તા કેમ કાયમની બનાવાય તેના પ્રયત્નો કરી રહ્યા છે. કેટલાક તો 'સંઘ કોણ છે? સંઘની શી સત્તાજ છે?' આમ બોલી શ્રી સંઘનું પણ અપમાન કરી રહ્યા છે. કેટલાક સાધુઓના બ્રહ્મચર્ય પાલનમાં સ્ખલના છે, એવા પ્રકારનો બહાર પડવા છતાં તે સામે પગલાં લઇ પોતાની શુદ્ધિની ખાત્રી કરી આપવા જેટલી પણ પોતાની તાકાત ધરાવતા નથી.

'જેવા શ્રાવક એવા સાધુ' એમ પણ કેટલાક કહે છે. આ સૂત્ર માનવા જેવુંજ નથી; કારણ સ્પષ્ટ છે. આપણે તો જન્મે કરીનેજ જૈન છીએ; પરંતુ જેઓ સમજીને શ્રાવકના બાર વ્રત લ્યે છે અથવા તો સાધુનાં પંચ મહાવ્રત લ્યે છે તેઓ તો તે સ્વેચ્છાએ સમજીનેજ લ્યે છે, તેઓ વિશિષ્ટ ધર્મી છે; તેથી તેવાઓમાં જેવી શિષ્ટતા-બારવ્રતના શુદ્ધ પાલનની કે પંચ મહાવ્રતના શુદ્ધ પાલનની હોવી જોઇએ વળી સાધુઓ તો સમાજના ઉપદેશક છે તેમનામાં તો કોઇપણ મૂળ વ્રતનું ખંડન ચલાવી લેવું સમાજને હરગિજ પણ ન પાલવે.

આજે આંતરિક ગુણોમાં જે ધર્મ સમાયો છે તેને દૂર મુકી માત્ર બાહ્ય ક્રીયામાંજ ધર્મ સમાયો છે એવી માન્યતાઓ ઉભી કરી મુકવામાં આવી છે. વિચાર ભિન્નતા પહેલાંના કાળમાં પણ હતી; પરંતુ તેમ છતાં વેર-ઝેર તેમાં ભળતા ન હતા. આજે તો વિચાર ભેદ મત ભેદને માટે શિક્ષાઓ કરવાનો અને ચારિત્રની મલીનતાને ચલાવી લેવાનો પવન ચાલી રહ્યો છે.

સાધુઓને અદત્તાદાન નામનું વ્રત હોવા છતાં કેટલાક વર્ષોથી અણિવારમાં સગીરપણ જેવા બાળકને માબાપની રજા વિના, કોઇવાર પૈસા આપીને, કોઇવાર ફેંસું પતાવીને, કોઇવાર ભગાડીને, કોઇવાર સંતાડીને દીક્ષા આપવાનો ચાલુ ચાલી રહ્યો છે. શાસ્ત્ર આ બાબતમાં શું કહે છે તે વિચારણીય તો છેજ. ભગવાન્ મહાવીરે દીક્ષા લેનાર માટે યોગ્યતાના નિયમો ઘડ્યા છે કે નહિ? ઘડ્યા હોય તો ક્યારથી? ક્યા કારણે અને કોણે તે ઘડ્યા? દીક્ષાના સંબંધમાં યોગ્ય અયોગ્ય એવા પ્રશ્ન હોઇ શકે કે નહિ? તેવા નિયમો ક્યા કાળમાં, કઇ વસ્તુ સ્થિતિમાં અને ક્યા ધોરણે ઘડાયા? તેમાં પછી કાંઇ ફેરફાર થયો છે કે નહિ? આજે તેમાં ફેરફાર કરી શકાય કે નહિ? કરી શકાય તો તે કોણ કરે? આ બધા પ્રશ્નો આજે આપણી સામેજ ઉભા છે. દેવ દ્રવ્ય સંબંધની ચર્ચા પણ અણઉકેલા-યેલી આપણી સમક્ષ પડેલીજ છે.

ધર્મ એ આંતરિક વસ્તુ છે, તેની વિશિષ્ટતા ખાતર રજા વિના દીક્ષા ન આપી શકાય એ ધોરણ સ્વીકારાયેલું છે. ગણધર શ્રી ગૌતમે અને શ્રી સુધર્માએ પોતાની પાસે દીક્ષા માટે આવેલ વ્યક્તિઓને રજા લેવા માટે ભગવાન મહાવીરના સમયમાં પાછા મોકલેલા દૃષ્ટાંતો પણ છે. આચાર્યવર્ય હરિભદ્ર સૂરિજીએ તો રજા વિનાની દીક્ષાને 'શિષ્ય ચોરી' એ નામે પોતાની આચારાંગ વૃત્તિમાં ઉલ્લેખ પણ કર્યો છે, શ્રીમદ્ ચિરંતન મુનિકૃત પંચસૂત્ર અને પૂર્વાચાર્ય કૃત પંચકલ્પ ભાષ્ય અને ચૂર્ણિ પણ આજ રીતે ઉપદેશ કરે છે. તે સામે અપવાદરૂપે માત્ર ચરિતાનુવાદ છે; પરંતુ તે આચરણીય નજ હોય. વિધિવાદ માત્ર જ આચરણીય છે. અને દરેક બાબતમાં પક્ષાપક્ષી તો છેજ, અને તે ઇષ્ટ પણ છે. મતભેદ અને વિચારભેદ સત્ય શોધન માટે ઇષ્ટ વસ્તુ છે, પરંતુ સમાજમાંની એક સંસ્થા અને એક પત્ર એમ પ્રતિપાદન કરે છે કે અમારા સાધુ કહે તેજ માત્ર સત્ય; બીજા કહે તે અસત્ય. આમ ઝેર રેડવાનું જે કાર્ય સમાજમાં થઇ રહ્યું છે તે ઉપેક્ષણીય નથી.

આઘાતના પ્રત્યાઘાત નિયમે તે સામે આજે ઠેર ઠેર જૈનયુવકસંઘો અને યુવકસંઘોની સ્થાપના થવા માંડી છે, તે આજે આવા પ્રશ્નોપર પોતાના જ્ઞાનઅનુસાર આ પ્રવૃત્તિઓનો વિરોધ પણ કરે છે. તેમની માન્યતા છે કે રીત રિવાજોમાં સમયાનુકૂળ ફેરફાર થતા રહ્યા છે અને થવાનાજ માટે તે પોતાની ઢબે આવું વાતાવરણ તૈયાર કરે છે.

અમારે કહેવું જોઇએ કે આપણા આગેવાનોમાં રચનાત્મક શક્તિ છે. વ્યવસ્થા શક્તિ પણ છે. તેમાંના કેટલાક મીલોની સ્થાપના અને તેનો વહીવટ કરી શકે છે. કેટલાક ધારા સભામાં બેસી દેશહિતના પ્રશ્નોનો ઉકેલ પણ કરી શકે છે. કેટલાક રાષ્ટ્રીય હિલચાલમાં પોતાનો ફાળો પણ આપી શકે છે. કોઇક તો આંતર રાષ્ટ્રીય મજુર પરિષદમાં બેસી વિશ્વના મજુર હિતના પ્રશ્નો વિચારીને ઉકેલી શકે છે. આમ શક્તિ હોવા છતાં તેઓ માત્ર વ્યક્તિગત ખીલવણી તો કરી રહ્યાજ છે; પરંતુ અમારી તેમને વિનંતી છે કે પોતાની શક્તિ સમાજના હિત માટે, તેના સંગઠન માટે, તેની વ્યવસ્થા માટે તેઓ વાપરવાનું મન ઉપર લે તો સમાજની છિન્ન ભિન્નતા અટકે, તેની હાંસી થતી અટકે, તેને જે નીચું જોવું પડે છે તે પણ અટકે.

આજે સમાજ ભયંકર વાવાઝોડામાં સપડાઇ છે; તે વાવાઝોડાનો ભોગ ન બની જાય અને તેમાંથી બચી જાય તે માટે તેને સાચે માર્ગે દોરવવી એ નાયકોની આજે સ્પષ્ટ ફરજ છે.

આ સ્થિતિમાં સ્થાનિક સંઘને તેમજ સમસ્ત હિંદના સંઘને વ્યવસ્થિત ધોરણપર મુકવા અને તેના બંધારણોની સ્થિતિચુસ્તતા દૂર કરી તેમાં વ્યવહારૂતા અને સફળતા આવે તેવું રચનાત્મક કાર્ય કરવાની અને તે જે નિયમો ઘડે તેનું વ્યવસ્થિત પાલન કરી શકે તે માટે સમયાનુકુળ તંત્ર રચવું જોઇએ એવી અમારી માન્યતા છે.

અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અથવા તો સકળ હિંદના સંઘપતિ સકળ હિંદના સંઘને નિમંત્રી તેમાં દરેક ગામના, દરેક પક્ષના, દરેક સંસ્થાના પ્રતિનિધિઓને બોલાવી જે જે પ્રશ્નો છે તે તે પ્રશ્નોના દરેક પક્ષ પ્રતિપક્ષને વ્યવસ્થિત પ્રમાણોથી જે કહેવાનું હોય તે સાંભળી ત્રાહિત વિદ્વાન વ્યક્તિઓ દ્વારા તે પ્રમાણોનો ભાવ અને અર્થ સમજી લઇ પછી દરેક ગામના દરેક પક્ષના, દરેક સંસ્થાના, પ્રતિનિધિઓને પણ સાંભળી અણઉકેલાયેલા પ્રશ્નો ઉકેલવા એ તેમની ફરજ છે. તોફાન કરનાર ટોળી કે વ્યક્તિને માટે તેની બોલવાની સ્વતંત્રતા ખુંચવી લઇ તેને પોલીસને સ્વાધીન કરવાની પણ તૈયારી રાખવીજ પડશે.

આમ કરવામાં કોમનું, સમાજનું હિત છે. સમાજને છિન્ન ભિન્ન થવા દેવા એ આપઘાત છે. તેને વ્યવસ્થિત કરવો એ આગેવાનોની ફરજ છે. આવા પ્રમાણિક પ્રયત્ન કરવા છતાંય પણ કાંઇ પરિણામ કદાચ ન આવે તો પછી દરેક પક્ષને પોતાનું બળ અજમાવી લેવા છુટા મુકવા એ ઇષ્ટ છે. આવા એકાદ પણ પ્રયત્ન કર્યા વિના છિન્ન ભિન્નતા વધવા દેવી, વેરઝેર વધવા દેવા એમાં સમાજની અને આગેવાનોની કાર્ય નિષ્ફળતાનો પ્રમાદ ગણાશે. ભાવિ પ્રજા તે માટે અત્યારના સમાજ અને આગેવાનોને જરૂર શાપ આપશે.

અમે આશા રાખીયે છીએ કે આપ આપની ફરજ બજાવવામાં પાછા તો નહિજ પડો, અને સમાજને વ્યવસ્થિત રાખવાના પ્રામાણિક પ્રયત્ન કરવા તૈયાર થશોજ.

આ પત્રમાં સમાજના હિતની દૃષ્ટિએ દરેક વાત વિચાર પૂર્વક લખી છે, છતાં મતિદોષ યા પ્રમાદથી કાંઇ અવિનય થયો જણાય તો તે માટે અમે ક્ષમા યાચીએ છીએ. તેમ છતાં પણ અમે સુજ્ઞો આપને સાફ સાફ જણાવી પણ લઇએ છીએ કે આગેવાનો બનાવ્યા બને છે, તેઓ કર્તવ્ય ભ્રષ્ટ થાય ત્યારે સમાજ તેમને ફેંકી પણ દઇ શકે છે અને નવા આગેવાનો બનાવી પણ શકે છે એ સૂત્રને આપ રખે ભુલતા,

લી૦ સેવકો,

**સારાભાઇ દલાલ.**

**ચીમનલાલ દ. શાહ.**

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘની જનરલ સભા.

માંગરોળ જૈન સભાના હોલમાં, તા. ૨૨-૧૦-૨૯ મંગળવાર રાત્રીના રા. ડોકોરભાઇ પી. શાહના પ્રમુખ પણા હેઠળ મળી હતી જે વખતે પત્રિકાના ગયા અંકમાં દર્શાવેલી સુચનાઓ પાસ કરવામાં આવી હતી તેમજ સંઘની કાર્યવાહી સંબંધી વિવેચન પણ થયું હતું.

# 'પ્રવચન'કારની માયાજાળ!

પ્રવચન પા. ૧૫૪ પર 'વિજયહીરસૂરિ અને સુબાઓ' એ મથાળા નીચે મુનિશ્રી લખે છે કે "સંયમ વેચીને, મહાવ્રત વેચીને, શ્રીજિનેશ્વરની આજ્ઞા વેચીને ઉપકાર કોણ કરે?" આ કટાક્ષથી તેમના મતે જે સાધુઓ શ્રાવક ક્ષેત્ર ઉન્નત બને અને જિન શાસન ચિરકાળ જયવંતુ રહે એવી પરમાર્થીક ભાવનાથી દેશ કાલાનુસાર, ધર્મ દેશનાની સાથેજ દિશાસુચક ઇશારો માત્ર કરે છે તે બધા સંયમ વેચનારા છે. આમાં મુનિશ્રીનો સ્વજાત માટેનો હદ ઉપરાંતનો ગર્વ જણાઇ આવે છે. 'ડાહી સાસરે જાય નહી ને ગાંડીને શિખામણ દે' જેવો ન્યાય છે. પોતે ધર્મના નામે પ્રેસો ચલાવ્યે રાખે છે, છાપાના પ્રુફો જોવામાં કાળ વ્યતીત કરે છે, જ્ઞાન ખાતાના નામે રકમ મેળવી છાપખાનામાં ખરચે છે અને જાતે લેખ લખી ભગતના નામે બહાર મૂકે છે અને દિક્ષાને નામે જે ન્હાસભાગો ચાલે છે તેમાં વ્રતધારી શ્રાવકને પણ ન છાજે, તે કરતાં પણ આગળ વધી જાય તેવો ભાગ ભજવે છે છતાં 'સંયમના સાચા રક્ષક' ની ડીંગ મારતાં જરાપણ શરમાતાં નથી! એનું નામ આત્માર્થીપણું હશે? મુનિશ્રી, જે સાધુ મહારાજાઓથી 'ધર્મ'-તમો દેખાડી રહ્યા છો, અને આડંબર કરી રહ્યા છો તેવા ધર્મ-સિવાય કંઇ ઇતર બોલી કે લખી ન શકાય, તેમજ હોત તો આજે જે સંખ્યાબંધ-ચરિત્રો-કથાનકો-રાસાઓ નાટક ચંપુ અને કાવ્યો આદિ વિપુલ સાહિત્ય દ્રષ્ટિ ગોચર થાય છે તેની જરૂર પણ શી હોઇ શકત? 'અરે 'વિવેકવિલાસ'-'શ્રાદ્ધવિધિ'-'અર્હ-ન્નિતિ' જેવા ગ્રંથોની રચનાજ વિદ્વાનો શું કરવા કરત? તમારા મતે એ રચનારા જેઓ ઉત્તમ કોટિના મહાત્માઓ છે; તેઓ '**સંયમને વેચનારા**' જ ગણાયને? તમો શું છાતી ઠોકી કહી શકશો કે ઉક્ત ગ્રંથોમાં કેવળ 'ધર્મ' નીજ વાત છે? શ્રોતાની યોગ્યતા કે અયોગ્યતા, પાત્રતા કે અપાત્રતા જેયા વગર જ્યાં ત્યાં 'ત્યાગ ધર્મ' ની લાંબી ચોડી વાતો કરીએ, પવિત્ર વસ્તુને મશ્કરીનો વિષય બનાવનારા ઓ **વીસમીસદીના** પૂર્ણ '! નાની મહાત્મા સાચા હો તો હિંમત પૂર્વક કહી જ્યો. કે વ્યાખ્યાન પીઠ સિવાયના સારાયે સમયમાં તમો એ 'ત્યાગ-ધર્મ' ના ચિંતનમાંજ રત રહો છો? બીજી કોઇ 'ખણ-ખોદણી' માં રંચ માત્ર ભાગ લેતા નથી? બાકી અંગત સ્વાર્થની વૃત્તિ વગરનો એકાંત કલ્યાણની ભાવનાથી અપાયેલો, ઉપદેશ સાધુત્વને કંઇપણ ક્ષતિ પહોંચાડતો નથીજ.

જો ડગલે ને પગલે પરોપકારની વાતથી તમો કહો છો તેમ સાધુપણું નષ્ટ થઇ જતું હોય તો રાસામાં દુન્યવી પદાર્થોના મનોહર વર્ણનો, શ્રૃંગાર રસ ભર્યાં વર્ણનો કે નાયક-નાયિકાના ભોગોના વર્ણન વિગેરેની જમાવટ કરનાર દરેક સાધુ ભાગ્યેજ એમાંથી મુક્ત રહે. તેઓએ તમારી માફક નરી ત્યાગનીજ વાતો કરવી જોઇતી હતી. એ હિસાબે તો મહારાજ સાહેબ તમારૂં ડહાપણુ વધુ જણાય છે! છતાં નિતિકાર કહે છે કે '**परोपकारः पुण्याय पापाय परपीडनम्।**' એ સુત્રના આધારે જોતાં તે મહાત્માઓની આચરણા અંશ માત્ર દોષિત નથી, માત્ર તમારી દ્રષ્ટિ કમલાના રોગી જેવી સમજાય છે. સાધુત્વ અને શુદ્ધત્વનો આધાર દેખાવ નહિં પણ ભાવના પર છે. 'વરસાદ ન આવવામાં સરિજી પર વેરંટ છુટયું' અને તેઓ ભોંયરામાં રહ્યા' એ વાતને આગળ ધરી તમો આવા-રવી તમારી નાસભાગની પ્રવૃત્તિને પુષ્ટી દેવા માંગો છો; પણ મુનિશ્રી! જ્યાં ઉભય વસ્તુઓજ વિલક્ષણ છે ત્યાં સરખામણી ક્યાંથી સંભવે? કોઇની દોરવણીથી સુબાનો જહાંગીરી હુકમ છુટયો, એવા સમયમાં અગમબુદ્ધિ શ્રાવકોને એમ કરવાની જરૂર પડી હોય તેથી આજે તમો છડે ચોક છોકરાઓને માબાપથી છુપી રીતે ભગાડો અને તેવા કારણથી ઉપાશ્રયોપર તાળાં દેવાય ને પોલીસ પહેરા રાખવા પડે એ વાતનો બચાવ ન થઇ શકે. વિધર્મી સુબાનો વિરોધ એક જુદી વસ્તુ છે, જ્યારે સમાન ધર્મી શ્રાવકોનો વિરોધ એક જુદી ચીજ છે. પહેલામાં શાસનની રક્ષાનો હેતુ મુખ્ય છે, જ્યારે પાછલામાં શાસનની હેલના સમાયેલી છે. સમજુની સામે સત્તાનું ઉદાહરણ ધરવું તે ગીતાને બદલે વેદ લાવવા સમાન છે, હૃદયમાં કોતરી રાખજો કે પૂર્વ પુરૂષોના દાખલાને મારી મચડીને પણ તમો તમારી આદરેલી, શાસન-સમાજને છિન્ન ભિન્ન કરનારી, પ્રવૃત્તિનો બચાવ નથી કરી શકવાના અપવાદનું સેવન ક્વચિત હોય. વારંવાર ન ઘટે પા. ૧૫૬ પર 'સ્યાદ્વાદ કે ફુદડી વાદ'! આવું વિચિત્ર મથાળું બાંધી તમો શું સિદ્ધ કરવા ઇચ્છો છો? ચંદનબાળા ને મૃગાવતીના દ્રષ્ટાંતમાં સ્યાદ્વાદને કેવીરીતે સંડોવો છો તે જરા સમજાવશો? 'જ્ઞાની, વિરાગી, મરજી મુજબ આનંદપૂર્વક ખાય, પીયે, સ્ત્રી સાથે હરે ફરે, અને જૈન શાસનમાં રહી શકે' એ વાકયો તમારો ફળદ્રુપ ભેજા સિવાય કોના હોઇ શકે? સ્યાદ્વાદનો જાણકાર કોઇ એવો બચાવ કરતો નથી સાંભળ્યો. છતાં તમો તો અકળાઇ 'એવા સ્યાદ્વાદીનો સંસર્ગ ભવે ભવે ન મળજો એવું નિયાણું કરજો! એ નિયાણામાંય કલ્યાણ સમાએલું છે,' ઇત્યાદિ કહી નાંખો છો. કયા જ્ઞાન પ્રભાવે આમ છેલ્લે પાટલે બેસવાની સલાહ દઇ રહ્યા છો? શાસ્ત્રમાં નિયાણું-સારૂં કે માઠું-કરવાની મના કરેલી છે છતાં તમો હા પાડો છો એમાં શું સમજવું?

ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી કહે છે કે 'રાગ ધરી જે જિહાં ગુણ લહીએ' ત્યારે તમો 'ગુણાનુરાગ એટલે'?-એવું મથાળુ બાંધી વેશ્યાની સુંદરતાનું દ્રષ્ટાન્ત આપી મનને વિકળ બનાવવા યત્ન સેવો છો. મૃગ મળીને કાળને વગાવવા જાવ છો.

# રામવિજય અને ઘટીયંત્ર.

(લેખકઃ-મહારાષ્ટ્રીય જૈન.)

વાલુકાનું ઘટિયંત્ર સહુ કોઇ જાણે છે. વિશેષે કરી સ્ત્રીઓ સમાયક કરતી વખતે તેનો ઉપયોગ કરે છે, તેમાં એક ગોલકામાંથી વાલુકા ધીમે ધીમે બીજા ગોલકામાં સરી જાય છે, તેમજ રામટોળીના સમુદાયમાંથી ધીમે ધીમે ધર્મીજીવો દુર્લભ બોધી (?) ની પંકતીમાં આવી બેસવાના એ ક્રમ પ્રાપ્ત અનિવાર્ય છે, એમાં કોઇની કાંઇ ખટપટ ચાલી શકવાનો સંભવ નથી.

કેળવણીનો પ્રસાર જેમ જેમ થશે તેમ તેમ વિચાર સ્વાતંત્ર તરફ લોકો જવાના. એમાં કોઇથી ના પાડી શકાશે નહિ. રામવિજયની ગમે તેટલી ધૃણા છતાં અર્વાચીન સ્વતંત્ર કેળવણીનો, ઇચ્છાએ કે અનિચ્છાએ, જાણે અજાણે કે અજાણે કાલચક્રના સપાટામાં પ્રસારતો થવાનોજ-આજના ઘણા ખરા ધર્મીજીવોના આવતા વંશજો, નવી કેળવણીથી વાસીત થાય નહી તે માટે રામવિજયજી એ કાંઇ છુમંતર કરવા, બાકી તે

વિના તેઓ નવયુગના સલામરો થવાના, અને હાડકાના માળામાં જઈ બેસવાના એમાં શંકા જેવું કાંઈ નથી.

હાલમાં પણ જેટલા હાજી હા કરનારા જણાય છે તેમાંના ઘણા ખરા તો 'દેખા દેખી શીખલીયા જોગ' ની પંક્તીમાંજ હોવા જોઈએ, એમાં શંકા નથી. અમો આસ્તીક છીએ અને બીજા નાસ્તીક છે, એમ મોટેથી બરાડા પાડતા ભલે રહો પણ તેથી કોઈ સુવિચારી માણસ ઠગાઈ જવાનો સંભવ નથી. કારણ કે પોતે જ્ઞાનપૂર્વક જે વિચાર કર્યો હોય છે તે તો કાયમ ટકવાનોજ. પારકાના મગજથી કામ કરનારા ભલે થોડા વખત માટે ભોળવાઈ જાય તેમાં નવાઈ જેવું કાંઈ નથી. ભલે રામવિજયો કે સાગરાનંદો લોકોને અંગારા કહે, હાડકાના માળા કહે. નાસ્તીક કહે કે હુલ્લડખોરો કહે, આ તેમના કુવચનની અસર તો ભોળા અને જ્ઞાન લવ દુર્વિદગ્ધ લોકો ઉપરજ થવાની બીજાને એમાં કાંઈપણ લાગે વળગે તેમ નથી.

નવયુગની અસર અટકાવવાનો પ્રયત્ન કરવો એટલે સૂર્યનો ઉદય થતો અટકાવવાનો પ્રયત્ન કરવા બરાબર છે. અંધારા ઓરડામાં પોતે પોતાને બંધ કરી લેઈ દીવસ ઉગવાનોજ નથી એવી ભ્રમજાળ પોતાની આસપાસ પસારવા સરખું છે. સ્વતંત્રતાના વિચારને ગુંગળાવી નાખવાના ભગભગાના પ્રયત્નો થયા પણ છેવટે તેમને હાથ ઘસતા રહેવું પડ્યું છે. મોક્ષનો કે સ્વર્ગનો પાસપોર્ટ અટકાવવાની કોઈમાં તાકાત નથી. અમો કહીએ તેજ શ્રાવક અને અમો કહીએ તેજ શાસ્ત્રનો અર્થ માનવાના દીવસો વહી ગયા છે. હવે નવયુગનો સૂર્યોદય થઈ ચુક્યો છે. યુવક વર્ગ જાગૃત થયો છે, હવે ધમકીઓ કે પ્રલોભનોનો કાંઈ ઉપયોગ થવાનો નથી. ધીમે ધીમે રામવિજયની એકહથ્થી માનનારો વર્ગ ઓછો થતો જવાનોજ. અને જ્યાં સત્ય, સાધુત્વ કે નિરપેક્ષત્વ હશે, ત્યાંજ લોકો ઝુકી પડવાના. હવે વ્યક્તીને કે વેષને મહત્વ રહેવું અશક્ય છે. હવે તો ગુણુનાજ લોકો રાગી રેહવાના. જે અંગારાની સાગરજીને બીક લાગે છે અને જે અંગારાની મનમાનતી નીંદા કરે છે, તે અંગારા તેજસ્વી છે, કર્તવ્યપરાયણ ઉભા છે, અને જીવમાન છે એ ધ્યાનમાં રાખવાનું છે. એ અંગારા સાથે ખેલ કરશો તો સાગરજી હવે દાઝી જશો, એ ધ્યાનમાં રાખશો. તમો કદાચ બારમી સદીમાં જીવતા હો પણ બહાર તો વીસમી સદી ચાલી છે. એ જરા આંખ ઉઘાડીને જુવો. અપાસરામાં બેસી હાજી હા ભણનારાજ ખરેખર હાડકાના હોવા શક્ય છે. કારણ કે તે અંગારા નથી. દુનિયામાં જ્યારે જૈન સમાજ વધારવાની લોકો કલ્પના કરે છે ત્યારે તમો એક સાધુ અને એક શ્રાવકની ધુન લગાડો. જો તમોને દુનિયાનું યત્કિંચિત ભાન હોત તો તમો આવી હડહડતી બેસળી લઈ બેઠા ન હોત. જેને આપણા સંઘની નાડી તપાસવાનું સામર્થ્ય ન હોય તે આચાર્ય પદ માટે કેટલો લાયક છે એ સહુ કોઈ સમજી શકે તેમ છે. પોતાને મનગમતી અને પોતાની પીપુડી વગાડતી યંગમેન્સ સોસાયટીઓ ઈંગ્લીશ નામ ધરાવી કાઢવાની યુક્તિ ખરેખર અપૂર્વ તો ખરીજ. પણ તે પીપુડી વાગે તેમ જણાતી નથી. કારણ તે સોસાયટીમાં શું માલ છે તે બધા સમજી ગયા છે. હવે તો આ નામધારી સાધુઓમાં કાંઈ ખરેખર ધર્મની ચીંતા હોય, ભગવાનનું શાસન ટકાવું એમ લાગતુ હોય તો તેમણે તરતજ જમાનાને શરણુ થવું જોઈએ. એ શીવાય બીજો માર્ગ નથી. હવે ચલાવે જાવો ના દહાડા વહી ગયા છે એ પુરતું ધ્યાનમાં રાખવું.

# વાતાવરણ.

**જામનગરનો પત્ર:—**

અત્રે જામનગરમાં જૈન સંઘમાં શ્રીમદ્ સાગરાનંદજીની અને જૈન સોસાયટીની હસ્તીથી જે કુસંપનું વાતાવરણ જામી રહ્યું છે, તે કેઈ પણ ઉપાયે વીખરાઈ જાય. એવા શુભ હેતુથી મુંબઈમાં વસતા કેટલાક ઓસવાળ આગેવાનો તરફથી ઓળીના પારણાના નિમિત્તે નોકારશી જમાડવાનો પ્રબંધ કરવામાં આવ્યો, એ પ્રબંધની રૂએ મુંબઈથી ૧૧ ઓસવાળ ભાઈઓ ખાસ જામનગર આવ્યા હતા. અને આસો વદ ૧ ને શનીવારને રોજ શેઠ જેઠાભાઈ કુરાભચંદ, શેઠ લાલજી હરજી, શેઠ ગલાલચંદ ખીમજી, શેઠ નથુભાઈ ખીમજી, અને શેઠ જેઠાભાઈ ગોવીંદજીના સંયુક્ત નામથી નોકારશીનાં નોતરાં દેવાયા, અને માત્ર યંગ મેન્સ સોસાયટીના સભ્યો અને તેના કુટુંબના લગભગ ૨૫૦ માણુસો સિવાય સમસ્ત સંઘે (સ્થાનકવાસી સહિત) અતિ આનંદ પૂર્વક સ્વામિવાત્સલ્યમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે અતિ ખેદજનક બીના નોંધવાની એ છે કે ઘણી સમજાવટ છતાં સોસાયટીના સભ્યો જમવા આવ્યા નહિ. એટલુંજ નહિ પણ ત્યાં રહેલા સાગરાનંદજીએ તથા સાધ્વીજીઓએ જમવા સંઘમાં ન જવું કારણ કે અધર્મીઓ તરફથી સંઘ છે, એવું સમજાવી ન જવાના કાગળ ઉપર સહીઓ લેવડાવી હતી. અને સાધ્વીજીઓએ તો આંબેલની ઓળીમાં પણ ન જવાના પચખાણ આપ્યાં સંભળાય છે. આમ છતાં સંઘનો જહોળો સમુદાય પોતાનું કાર્ય કર્યે જાય છે.

**રાધનપુરથી એક ભાઈ લખે છે કે—**

રાધનપુરથી એક ભાઈ લખે છે કે-"યુવક પરિષદ હાલના વાતાવરણને અંગે ભરવાની ખાસ આવશ્યકતા છે. તે ઘણે ભાગે અમદાવાદ જેવાં મધ્યસ્થ સ્થળે ભરાય તો તેમાં કાઠીયાવાડ-મારવાડ-ગુજરાત વિગેરેના યુવકો સારી રીતે લાભ લઈ શકશે. તેમાં મુખ્યત્વે કરી, અયોગ્ય દિક્ષા પ્રકરણ, હાનિકારક રિવાજો, બાળ અને વૃદ્ધ લગ્ન, સાર્વજનિક ખાતાઓના હિસાબ તથા સીસ્ટમેટીક વહીવટની રચના, વિજ્ઞાનિક ને ઉદ્યોગિક કેળવણી. સ્ત્રી કેળવણી-મરણ પાછળના જમણવારો અને ચાલુ પ્રથાની જૈનોની સભાવનો પતરો કરવા બાબત ચર્ચા કરી યોગ્ય ઠરાવો કરવા ને તેનો અમલ થાય તેવું કાર્ય ઉપાડવું."

**નોંધ**-આશા છે કે આ સુચના ઉપર અમદાવાદની યુથલીગની જનરલ સભા વિચાર કરશે. આવું કોઈ મધ્યસ્થ સ્થળ તૈયાર નહિં થાય તો પછી અત્રેના યુવક સંઘમાં એ સંબંધી હીલચાલ શરૂ કરવાનો ઇરાદો છે.

## સુચનાઓ.

(૧) આ પત્રિકા કોઈપણ જાતના અંગત લાભ માટે પ્રગટ કરવામાં આવતી નથી. ગ્રાહકોએ પત્રિકાના વાંચનનો ફેલાવો થાય તેવો પ્રયાસ કરવો. મંડળો પાસેથી તો આ બાબતમાં અમે ખાસ આશા રાખીયે છીએ કારણ કે યુવકોના મંડળોના સહકાર ઉપર જ આધાર રાખી અમોએ આ કામ ઉપાડેલું છે.

(૨) પત્રિકા સબંધી સઘળો પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો (જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦ વસીઆમલ બીલ્ડીંગ જકરીઆ મસજીદ. મુંબઈ.)

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઈ, નં. ૨